RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા     નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ પોષ વદ -૧૪     શનિવાર, તા.૧૭-૦૧-૨૦૨૬     અંક : ૧૯ વર્ષ : ૨૧     email :rajkot@aaspassindia.com     કિંમત રૂા. ૨-૫૦     પાના - ૮

# ગ્રીનલેન્ડ મામલે અમેરિકાને સાથ આપો અથવા ઊંચા ટેરિફ માટે તૈયાર રહો

## ગ્રીનલેન્ડ પર નિયંત્રણ મેળવવાની મહત્વાકાંક્ષાનો વિરોધ કરનારા દેશોને આર્થિક પરિણામો ભોગવવાની ડોનાલ્ડ ટ્રમ્પની ખુલ્લી ચેતવણી

વોશિંગ્ટન

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ગ્રીનલેન્ડ પર નિયંત્રણ મેળવવાની તેમની મહત્વાકાંક્ષાનો વિરોધ કરનારા દેશોને આર્થિક પરિણામો ભોગવવાની ખુલ્લી ચેતવણી આપી છે. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે જે દેશો આ યોજનામાં અમેરિકાનો સાથ નહી આપે, તેમના પર ભારે ટેરિફ (આયાત શુલ્ક) લગાવવામાં આવી શકે છે. આ આક્રમક વલણને કારણે અમેરિકા અને તેના યુરોપિયન સહયોગીઓ, ખાસ કરીને ડેનમાર્ક વચ્ચે તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે.

વ્હાઈટ હાઉસમાં એક કાર્યક્રમ દરમિયાન, ટ્રમ્પે કહ્યું, "રાષ્ટ્રીય સુરક્ષા માટે અમને ગ્રીનલેન્ડની જરૂર છે," અને જો કેટલાક દેશો આ મુદ્દે સહકાર નહીં આપે તો તેમના પર ટેરિફ લાદવાની ધમકી આપી. આ પ્રથમ વખત નથી કે જયારે ટ્રમ્પે આર્થિક દબાણનો કૂટનીતિક હથિયાર તરીકે ઉપયોગ કરવાની વાત કરી હોય. આ પહેલા પણ તેમના પ્રશાસને રશિયન તેલ ખરીદનારા અને ઈરાન સાથે વેપાર કરનારા દેશો પર કડક પ્રતિબંધો લાદ્યા છે.આ મુદ્દે અમેરિકા, ડેનમાર્ક અને ગ્રીનલેન્ડના વરિષ્ઠ અધિકારીઓ વચ્ચે વોશિંગ્ટનમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી, જેમાં અમેરિકાના ઉપપ્રમુખ જેડી વેન્સ અને વિદેશ મંત્રી માર્કો રુબિયો પણ સામેલ હતા. બેઠક બાદ ડેનમાર્કના વિદેશ મંત્રી લાર્સ લોકે રાસમુસેને જણાવ્યું કે બંને પક્ષો વચ્ચે "મૂળભૂત અસહમતિ" યથાવત છે. જોકે, મતભેદો છતાં, સંભવિત ઉકેલ શોધવા માટે એક ઉચ્ચ-સ્તરીય કાર્યકારી જૂથની રચના કરવા પર સહમતિ સધાઈ છે. રાસમુસેને સ્પષ્ટ કર્યું કે આ જૂથ અમેરિકાની સુરક્ષા ચિંતાઓને ધ્યાનમાં લેશે, પરંતુ ડેનમાર્કની "રેડ લાઈન્સ" (લક્ષ્મણ રેખા)નું સન્માન કરવું પડશે.આ સમગ્ર ઘટનાક્રમ આર્કટિક ક્ષેત્રમાં વધતી જતી વ્યૂહાત્મક સ્પર્ધાને ઉજાગર કરે છે. ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ નાટોને આ ક્ષેત્રમાં તણાવ રોકવા અને બાહ્ય હસ્તક્ષેપનો સામનો કરવા માટે "સંકલિત હાજરી" વિકસાવવા અપીલ કરી છે. સ્પષ્ટ છે કે ગ્રીનલેન્ડનો મુદ્દો હવે માત્ર અમેરિકા-ડેનમાર્કનો દ્વિપક્ષીય મુદ્દો નથી રહ્યો, પરંતુ તે વૈશ્વિક શક્તિ સંતુલનનો એક મહત્વપૂર્ણ હિસ્સો બની ગયો છે.

અમેરિકાના દબાણ સામે ડેનમાર્ક એકલું નથી. ડેનમાર્કે ગ્રીનલેન્ડમાં પોતાની સૈન્ય હાજરી વધારવાની જાહેરાત કરી છે, અને તેના સમર્થનમાં ફ્રાન્સ, જર્મની, નોર્વે અને સ્વીડન જેવા દેશોએ પણ મર્યાદિત સંખ્યામાં સૈનિકો મોકલવાની જાહેરાત કરી છે. યુનાઈટેડ કિંગડમ અને જર્મનીએ પણ આર્કટિક સુરક્ષા અભ્યાસના ભાગરૂપે સૈનિકોની તૈનાતીની પુષ્ટિ કરી છે. આ પગલાંને ટ્રમ્પની યોજના સામે યુરોપની એકતાના સ્પષ્ટ સંકેત તરીકે જોવામાં આવી રહ્યું છે.

# કચ્છના ખાવડા નજીક મોડી રાત્રે ૪.૧ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

## કચ્છમાં છેલ્લા ૪૮ કલાક દરમિયાન ત્રણ વખત ભૂકંપના આંચકા આવતા લોકોમાં ભય

અમદાવાદ

ગુજરાતના કચ્છ જિલ્લામાં ભૂકંપના આંચકાનો સિલસિલો યથાવત રહ્યો છે. શુક્રવાર અને શનિવારની મધ્યરાત્રિએ ૧:૨૨ વાગ્યે ખાવડા નજીક ૪.૧ની તીવ્રતાનો જોરદાર આંચકો અનુભવાતા લોકો ગાઢ નિંદ્રામાંથી જાગી ગયા હતા અને ભયના માર્યા ઘરની બહાર દોડી આવ્યા હતા. છેલ્લા ૨૪ કલાકમાં કચ્છના અલગ-અલગ વિસ્તારોમાં આ ત્રીજો આંચકો નોંધાયો છે.

ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ ગાંધીનગરના જણાવ્યા અનુસાર, શુક્રવારે મોડી રાત્રે ૧:૨૨ કલાકે ૪.૧ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ કચ્છના ખાવડાથી ૫૫ કિલોમીટર ઉત્તર-ઉત્તરપૂર્વ દિશામાં જમીનથી ૧૧.૬ કિલોમીટરની ઊંડાઈએ હતું. ભૂકંપની તીવ્રતા વધુ હોવાના કારણે ખાવડા તેમજ આસપાસના મોટા વિસ્તારમાં તેના જોરદાર કંપન અનુભવાયા હતા. જોકે, સદનસીબે હજુ સુધી કોઈ જાનહાનિ કે મોટા નુકસાનના સમાચાર મળ્યા નથી.આ પહેલાં શુક્રવાર, ૧૬ જાન્યુઆરીના રોજ પણ કચ્છમાં બે હળવા આંચકા નોંધાયા હતા.ભચાઉ પાસે શુક્રવારે બપોરે ૧:૫૦ કલાકે ભચાઉથી ૨૧ કિલોમીટર ઉત્તર-ઉત્તરપૂર્વ દિશામાં ૨.૭ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો. આ ભૂકંપ ૨૩.૯ કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો.રાપર પાસે શુક્રવારે વહેલી સવારે ૫:૪૭ કલાકે રાપરથી ૧૯ કિલોમીટર પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ દિશામાં ૨.૫ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો, જે ૧૧.૧ કિલોમીટર ઊંડો હતો.એક જ દિવસમાં ઉપરાછાપરી આવેલા આ ત્રણ આંચકા, ખાસ કરીને ૪.૧ની તીવ્રતાના ભૂકંપે, સ્થાનિક લોકોમાં ચિંતાનો માહોલ પેદા કર્યો છે. ઉલ્લેખનીય છે કે કચ્છ સિસ્મિક ઝોન-૫ માં આવતો હોવાથી અહી અવારનવાર ભૂકંપના આંચકા અનુભવાતા રહે છે.

# કેનેડાએ પ્રવાસ માટે ભારતને હાઈએલર્ટ ઝોનમાં મૂકતા વિવાદ

## કેનેડાના વડાપ્રધાનની ભારત મુલાકાત પહેલા ઈન્ટરનેશનલ ટ્રાવેલ એડવાઈઝરી અપડેટ કરી ભારતને પ્રવાસ માટે જોખમી દર્શાવ્યું



ઓટાવા

કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નીની ભારત મુલાકાત પૂર્વે જ કેનેડા સરકારે પોતાની ઈન્ટરનેશનલ ટ્રાવેલ એડવાઈઝરી અપડેટ કરી છે. આ એડવાઈઝરીના લિસ્ટમાં ભારતને “હાઈ એલર્ટ”ની શ્રેણીમાં મૂકવામાં આવ્યું છે. કેનેડા સરકારની સત્તાવાર વેબસાઈટ પર જાન્યુઆરીના બીજા સપ્તાહમાં જારી કરાયેલા અહેવાલમાં જણાવ્યાનુસાર, ભારતમાં રાજકીય અસ્થિરતા, સુરક્ષા જોખમો અને મર્યાદિત કોન્સ્યુલર સહાય જેવા કારણો આગળ ધરીને તેને “હાઈ એલર્ટ” કેટેગરીમાં રાખવામાં આવ્યું છે.

ભારતને પાકિસ્તાન, ઈરાન, યમન, સીરિયા, અફઘાનિસ્તાન અને દક્ષિણ સુદાન જેવા સંઘર્ષગ્રસ્ત દેશોની સમાન શ્રેણીમાં સ્થાન આપવામાં આવ્યું છે. ભારતને પાકિસ્તાન અને અફઘાનિસ્તાન જેવા દેશોની શ્રેણીમાં મૂકાતા ભારતીય રાજદ્વારી વર્તુળો અને નાગરિકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. જોકે, કેનેડાએ ભારતની મુસાફરી પર સંપૂર્ણ પ્રતિબંધ લાદ્યો નથી, પરંતુ પ્રવાસ ટાળવા અથવા અત્યંત સાવચેતી રાખવા સૂચન કર્યું છે.

આંતરરાષ્ટ્રીય બાબતોના નિષ્ણાત પરમિન્દર દત્તાના જણાવ્યા અનુસાર, કેનેડાએ આ યાદીમાં ભારતનો સમાવેશ કરવા માટે જે કઠોર ભાષાનો પ્રયોગ કર્યો છે તે દ્વિપક્ષીય સંબંધોને વધુ નુકસાન પહોંચાડી શકે છે. જો કેનેડા સંબંધો સુધારવા માંગતું હોત, તો આ એડવાઈઝરીની ભાષા વધુ નરમ અને સંયમિત રાખી શકાઈ હોત.

ઉલ્લેખનીય છે કે, માર્ક કાર્નીની ભારતની મુલાકાત દ્વારા બંને દેશોના સંબંધો પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે, ત્યારે કેનેડાનું આ નવું પગલું “ભાવનાત્મક છેડછાડ” સમાન પૂરવાર થઈ રહ્યું છે. જે બંને દેશો વચ્ચેના સંબંધોની ખાઈને પૂરાવા દેશે નહી.

# દસ કરોડ આપો નહીંતર પરિણામ ભોગવો પંજાબી ગાયકને લોરેન્સ ગેંગની ધમકી

## લોરેન્સ ગેંગે ખંડણી માગતા ગાયકે નોંધાવી પોલીસ ફરિયાદ



મોહાલી,

પ્રખ્યાત પંજાબી અને બોલિવૂડ ગાયક બી પ્રાકને ધમકીઓ મળી છે. કુખ્યાત લોરેન્સ બિશ્નોઈ ગેંગે ગાયક પાસેથી ૧૦ કરોડ રૂપિયાની ખંડણી માંગી છે. પૈસા ન ચૂકવવા પર ગંભીર પરિણામોની ધમકી આપવામાં આવી છે.

પંજાબી ગાયક બી પ્રાકને ધમકીઓ મળી છે. લોરેન્સ ગેંગે ગાયક પાસેથી દસ કરોડ રૂપિયાની ખંડણી માંગી છે. ૬ જાન્યુઆરીના રોજ બપોરે પંજાબી ગાયક દિલનૂરને એક ઓડિયો રેર્કોડિંગ મોકલવામાં આવ્યું હતું. અગાઉ, દિલનૂરને ૫ જાન્યુઆરીએ બે ફોન આવ્યા હતા, પરંતુ દિલનૂરએ તેનો જવાબ આપ્યો ન હતો.

૬ જાન્યુઆરીના રોજનો ફોન પણ વિદેશી નંબર પરથી આવ્યો હતો.પંજાબી ગાયક દિલનૂરે મોહાલીના જીજીં પાસે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, તેણીને વિદેશી નંબર પરથી ધમકીભર્યા ફોન આવ્યા હતા. પોતાને આરઝૂ બિશ્નોઈ તરીકે ઓળખાવનાર કોલરે ગાયક દિલનૂરને તેના મિત્ર, બોલીવુડ અને પંજાબી ગાયક બી. પ્રાક માટે ૧૦ કરોડ રૂપિયાની ખંડણીનો સંદેશ પહોંચાડવા કહ્યું. ફોન કરનારે બી. પ્રાકને ધમકી આપી હતી કે જો એક અઠવાડિયામાં ખંડણી ચૂકવવામાં નહી આવે તો તેને ગંભીર નુકસાન પહોંચાડવામાં આવશે.

# ઓડિશામાં બીજેડી નેતાના ઘરેથી કરોડોની રોકડ મળી

## ગેરકાયદે ખાણકામ મામલે કેગના અહેવાલ અને પોલીસ ફરિયાદ બાદ બીજુ જનતાદળના ઉપપ્રમુખ અને કોન્ટ્રાકટર ઋષિકેશ પાધીના નિવાસ સહિત ૨૦ સ્થળોએ ઈડીના દરોડા



ગંજમ,ઓડિશા

ઓડિશામાં ગેરકાયદે ખાણકામ અને મની લોન્ડરિંગના કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. ગંજમ જિલ્લામાં બીજુ જનતા દળના ઉપપ્રમુખ અને કોન્ટ્રાક્ટર હૃષિકેશ પાધીના નિવાસસ્થાને દરોડા દરમિયાન કરોડો રૂપિયાની રોકડ મળી આવતા ખળભળાટ મચી ગયો છે. તિજોરીઓ અને કબાટમાંથી ૫૦૦ની નોટોના અસંખ્ય બંડલ જોઈને તપાસ કરી રહેલા અધિકારીઓ પણ ચોંકી ઊઠ્યા હતા.ઈડીએ હૃષિકેશ પાધી અને તેમના કથિત નાણાકીય નેટવર્ક સાથે જોડાયેલા ગંજમ જિલ્લાના અંદાજે ૨૦ સ્થળોએ એકસાથે દરોડા પાડ્યા હતા.

બહેરામપુર શહેરના ઉદ્યોગપતિઓના નિવાસસ્થાનો સહિત બિજીપુર, લાંજીપલ્લી અને જયપ્રકાશ નગર જેવા વિસ્તારોમાં તપાસનો ધમધમાટ તેજ કરાયો છે.તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે કે રેતી માફિયાઓએ કાયદાથી બચવા માટે ઓટો માલિકો, ટ્રેક્ટર ચાલકો અને નાની દુકાનો ધરાવતા સામાન્ય લોકોના નામે રેતીના લીઝ મેળવ્યા હતા.

રૂષિકુલ્યા, બહુદા અને બડા નદીઓના પટમાં મોટા પાયે ગેરકાયદે ખાણકામ કરી સરકારી તિજોરીને કરોડોનું નુકસાન પહોંચાડ્યું હતું. કેગના અહેવાલ બાદ આ કૌભાંડની ગંભીરતા સામે આવી હતી, જેના આધારે ઈડીએ ’મની લોન્ડરિંગ’નો કેસ દાખલ કર્યો છે.

આ સમગ્ર ખેલમાં અનેક મોટા નેતાઓ, દલાલો અને ગુનાઈત પ્રવૃત્તિ ધરાવતા માફિયાઓ સામેલ છે. તેઓ સ્થાનિક રહેવાસીઓને ડરાવી-ધમકાવીને ગેરકાયદે રીતે ખનિજનું ઉત્ખનન કરી રહ્યા હતા. ગંજમ જિલ્લામાં અગાઉ નોંધાયેલી અનેક પોલીસ ફરિયાદને આધારે ઈડીએ તપાસનો વ્યાપ વધાર્યો છે.

# ભટિન્ડા નજીક ડીવાઈડર સાથે કાર અથડાતા પાંચ વ્યક્તિના મોત

## મૃતકોમાં ગુજરાત પોલીસના મહિલા કર્મચારી સામેલ

ભટિન્ડા

પંજાબના ભટિંડાના ગુરથડી ગામ નજીક આજે સવારે મુખ્ય માર્ગ પર ફોર્ચ્યુનર કાર ડિવાઈડર સાથે અથડાતા સર્જાયેલા અકસ્માતમાં ગુજરાત પોલીસની એક મહિલા અધિકારી સહિત પાંચ લોકોના મોત થયા છે. કારમાં સવાર ભટિંડાથી ડબવાલી જઈ રહ્યા હતા.

આ ઘટના અંગે પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત પોલીસ અધિકારી અમિતા તેમજ અંકુશ, ભરત, ચેતન અને સતીશ ફોર્ચ્યુનર કારમાં ભટિંડાથી ગુજરાત જઈ રહ્યા હતા. કારની ઝડપી ગતિને કારણે ગુરથડી ગામ નજીક મુખ્ય હાઈવે પર કાર ડિવાઈડર સાથે અથડાઈ હતી.આ ઘટનામાં કારમાં સવાર પાંચેય લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. પોલીસ અધિક્ષક નરિન્દર સિંહે જણાવ્યું કે, પાંચેયના મૃતદેહને સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે અને મૃતકોના પરિવારજનોને જાણ કરવામાં આવી છે. અહેવાલ છે કે પાંચેય લોકો ગુજરાતથી પંજાબ જઈ રહ્યા હતા.

# ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી માટે જાહેરનામું બહાર પડાયું, ચૂંટણી પ્રક્રિયા ૫ દિવસ સુધી ચાલશે

## સત્તાવાર પ્રક્રિયા પૂર્ણ થયા પછી નીતિન નવીનની પ્રમુખ તરીકે નિમણૂકની પુષ્ટિ થઈ શકે છે

નવીદિલ્હી,

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. ચૂંટણી પ્રક્રિયા ૫ દિવસ સુધી ચાલશે. નોંધનીય છે કે ભાજપે અગાઉ નીતિન નવીનને પાર્ટીના કાર્યકારી પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા હતા. એવું માનવામાં આવે છે કે સત્તાવાર પ્રક્રિયા પૂર્ણ થયા પછી નીતિન નવીનની પ્રમુખ તરીકે નિમણૂકની પુષ્ટિ થઈ શકે છે.

ભાજપે તેના એક્સ હેન્ડલ પર પણ આ માહિતી પોસ્ટ કરી અને લખ્યું, "ભારતીય જનતા પાર્ટીના ’સંગઠન મહોત્સવ’ના ભાગ રૂપે, રાષ્ટ્રીય ચૂંટણી અધિકારી ડૉ. કે. લક્ષ્મણજીએ સત્તાવાર રીતે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણીની જાહેરાત કરી છે. ચૂંટણી પ્રક્રિયા ૧૯ જાન્યુઆરીથી શરૂ થશે અને ૨૦ જાન્યુઆરી, ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થશે."ભાજેપે જણાવ્યું કે મતદાર યાદી ૧૬ જાન્યુઆરીએ પ્રકાશિત થશે. નામાંકન પ્રક્રિયા ૧૯ જાન્યુઆરીએ થશે. સત્તાવાર જાહેરાત અને મતદાન ૨૦ જાન્યુઆરીએ થશે. ભાજપે યોગ્ય સમયે સંપૂર્ણ યાદી શેર કરી છે.

નીતિન નવીન બિહારના એક અનુભવી નેતા છે અને ભાજપ સાથે જોડાયેલા છે. તેઓ પટનાના બાંકીપુર વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય છે અને બિહારમાં ખૂબ સક્રિય છે. નીતિન નવીન સંગઠન પર મજબૂત પકડ ધરાવે છે અને વિધાનસભામાં એક મજબૂત નેતા તરીકે ઓળખાય છે.ભાજપના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્ત થયા પછી, નીતિન નવીનએ કહ્યું, "હું કેન્દ્રીય નેતૃત્વ, પીએમ મોદી, ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને કેન્દ્રીય નેતૃત્વમાં રહેલા દરેકને મને આ તક આપવા બદલ અભિનંદન આપું છું.

# હરિદ્વારમાં ગંગા ઘાટ પર બિન-હિન્દુઓ માટે પ્રવેશ પ્રતિબંધિત : અનેક જગ્યાએ બોર્ડ લગાવાયા



હરિદ્વાર,

ગંગા સભા, હરિદ્વાર હર કી પૌડીમાં ઘણી જગ્યાએ બોર્ડ લગાવવામાં આવ્યા છે, જેમાં કહેવામાં આવ્યું છે કે બિન-હિન્દુઓ માટે પ્રવેશ પ્રતિબંધિત છે.

આ બોર્ડ લગાવવાની સાથે હવે રાજકીય ગતિવિધિ શરૂ થઈ ગઈ છે. ગંગા સભાએ હરિદ્વારના હર કી પૌડીના બ્રહ્મ કુંડ વિસ્તારમાં બોર્ડ લગાવ્યા છે, જેમાં બિન-હિન્દુઓ માટે પ્રવેશ પ્રતિબંધિત છે.

ગંગા સભા, હર કી પૌડી, હરિદ્વારના પ્રમુખ પંડિત નીતિન ગૌતમે જણાવ્યું હતું કે ૧૯૧૬માં, અંગ્રેજોના શાસનકાળ દરમિયાન, મ્યુનિસિપલ કોર્પોરેશન હેઠળ એક મ્યુનિસિપલ કાયદો ઘડવામાં આવ્યો હતો, જેના કારણે બિન-હિંદુઓને હરિદ્વારમાં હર કી પૌડીમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે લોકો આ કાયદાથી સંપૂર્ણપણે વાકેફ ન હતા. તેથી, ગંગા સભાએ આ માહિતી હરિદ્વારના હર કી પૌડીના તમામ લોકો સુધી પહોંચાડવા માટે એક અભિયાનનું આયોજન કર્યું છે. દરવાજા પર બોર્ડ છે.

ગંગા સભાના પ્રમુખે કહ્યું કે બ્રિટિશ સરકાર હિન્દુઓની ભાવનાઓનું સંપૂર્ણ ધ્યાન રાખે છે. તેથી જ તેમણે ૧૯૧૬ માં આ કાયદો ઘડ્યો. હવે, આપણી ભાજપ સરકાર સત્તામાં છે, અને આપણી સરકારે આ કાયદાનો વિસ્તાર કરવો જોઈએ. તેમણે કહ્યું કે કુંભ મેળા વિસ્તારમાં બિન-હિંદુઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવો જોઈએ.બધા સંતો અને ઋષિઓએ બિન-હિંદુઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકતા બોર્ડ લગાવવાનું સ્વાગત કર્યું છે.

# ફિલ્ડ વિઝીટને પ્રાયોરિટી આપીને સરકારની યોજનાઓના અસરકારક અમલીકરણનું મોનિટરિંગ કરો: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

## લોકોની રજૂઆતો સાંભળી તેના ઝડપી, પ્રામાણિક નિવારણ માટે જિલ્લા સ્તરે વધુ સુદ્રઢ વ્યવસ્થા વિકસાવવાની તાકીદ કરી

ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના જિલ્લા કલેકટરોને લોકોની રજૂઆતો સાંભળી તેના ઝડપી, પ્રામાણિક નિવારણ માટે જિલ્લા સ્તરે વધુ સુદ્રઢ વ્યવસ્થા વિકસાવવાની તાકીદ કરી છે.આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટ પણે જણાવ્યું કે, જિલ્લામાં રજૂઆતો માટે આવનારી વ્યક્તિની મુશ્કેલી સમજીને તેને સહાયરૂપ થવાની સંવેદનાથી જ લોકોનો ભરોસો-વિશ્વાસ સંપાદિત થઈ શકશે.તેમણે જિલ્લા કક્ષાએ નિવારણ થઈ શકે તેવા પ્રશ્નો માટે લોકોને સરકાર સુધી કે વિભાગો સુધી આવવું ના પડે અને સ્થાનિક સ્તરે જ તેનું નિવારણ ઝડપી, પારદર્શી અને અસરકારક રીતે આવે તે માટે કલેકટરોને ખાસ તાકીદ કરી હતી.

ગાંધીનગરમાં યોજાયેલી કલેકટર કોન્ફરન્સના અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લા કલેક્ટરોને ફિલ્ડ વિઝીટને અગ્રતા આપીને સરકારી યોજનાઓના અસરકારક અમલનું મોનીટરીંગ કરવા સૂચનો કર્યા હતા. તેમણે ઓનેસ્ટી, ઈન્ટીગ્રિટી, કોમ્પીટન્સ અને ઈફેક્ટિવનેસના મુખ્ય આધાર પર સમગ્ર જિલ્લાની કામગીરીનું નેતૃત્વ કરવાનો પણ અનુરોધ કલેકટરોને કર્યો હતો.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લા કલેકટરોને જણાવ્યું કે, તેમણે જિલ્લાના વડા તરીકેનું જે દાયિત્વ મળ્યું છે તેને નાનામાં નાના માનવીની સમસ્યાના નિરાકરણની જવાબદારી નિભાવીને વહન કરવાની મોટી તક છે.

મુખ્યમંત્રીએ એમ પણ ઉમેર્યું કે, રાજ્યમાં જે સંગીન નાણાંકીય વ્યવસ્થાપન છે તેના કારણે હવે વિકાસ કામોમાં નાણાંની કોઈ તંગી નથી પડતી આ સંજોગોમાં જિલ્લામાં વિવિધ યોજનાઓના ચાલતા વિકાસ કામો ઝડપી અને ગુણવત્તાયુક્ત થાય તે માટે જિલ્લાની ટીમનું નેતૃત્વ કરીને કલેક્ટરો યોગ્ય નિગરાની રાખે.ભૂપેન્દ્ર પટેલે સમગ્ર રાજયના જિલ્લા કલેકટરોને ટીમવર્કથી અને એકબીજા સાથે ચર્ચા કરીને સાથે મળીને કામ કરવાનું આહવાન કરતા કહ્યું કે, પરિપત્રો-નિયમોનું જિલ્લાઓમાં અલગ અલગ અર્થઘટન ન થાય અને લોકોને પોતાના કામોમાં સરળતા રહે તે માટે જિલ્લા કલેક્ટરો જવાબદારી પૂર્વક કાર્યરત રહે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, સરકાર તમારી સાથે છે અને સાચી વ્યક્તિ પરેશાન ન થાય અને ખોટી વ્યક્તિ કોઈને તકલીફ ઉભી ન કરે તે માટેની સુઝ બૂઝથી કોઈપણ પ્રકારનો ડર રાખ્યા વિના સારા અને નેક કામો માટે જિલ્લાની ટીમનું નેતૃત્વ કલેકટરોએ કરવાનું છે.

મુખ્યમંત્રીએ એમ પણ કહ્યુ કે, પ્રાકૃતિક ખેતી સ્વસ્થ જીવનશૌલી માટે અગત્યની છે. રાજ્ય સરકારે પ્રાકૃતિક ખેતીનું મિશન ઉપાડ્યુ છે. જિલ્લા કલેક્ટરોને પોતાના જિલ્લામાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપીને આ મિશન પાર પાડવા પણ તેમણે આહવાન કર્યુ હતુ. મહેસુલ રાજ્ય મંત્રી સંજય સિંહ મહિડાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ના માર્ગદર્શનમાં યોજાઇ રહેલી આ કોન્ફરન્સ મહેસુલ વિભાગની સર્વગ્રાહી કામગીરીને વધુ ગતિ આપશે તેમ જણાવ્યું હતું.

તેમણે જિલ્લા કલેકટરોને જન પ્રતિનિધિઓની રજૂઆતો પર યોગ્ય કાર્યવાહી કરવા સ્વામીત્વ યોજનામાં મિલકત ધારકોને પ્રોપર્ટી કાર્ડ વિતરણમાં ગતિ આપવા તથા જિલ્લા કક્ષાએ પણ ફીડબેક મિકેનિઝમ વધુ સુચારુ બનાવવાના સૂચનો કર્યા હતા. એટલું જ નહીં, ઓનલાઇન કામગીરી માટેના પોર્ટલ્સની સમયાંતરે સમીક્ષા થાય તેવી પણ તેમણે હિમાયત કરી હતી.

# માર્ગ મકાન વિભાગમાં ૩૮૮ જગ્યા માટે ભરતીની જાહેરાત

## વર્ક આસિસ્ટન્ટની ૩૩૬ અને ડ્રાફ્ટસમેનની ૫૨ જગ્યા માટે અરજી કરી શકાશે




ગાંધીનગર,

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ (GSSSB) દ્વારા માર્ગ અને મકાન વિભાગ માટે વર્ગ-૩ની મોટી ભરતી જાહેર કરવામાં આવી છે. આ ભરતી અંતર્ગત વર્ક આસિસ્ટન્ટ વર્ગ-૩ના કુલ ૩૩૬ પદો તથા રેખનકાર (ડ્રાફ્ટસમેન) વર્ગ-૩ના ૫૨ પદો માટે અરજીઓ મંગાવવામાં આવી છે. આ ભરતી માટે ઉમેદવારો ૧૬ જાન્યુઆરીથી ૩૦ જાન્યુઆરી દરમિયાન ઓનલાઇન અરજી કરી શકશે. ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા હાથ ધરવામાં આવશે. રાજ્યમાં તકનીકી લાયકાત ધરાવતા યુવાનો માટે આ ભરતી એક મહત્વની તક માનવામાં આવી રહી છે. લાયકાત, વયમર્યાદા, પરીક્ષા પદ્ધતિ અને અન્ય વિગતવાર માહિતી માટે ઉમેદવારોને ગૌણ સેવા પસંદગી મંડળની અધિકૃત વેબસાઈટ પર જાહેર થનારી સૂચના ધ્યાનપૂર્વક વાંચવાની અપીલ કરવામાં આવી છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા ટેક્નિકલ સેવાઓ હેઠળના વાયરલેસ અને મોટર ટ્રાન્સપોર્ટ પ્રભાગમાં વર્ગ-૩ સંવર્ગની ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ ભરતીપ્રક્રિયા દ્વારા કુલ ૯૫૦ જેટલી ટેક્નિકલ જગ્યાઓ ભરવામાં આવશે, જેના માટે લાયક ઉમેદવારો પાસેથી ફક્ત ઓનલાઈન અરજીઓ મગાવવામાં આવી છે.

# વડોદરામાં વાહન પાર્ક કરવા જેવી નજીવી બાબતે યુવકની કરપીણ હત્યા

## પરિવારજનોએ મૃતદેહ સાથે પોલીસ મથકે પહોંચી હોબાળો મચાવતા ઉચ્ચ અધિકારીઓએ દોડવું પડ્યું

વડોદરા,

મકરપુરા વિસ્તારમાં ઉતરાયણની પર્વ સંધ્યાએ એક સામાન્ય તકરારે ખુની ખેલનું સ્વરૂપ લઈ લીધું. વાહન પાર્ક કરવા જેવી નજીવી બાબતમાં એક યુવકને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો. આ ઘટનામાં મૃતકની ભાભી અને ભત્રીજીની ચીસો વચ્ચે નરાધમોએ હત્યાને અંજામ આપ્યો હતો. પરિવારજનોએ મૃતદેહ સાથે પોલીસ મથકે પહોંચી હોબાળો મચાવતા ઉચ્ચ અધિકારીઓએ દોડવું પડ્યું હતું.

વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં શિવશક્તિ નગરની જશોદા કોલોનીમાં ઉતરાયણની આગલી રાત્રે લોહિયાળ જંગ ખેલાયો. ઘટનાની વિગત એવી છે કે, મૃતક અનુપ ગજાનંદ પટેલના ઘર પાસે પડોશમાં રહેતા સુભાષ રામવૃક્ષ યાદવે પોતાની પીકઅપ ગાડી પાર્ક કરી હતી. આ બાબતે બંને વચ્ચે બોલાચાલી થતા મૃતક અનુપ પટેલે પાર્ક કરેલી ગાડીની ચાવી લઈ લીધી હતી. બસ, આટલી જ વાતમાં મામલો બીચકયો હતો. ગાડીની ચાવી લઈ લીધાની જાણ થતા જ ઉશ્કેરાયેલા સુભાષ યાદવે તેના ભાઈ મનુ યાદવ અને ભત્રીજા રાહુલ યાદવને બોલાવી લીધા હતા. આ નરાધમોએ અનુપ પટેલ પર તૂટી પડી ગડદાપાટુનો માર માર્યો હતો અને આવેશમાં આવી જઈને અનુપ પટેલનું માથું જોરથી લોખંડની જાળી સાથે અથડાવી તેમની નિર્મમ હત્યા કરી નાખી હતી.

જશોદા કોલોનીમાં ખેલાયેલા આ ખૂની ખેલ વખતે મૃતકને બચાવવા માટે તેમની ભાભી અને ભત્રીજીએ ભારે મથામણ કરી હતી, તેઓ સતત બૂમો પાડતા રહ્યા હતા. ઘટના બાદ પોલીસને જાણ કરાતા મકરપુરા પોલીસ સ્ટેશન નો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને મુખ્ય આરોપી સુભાષ યાદવ સહિત પિતા-પુત્રની જોડી મનુ યાદવ અને રાહુલ યાદવની ધરપકડ કરી લીધી હતી.

પોલીસે ત્રણ આરોપીને પકડ્યા, પરંતુ પરિવારનો આક્ષેપ હતો કે હુમલાખોરોનું મોટું ટોળું હતું અને પોલીસે માત્ર ત્રણ લોકો સામે જ કાર્યવાહી કરી છે. જેના વિરોધમાં રોષે ભરાયેલા પરિવારજનો અને મોટી સંખ્યામાં સ્થાનિક લોકો મૃતદેહ સ્વીકારવાને બદલે લાશ સાથે મકરપુરા પોલીસ સ્ટેશને પહોંચી ગયા હતા.

# ઊંઝામાં નશામાં ધૂત બોલેરો ચાલકે બે વાહનને ટક્કર મારી

## સદનસીબે જાનહાનિ ટળી, ચાલક સામે પોલીસ ફરિયાદ નોંધાઈ

ઊંઝા,

ઊંઝાના ભક્તિનગર રોડ પર નશાની હાલતમાં બોલેરો ગાડી ચલાવી રહેલા એક ચાલકે બે વાહનોને ટક્કર મારી નુકસાન પહોંચાડ્યું હતું. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી, પરંતુ વાહનોને મોટું નુકસાન થયું હતું. આ મામલે બોલેરો ચાલક સામે ઊંઝા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ઊંઝા ભક્તિનગરના રહેવાસી અર્પિત મધુસૂદન ઊંઝાકર તેમના જીજાજી રાકેશ કુમાર સાથે ગાંધીચોક નજીક ઊભા હતા. તે સમયે ઉમિયા માતાજી મંદિર તરફથી અગારા પરા તરફથી એક



સફેદ બોલેરો ગાડી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહી હતી.

આ બોલેરો ચાલકે ભક્તિનગર રોડ પર જય અંબે બેકરી આગળ પાર્ક કરેલા એક બાઈકને ટક્કર મારી હતી. ત્યારબાદ તેણે રૂપમ જનરલ સ્ટોર્સના પગથિયાં તોડીને અર્પિતના જીજાજીની પાર્ક કરેલી ગાડીને ડાબી બાજુએથી ટક્કર મારી નુકસાન પહોંચાડ્યું હતું. ટક્કર વાગતા ગાડી બંધ પડી ગઈ હતી. બોલેરો ગાડીમાં મંડપના કાપડ ભરેલા હતા. ચાલક નશાની હાલતમાં હોવાનું જણાયું હતું. પૂછપરછ કરતા તેનું નામ ઉમેશકુમાર ચેહરસંગ ચૌહાણ, રહેવાસી જોટાણા, પ્રજાપતિ વાસ, તા. જોટાણા હોવાનું જાણવા મળ્યું હતું. ઘટનાની જાણ ૧૦૦ નંબર પર ઊંઝા પોલીસને કરવામાં આવતા, પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ચાલકને પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. આ બનાવ અંગે ઊંઝા પોલીસે ઉમેશકુમાર ચેહરસંગ ચૌહાણ સામે ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ૧૬ ફેબ્રુઆરી ૨૫ માર્ચ સુધી ચાલશે

## વિધાનસભાના બજેટ સત્રમાં સરકાર સાત નવા બિલ રજૂ કરવાની પણ તૈયારી

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાના બજેટ સત્ર અંગે એક મોટી અપડેટ સામે આવી છે. ગુજરાત વિધાનસભા બજેટ સત્રની તારીખ સામે આવી ગઈ છે. આગામી ૧૬ ફેબ્રુઆરીથી બજેટ સત્રની શરૂઆત થશે. રાજ્યપાલના સંબોધન સાથે બજેટ સત્ર શરૂ થશે અને બજેટ સત્ર ૨૫ માર્ચ સુધી ચાલશે. કુલ ૨૩ દિવસના બજેટ સત્રમાં ૨૬ બેઠક મળશે.

ગુજરાત વિધાનસભાના બજેટ સત્રને લઈને તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. માહિતી પ્રમાણે, બજેટ સત્ર ૧૬ ફેબ્રુઆરીએ રાજ્યપાલના સંબોધન સાથે બજેટ સત્ર શરૂ થઈને ૨૫ માર્ચ સુધી ચાલશે. જેમાં ૨૬ બેઠકો મળશે. વિધાનસભાના બજેટ સત્રમાં સરકાર સાત નવા બિલ રજૂ કરવાની પણ તૈયારીઓ કરી રહી છે.

માહિતી પ્રમાણે, આ વર્ષનું બજેટ ગયા વર્ષના બજેટ કરતાં ૧૫ ટકાના વધારા સાથે રજૂ થઈ શકે છે. આ વર્ષે ૩.૯૦ લાખ કરોડનું બજેટ રજૂ થઈ શકે છે. ગુજરાત વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન નાગરિક સંહિતા સહિત વિધેયકો રજૂ થશે.

# રક્ષા યુનિ.માં સેનાના શસ્ત્રો અને ગોળા બારૂદનું પ્રદર્શન યોજાયું

ગાંધીનગર,

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (આરઆરયૂ), જે રાષ્ટ્રીય મહત્વની સંસ્થા છે, તેણે ગુરુવારે ગાંધીનગરમાં તેના કેમ્પસમાં આર્મી ડે નિમિત્તે શસ્ત્ર અને ગોળા બારુદનું સ્ટેટિક ડિસ્પ્લે યોજ્યું હતું. પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ભારતીય સેનાની કામગીરી ક્ષમતા અને આધુનિક ટેકનોલોજીનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું, સાથે જ સેનાના શૌર્ય અને સેવાને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. કાર્યક્રમનું નેતૃત્વ રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર ડૉ. બિમલ એન. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.



૧૧ ડિવિઝનના જનરલ ઓફિસર કમાન્ડિંગ મેજર જનરલ ગૌરવ બગ્ગા, જેને 'ગોલ્ડન કટાર ડિવિઝન' તરીકે ઓળખવામાં આવે છે, મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે પ્રોફેસર ડૉ. બિમલ એન. પટેલે જણાવ્યું હતું કે, "આ પ્રકારની પહેલ અકાદમી અને સશસ્ત્ર દળો વચ્ચેનો સેતુ મજબૂત કરે છે અને યુવાનોમાં રાષ્ટ્રીય સુરક્ષા તથા સંરક્ષણ તૈયારી અંગે જાગૃતિ પેદા કરે છે."

મેજર જનરલ ગૌરવ બગ્ગાએ યુવાનોને સંબોધતાં જણાવ્યું હતું કે, "સંરક્ષણ ટેકનોલોજીનો પરિચય વિદ્યાર્થીઓને દેશની સુરક્ષા માટે જરૂરી શિસ્ત અને સમર્પણ સમજવામાં મદદ કરે છે." સ્ટેટિક ડિસ્પ્લેમાં એલ-૪૦ રડાર, ૧૦૫ મીમી આર્ટિલરી ગન, BMP-2 ઈન્ફન્ટ્રી કોમ્બેટ વાહન,-૭૦ સિસ્ટમ્સ, ઈસઈ સાધનો અને ડ્રોન સહિતના અનેક આધુનિક સૈન્ય સાધનો રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રદર્શનને વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને આમંત્રિત મહેમાનો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો. યુનિવર્સિટીના અધિકારીઓએ જણાવ્યું કે આ કાર્યક્રમ રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીની સંરક્ષણ, પોલીસિંગ અને વ્યૂહાત્મક અભ્યાસ ક્ષેત્રે શિક્ષણ અને સંશોધનને પ્રોત્સાહન આપવાની ભૂમિકાને અનુરૂપ હતો. કાર્યક્રમનું સમાપન સેનાના અધિકારીઓ અને વિદ્યાર્થીઓ વચ્ચેની પરસ્પર ચર્ચા સાથે થયું, જેના દ્વારા નાગરિક-સૈન્ય સંબંધોને વધુ મજબૂતી મળી.

# પાસ નેતા અલ્પેશ કથીરિયા સામે ફરિયાદ : પતંગ બાબતે ભાઈ સાથે મળીને કરી મારામારી

સુરત,

સુરતમા પાસના નેતા અલ્પેશ કથીરિયા અને તેના ભાઈ વિરુદ્ધ ગુનો નોંધાયો છે. પતંગ ખરીદવા આવેલા ગ્રાહકોને બંને ભાઈઓ દ્વારા ફટકારવામાં આવ્યા હોવાની ફરિયાદ સુરતના પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સુરતના સરથાણા કિરણ ચોક પાસે પાટીદાર પાઘડીવાળા પતંગ સ્ટોર્સમાં ઝઘડો થયો હતો. દુકાન ચલાવતા અલ્પેશ કીરિયાના ભાઈ સાથે ભાવને લઈ એક ગ્રાહકને માથાકૂટ થઈ હતી. ત્યારે ભાઈનું ઉપરાણું લઈ અલ્પેશ કથીરિયા, તેના ભાઈ સહિત ત્રણ શખ્સોએ ત્રણે સાથે ઝઘડો કરી ઢીકા મુક્કીનો માર માર્યો હતો.

મારા મારીને લઈ ચંદ્રેશ અને તેના ત્રણ મિત્રો સરથાના પોલીસ મથકે પહોંચ્યા હતા. અલ્પેશ સહિત ત્રણ વિરુદ્ધ સરથાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. અલ્પેશ કથીરિયા સહિત ત્રણ વિરુદ્ધ બીએનએસની કલમ ૩૫૨, ૧૧૫ (૨ ),૫૪ અંતર્ગત એન સી ગુનો નોંધ્યો છે.

# માનવ અધિકાર આયોગ ખાનગી સિવિલ વિવાદો ઉકેલવાનું મંચ નથી: ગુજરાત હાઈકોર્ટ

## માનવ અધિકારોનો મૂળ હેતુ જીવન, સ્વતંત્રતા, સમાનતા અને માનવ ગૌરવ જેવી મૂળભૂત સ્વતંત્રતાઓનું રક્ષણ કરવાનો છે

અમદાવાદ,

ગુજરાત હાઈકોર્ટે માનવ અધિકાર આયોગોની કામગીરી અંગે મહત્વપૂર્ણ અને સ્પષ્ટ માર્ગદર્શિકા આપતાં જણાવ્યું છે કે માનવ અધિકાર આયોગનું કાર્ય ખાનગી અથવા કુટુંબીય સિવિલ વિવાદો ઉકેલવાનું નથી. માનવ અધિકારોનો મૂળ હેતુ જીવન, સ્વતંત્રતા, સમાનતા અને માનવ ગૌરવ જેવી મૂળભૂત સ્વતંત્રતાઓનું રક્ષણ કરવાનો છે.

હાઈકોર્ટએ એક કેસમાં નોંધ્યું હતું કે કુટુંબીય મિલકત સંબંધિત વિવાદ, જે પહેલેથી જ સિવિલ કોર્ટમાં ચાલતો હતો, તેને માનવ અધિકારના ઉલ્લંઘન તરીકે દર્શાવી રાજ્ય માનવ અધિકાર આયોગ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. કોર્ટે સ્પષ્ટ કર્યું કે જમીનની માલિકી, વારસાગત હક્ક, વહેંચણી, કરાર અથવા કુટુંબીય ગોઠવણ સંબંધિત મુદ્દાઓ શુદ્ધ સિવિલ વિવાદો છે અને તેનો નિર્ણય માત્ર સિવિલ કોર્ટ દ્વારા જ થવો જોઈએ.

કોર્ટે ચેતવણી આપી હતી કે આવા કેસોને સ્વીકારવાથી માનવ અધિકાર આયોગ સમકક્ષ સિવિલ કોર્ટમાં પરિવર્તિત થઈ જાય છે, જે કાયદાનો ઉદ્દેશ ક્યારેય નહોતો. રાજ્ય સરકાર તરફથી ઉપસ્થિત સરકારી વકીલ જી.એચ. વિર્કે પણ માનવ અધિકાર આયોગની કાર્યવાહીનો દુરુપયોગ કરીને સરકારી અધિકારીઓને અનાવશ્યક રીતે બોલાવવાની પ્રથા પર રોક લગાવવાની માંગ કરી હતી.

રાજ્ય સરકારે રજૂઆતમાં જણાવ્યું કે માનવ અધિકાર આયોગોએ કોર્ટમાં પહેલેથી ચાલતા સિવિલ અથવા કરાર સંબંધિત વિવાદોમાં હસ્તક્ષેપ ટાળવો જોઈએ. ઉપરાંત, મીડિયા અહેવાલો કે અનામ ફરિયાદોના આધારે સ્વપ્રેરિત કાર્યવાહી કરતી વખતે અત્યંત સાવચેતી રાખવી જરૂરી છે. કાર્યવાહી દરમિયાન વરિષ્ઠ સરકારી અધિકારીઓને હળવાશથી બોલાવવા ન જોઈએ, તે બાબતે પણ ભાર મૂકાયો હતો.

# અમદાવાદના આંબાવાડી વિસ્તારમાં તબીબના બંધ મકાનમાંથી દોઢ કરોડની મત્તાની ચોરી

## તબીબ પરિવાર દુબઈ ગયો હતો તે દરમિયાન તસ્કરો ત્રાટક્યા : ૨૦૩ તોલા સોનુ અને ૪૫ લાખ રોકડાની ચોરી

અમદાવાદ,

અમદાવાદના આંબાવાડી, માણેક બાગ વિસ્તારમાં રહેતા આંખના ડૉક્ટર સુનિલ શાહના ઘરમાંથી દોઢ કરોડની ચોરી થઈ છે. ઉત્તરાયણ દરમિયાન પત્ની અને પુત્ર સાથે પાંચ દિવસ દુબઈ ટૂર ઉપર ગયા તે દરમિયાન ડૉક્ટરના માણેકબાગ સોસાયટીના બંગલાની બારીની ગ્રીલ તોડીને તસ્કરો ઘરમાં ઘુસ્યા હતા. બે બેડરૂમના તિજોરી અને ગુપ્ત લોકર તોડીને તસ્કરો રોકડા રૂ. ૪૫ લાખ રોકડ ઉપરાંત ૨૦૩ તોલા સોનાના દાગીનાની ચોરી કરી ગયા હોવાની ફરિયાદ સેટેલાઈટ પોલીસમાં નોંધાવાઈ




છે.તા. ૧૬ના સવારે પરિવાર દુબઈ ફરીને પરત ફર્યો અને ઘરમાં પ્રવેશ્યો ત્યારે હોલના સોફા ઉપર એક બેગ ખુલ્લી હતી અને ડોક્યુમેન્ટ વેરણછેરણ હોવાનું જોયું હતું. કોઈ વ્યક્તિ ચોરી કરવા ઘુસ્યા હોવાનું જણાતાં સીસીટીવી જોવા માટે ગયાં તો ડીવીઆર પણ ચોરાઈ ગયું હતું અને સીસીટીવી કેમેરા પણ તોડી નંખાયા હોવાનું જણાયું હતું.તસ્કરો પાંચ ડાયમંડ સેટ, ડાયમંડ બ્રેસલેટ અને કડા, છ વિંટી, સોનાના ૧૬ સેટ, ચારપાટલા, ૧૦ બંગડી, ૨ સોનાના ટીક્કા, ૫૦૦ ગ્રામ સોનાના સિક્કા અને બિસ્કીટ, વિંટીઓ ઉપરાંત ચાંદીના દાગીના અને ડીવીઆર ચોરી ગયાની ફરિયાદ નોંધાવવામાં આવી છે. સેટેલાઈટ પોલીસે જણાવ્યું કે, કોઈ જાણભેદુ શખ્સની આ ચોરીમાં સંડોવણી હોવાની આશંકાના આધારે ઊંડાણભરી તપાસ શરૂ કરવામાં આવી છે.

ડૉક્ટર અને પરિવાર પાંચ દિવસ દુબઈ જઈને પરત ફર્યા તે દરમિયાન મુખ્ય દરવાજાની બાજુમાં આવેલી લાકડાની બારીની સ્ટોપરો અને ગ્રીલ કોઈ સાધનોથી તોડી કે ખોલી નાંખીને તસ્કરો પ્રવેશ્યા હતા. તસ્કરો બે બેડરૂમમાં તિજોરી અને ગુપ્ત લોકરમાંથી રોકડા રૂપિયા ૪૫ લાખ ઉપરાંત ૨૦૩ તોલા વજનના સોનાના દાગીના, સિક્કા, સોનાના બિસ્કીટો મળી કુલ ૧.૪૭ કરોડની મતાની ચોરી કરી હતી.

આંબાવાડીની માણેકબાગ સોસાયટીના બંગલા નંબર ૧૦૫માં રહેતા આંખના ડૉક્ટર સુનિલભાઈ અમૃતલાલ શાહ તેમના પત્ની સાથે રહે છે અને પુત્ર પુના અભ્યાસ કરે છે.

# મહારાષ્ટ્ર કોર્પોરેશનોમાં ભવ્ય જીતને વધાવતું અમરેલી જિલ્લા ભાજપઃ વિજયોત્સવ મનાવાયો

## મહારાષ્ટ્રમાં ભાજપનો ભવ્ય વિજયઃમુંબઈ, નાગપુર અને પૂણેમાં મોટી લીડ થી લહેરાયો ભગવો

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલીઃ

મહારાષ્ટ્રમાં યોજાયેલી ૨૯ કોર્પોરેશનઓની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી અને સાથી પક્ષોના પ્રચંડ વિજયને વધાવવા માટે આજે અમરેલી જિલ્લા ભાજપ દ્વારા ભવ્ય વિજયોત્સવ મનાવવામાં આવ્યો હતો.



ખાસ કરીને મુંબઈ, નાગપુર અને પૂણે મહાનગરપાલિકામાં ભાજપે મેળવેલી ઐતિહાસિક જીતને પગલે અમરેલીના કાર્યકરોમાં ભારે હર્ષની લાગણી જોવા મળી હતી.

મહારાષ્ટ્રની ૨૯ પાલિકાઓમાંથી ૨૪થી વધુ પાલિકામાં ભાજપ અને સાથી પક્ષોએ સ્પષ્ટ બહુમતી મેળવી છે. મુંબઈ મહાનગરપાલિકાની કુલ બેઠકો પૈકી ભાજપ અને સાથી પક્ષોએ ૧૧૮ બેઠકો જીતીને વિજયનો નવો ઈતિહાસ રચ્યો છે. મહારાષ્ટ્રમાં ભાજપના વિજય ઉત્સવની ઉજવણી અમરેલી જિલ્લા ભાજપ દ્વારા અમરેલી ખાતે કરવામાં આવી હતી.

અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે સાંસદ શ્રી ભરતભાઈ સુતરિયા અને જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અતુલભાઈ કાનાણીની આગેવાનીમાં કાર્યકર્તાઓએ ફટાકડા ફોડી અને એકબીજાને મીઠાઈ ખવડાવી જીતની વધામણી આપી હતી.

સાંસદ શ્રી ભરતભાઈ સુતરિયાએ જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રની જનતાએ મોદીજીના નેતૃત્વ પર અતુટ વિશ્વાસ મૂક્યો છે. આ જીત માત્ર મહારાષ્ટ્રની નથી, પરંતુ ભાજપના પ્રત્યેક કાર્યકરની છે. જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અતુલભાઈ કાનાણીએ જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રમાં ભાજપ અને સાથી પક્ષોનો જે ભવ્ય વિજય થયો છે તે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીની વિકાસલક્ષી નીતિઓ અને કાર્યકર્તાઓની મહેનતનું પરિણામ છે. ખાસ કરીને મુંબઈમાં વર્ષોથી લોકો પરિવર્તનની રાહ જોતા હતા, જે આજે ભાજપના ભગવા લહેરાવાની સાથે પૂર્ણ થઈ છે. મહારાષ્ટ્રની જનતાએ વિપક્ષોના જૂઠાણાંને નકારીને ફરી એકવાર વિકાસ અને વિશ્વાસને પસંદ કર્યો છે.આ વિજયોત્સવમાં જિલ્લા ભાજપના હોદ્દેદારો, નગરપાલિકાના સભ્યો, વિવિધ મોરચાના પ્રમુખો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉત્સાહભેર જોડાયા હતા.

# "વિકાસના પંથે અમરેલીનું જીથુડી"

## કુંકાવાવ તાલુકાના જીથુડી મુકામે ગ્રામવિકાસને વેગ આપતા વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત



અમરેલીઃ ઉર્જા રાજ્ય મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કુકાવાવ તાલુકાના જીથુડી મુકામે આશરે રૂપિયા ૨૬ લાખના ખર્ચે થનારા વિવિધ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જીથુડી ગામના સર્વાંગી વિકાસને વેગ આપતા આ વિકાસકાર્યોમાં મંદિર પાસે બ્લોક રોડ, સીસી રોડ, કોઝવે પાઈપલાઈન સહિતના મહત્વપૂર્ણ કામોનો સમાવેશ થાય છે. આ કાર્યો પૂર્ણ થતાં ગામના નાગરિકોને સુવિધાજનક આવાગમન તેમજ માળખાકીય સુવિધાઓમાં નોંધપાત્ર સુધારો થશે.

આ પ્રસંગે રાજ્ય મંત્રી શ્રી કૌશિકભાઇ વેકરીયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે સતત પ્રતિબદ્ધ છે. અમરેલી જિલ્લાનો સર્વાંગી અને અવિરત વિકાસ સરકારની પ્રાથમિકતા છે અને ગામડાઓ સુધી વિકાસની સુવિધાઓ પહોંચે તે માટે સરકાર સતત પ્રયાસશીલ છે.

તેમણે ઉમેર્યું હતું કે, આવા વિકાસકાર્યો થકી ગ્રામ્ય જીવનમાં સુખાકારી વધશે તથા લોકોના દૈનિક જીવનમાં સકારાત્મક પરિવર્તન આવશે. આ કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો, ગ્રામ પંચાયતના પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ભાલકા મંદિરમાં ભવ્ય પતંગ મહોત્સવ યોજાયો

## ફીલ્મટીવી સ્ટાર હેમાલી સેજપાલનું ભાલકા મંદિરે, ડોગરેજી મહાજન અન્નક્ષેત્ર ભવ્ય સન્માન કરાયું

સોમનાથઃ

ભાલકા મંદિરે કૃષ્ણ ભગવાન ના સાંનિધ્યમાં ભવ્ય પતંગ મહોત્સવ નું આયોજન કરાયેલ હતું જેમાં યાત્રીકો, સ્થાનીકોને વિના મુલ્યે પતંગ, દોરો,શેરડી,તલ મમરા ના લાડુ સહીત અનેક વસ્તુઓનું વિના મુલ્યે પ્રસાદી અપાયેલ હતી આ ભવ્ય પતંગ મહોત્સવ માં ફીલ્મ ટીવી સ્ટાર હેમાલી સેજપાલ સહીત અનેક આગેવાનો ઉપસ્થિત રહેલ હતા.



સોમનાથ ટ્રસ્ટ ના સહકાર દર વર્ષે ભાલકા મંદિરે કૃષ્ણ ભગવાન ના સાંનિધ્યમાં ભવ્ય પતંગ મહોત્સવ યોજાય છે જેમાં ગીર સોમનાથ મીડીયા સેન્ટર ડી.કે.ગ્રુપ ના દીપક કકકડે જણાવેલ હતું કે વિશાળ ગ્રાઉન્ડ માં હજારો યાત્રીકો, સ્થાનીકો ની ઉપસ્થિતીમાં ડીજે સાથે આ ભવ્ય પતંગ મહોત્સવ ઉજવાયેલ હતો જેમાં ફીલ્મ ટીવી સ્ટાર હેમાલી સેજપાલ ઉપસ્થિત રહેલ હતા તેમજ સોમનાથ ટ્રસ્ટ ના અજય દુબે,સુરૂભા જાડેજા,વિક્રમ શામળા,જીતપુરી ગૌસ્વામી સહીત સ્થાનીક અનેક આગેવાનો ઉપસ્થિત રહેલ હતા આ પ્રસંગે હેમાલી સેજપાલ નું ભવ્ય સન્માન કરાયેલ હતું ડીજે સાથે અનેક યાત્રીકો સ્થાનીકોએ ભવ્યરાસગરબા પણ લીધા હતા બાળકો તથા આવેલ તમામ યાત્રીકો સ્થાની કોને વિના મુલ્યે પતંગ,દોરો,ચીકી,તલ મમરા ના લાડુ શેરડી સહીતની અનેક વસ્તુઓ પ્રસાદી રૂપે આપવામાં આવેલ હતી.

પ્રભાસપાટણ ત્રીવેણી રોડ ઉપર પુજય ડોગરેજી મહારાજ અન્નક્ષેત્ર માં હેમાલી સેજપાલ નું સન્માન અશોકભાઈ પરમાર,ધનસુખભાઈ પીઠડ દ્વારા કરવામાં આવેલ હતું તેમજ બન્ને ટ્રસ્ટીઓ છેલ્લા ૫૩ વર્ષથી વિશ્વભર માંથી આવતા તમામ યાત્રીકો બાવાસાધુ ઓને વિના મુલ્યે ભોજન પ્રસાદી અપાય રહેલ છે તેની માહીતી અપાય રહેલ છે ૨૪ કલાક શુધ્ધ પાણી મળી રહે તે માટે વિશાળ આરઓ પ્લાન્ટ પણ કાર્યરત છે સોમપુરા બ્રહમસમાજ દ્વારા ત્રીવેણી નદી કાંઠે દરરોજ સાંજે ત્રીવેણી નદી ની આરતી નું આયોજન થાય છે તેમાં પણ ભકિતભેર હાજરી આપેલ હતી આરતી નો લાભ લીધેલ હતો સોમનાથ સ્વાભીમાન પર્વ ને ૧૦૦૦ પુર્ણ થતા મંદિર તથા પરીષર માં ભવ્ય શુસોભન તેમજ યોજાયેલ કાર્યક્રમ માં સહભાગી બનેલ હતા.ભાલકા મંદિરે વર્ષોથી પતંગ મહોત્સવ ઉજવાય છે તેમાં મીલનભાઈ જોશી,રામભાઈ સોલંકી, વિપુલભાઈ રાજા,દીલીપ જશાભાઈ બારડ, અભય હીરાભાઈ જોટવા,ધનસુભાઈ પીઠડ, અશોકભાઈ પરમાર, વેજાનંદભાઈ વાળા, મીત રોહનભાઈ વૈધ, વેરાવળ મર્કન્ટાઈલ બેંક નો ખુબજ મોટો સહયોગ મળી રહેલ હતો

# છૂટાછેડા પછી તેના બાપા પૈસા ગણવા બેસે એ શરમજનકઃ રૂપાલા

## બહુ મોડું થઈ ગયું છે, આપણો સમાજ પાછળ રહી ગયો', સુરત પાટીદાર સમાજના કાર્યક્રમમાં સાંસદની હૈયાવરાળ

સુરતઃસુરતમાં સૌરાષ્ટ્ર કડવા પાટીદાર સેવા સમાજના કાર્યક્રમમાં લોકસભા સાંસદ પુરુષોત્તમ રૂપાલાએ સમાજની વર્તમાન સ્થિતિ અને ભવિષ્યના પડકારો અંગે ગંભીર અને મનનીય વિચારો વ્યક્ત કર્યા હતા. આ સાથે જ જાહેર મંચ પરથી પાટીદાર સમાજને આકરી ટકોર કરી હતી.રૂપાલાએ પોતાના વક્તવ્યમાં સમાજમાં આવતાં પરિવર્તનો, કુરિવાજો અને આંતરિક અનુશાસન પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે છૂટાછેડા પછી તેના બાપા પૈસા ગણવા બેસે છે એ સમાજ માટે શરમજનક છે. બહુ મોડું થઈ ગયું છે, આપણો સમાજ પાછળ રહી ગયો છે.રૂપાલાએ જણાવ્યું હતું કે આપણે ભવનો બનાવવાનાં છે, સાથે સાથે સમાજનું પણ ઘડતર કરવાની જરૂર છે. હવે આપણે સમાજમાં કોઈ નિયમો રાખ્યા છે? આપણું કોઈ બંધારણ છે? આપણે કોઈ નીતિ-નિયમ પ્રમાણે ચાલવું છે? એમાં હવે ખૂબ ગંભીરતાથી વિચારવાની આવશ્યકતા છે અને અન્ય સમાજો આપણા કરતાં આગળ થઈ ગયા છે. પાંચ-પચ્ચીસ વર્ષ પહેલાં એવો સમય હતો કે આપણો સમાજ નિર્ણય કરતો અને બીજો સમાજ એને ફોલો કરતો.



આજે બીજા સમાજોએ નિર્ણય કરી નાખ્યા અને આપણે તો હજી વિચારણા પણ નથી શરૂ કરી.આ ખૂબ ગંભીર મુદ્દો છે, એમાં આપણે વિચારવાની આવશ્યકતા છે. કેટલાય સમાજે નિર્ણય કર્યા. એક સમાજે તો એવો નિર્ણય કર્યો કે સોનાના દાગીના દેવાના જ નહીં. સામાજિક નિર્ણય છે, નિર્ણય થઈ ચૂક્યો છે. ઘણા સમાજની અંદર સમૂહલગ્નોના નિર્ણય થઈ ગયેલા છે કે આખા સમાજના એક જ તારીખે લગ્ન થાય - કચ્છ આહીર સમાજ, એની એક જ તારીખ, એ તારીખે જ બધાનાં લગ્ન થાય.

રૂપાલાએ વધુમાં કહ્યું હતું કે આપણા સમાજે આવું કંઈ વિચારવાની આવશ્યકતા છે? અને એટલું લગ્ન પૂરતું જ નહીં, બીજા ખૂબ આપણા વ્યવહારો જાત-ભાતના વધી ગયા છે. એમાંથી જો આપણે સામાજિક બંધારણની કોઈ અસર નહીં આપીએ તો આ ભવનો એ સગવડતા આપણી વધારશે, પણ સામાજિક પોત જે આપણું હતું એ ઘસાતું જાય છે.

સાંસદે જણાવ્યું હતું કે આપણે પ્રસંગોપાત્ત એકત્રિત થઈએ છીએ અને પછીની આપણી કોઈ ગતિવિધિ નથી, એટલે આપણામાં હમણા થોડીક સુષુપ્તતા આવી ગઈ છે અને એને લીધે સામાજિક નિયંત્રણો રહ્યાં નથી. હજી હું એવા કાર્યક્રમોમાં જાઉં તો નેતાનું ભાષણ ચાલતું હોય, પાછળથી હરિહરની થાળી પડી જાય, એ પાછળનું પડાળ ખાલી થઈ જાય. નેટ ઊભા ઊભા ભાષણ કરતા હોય, પણ પાછળ કોઈ વધ્યું ન હોય! આપણે પૂછીએ કે કેમ આમ થયું? તો કહે જમણવાર ચાલુ થઈ ગયો! પણ તમે સમાજના કાર્યક્રમમાં આવ્યા છો, તો સમાજનો કાર્યક્રમ એને પણ સાયન્ટિફિક રીતે બનાવો. ૪ વાગ્યે શરૂ થશે, ૬ વાગ્યે પૂરો થઈ જશે. મહેમાન આવવાના હશે એ આવશે, નહીં આવવાના હોય મોડા આવે એ ૬ વાગ્યે.

તેમણે કહ્યું હતું કે કાર્યક્રમો હવેના સમય પ્રમાણે આપણે કરવા જોઈએ. ગમે ત્યારે શરૂ કરીએ, ભાઈ ગમે ત્યારે પૂરા કરીએ, એને લીધે આ બધા પ્રશ્નો થાય છે અને એને લીધે મંચની ગરિમા નથી રહેતી, સમાજની ગરિમા નથી રહેતી. આપણી ધાક હોવી જોઈએ કે ભાઈ આ સમાજનો કાર્યક્રમ છે, એમાં ટાઈમસર પોગો, પછી ન્યા કંઈ નહીં હોય.

સાંસદે આગળ જણાવ્યું હતું કે પહેલા આપણા લગ્નમાં એવું થતું કે ૧૨ વાગ્યા પછી કોઈ જમવાવાળા આવે તો પીરસનારા સામા મળે! એ આપણા સમાજની શાખ હતી, એ આબરૂ હતી. તે દી હારથિયા આપણે આ કરતા હતા, એ દિવસે આપણી આ શાખ હતી. હવે આ કેટરિંગવાળાને સોંપ્યું છે એટલે ચાલ્યા રાખે છે! અને બગાડ પણ એટલો થાય છે. થાળીઓ એમ ને એમ ભરેલી ને એમ ને એમ ચાલ્યા રાખે બધું. આ બધી ચીજોમાં આપણા સમાજની શાખ ખોવાઈ રહી છે. મૂળ વિષય આ છે અને એ શાખ ઘવાતી ઘવાતી પછી ત્યાં સુધી ગઈ છે કે હવે દીકરા-દીકરી માનતાં નથી! પણ મારો બહુ સ્પષ્ટ મત છે કે એમાં દીકરા કે દીકરીઓનો વાંક નથી, આપણો વડીલોનો વાંક છે. આપણે તેમને ઘડતા નથી.

# ખેલ મહાકુંભ ૨૦૨૫ઃખેલાડીઓને રોકડ પુરસ્કાર મળેલ ન હોય તેમણે બેંક પાસબુક, આધારકાર્ડ સહિતની નકલ જમા કરવા સૂચના

અમરેલીઃખેલ મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત જિલ્લાની તાલુકા કક્ષા અને જિલ્લા કક્ષાએ યોજાયેલ સ્પર્ધાઓમાં વિજેતા થયેલ ખેલાડીઓને રોકડ પુરસ્કાર ચૂકવવાના થતા હોય આથી બાકી રહેલ જે ખેલાડીઓને રોકડ પુરસ્કાર મળેલ નથી તેમણે વહેલીતકે ફોર્મ ભરીને પોતાના બેંક ખાતાની પાસબુકની ઝેરોક્ષ અને આધારકાર્ડ નકલ રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ગોળ દવાખાની બાજુમા, ચિતલ રોડ,અમરેલી ખાતે રૂબરુ જમા કરાવવાની રહેશે. તા. ૨૨.૦૧.૨૦૨૬ સુધીમાં ડોક્યુમેન્ટ જમા કરાવવાના રહેશે. ત્યારબાદ રોકડ પુરસ્કાર અંગેની માહિતી સ્વીકારવામાં આવશે નહી તેની નોંધ તમામ શાળાના આચાર્યશ્રીઓએ અને ખેલાડીઓએ લેવાની રહેશે. સત્વરે માહિતી મોકલી આપવા માટે અમરેલી જિલ્લા રમત ગમત અધિકારીશ્રીની એક યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

# મગફળી પલળી જતાં માંગરોળમાં ખેડૂતનો આપઘાત

## લોએજ ગામના ખેડૂતે ઝેરી ટીકડા ખાઇ જિંદગી ટૂંકાવી લીધી, ચિંતામાં આત્મહત્યા કરતા ચકચાર

જૂનાગઢઃમાંગરોળના લોએજ ગામના ૫૫ વર્ષીય ખેડૂત લખમણભાઈ નંદાણીયાએ સિઝનની મગફળી પલળી જતા આત્મહત્યા કરી. ઘઉંમાં નાંખવાના ઝેરી ટીકડા ખાઇ લઈ જિંદગી ટૂંકાવી લીધી છે. તેઓ સતત ચિંતામાં રહેતા હતા.

નવેમ્બર, ૨૦૨૫માં વિસાવદર પંથકમાં પડેલા કમોસમી વરસાદ અને માવઠાને કારણે ખેડૂતોની આર્થિક સ્થિતિ અત્યંત દયનીય બની છે. પાક નિષ્ફળ જવાથી ગંભીર આર્થિક સંકડામણના કારણે ઈશ્વરીયા ગામના ૪૨ વર્ષીય ખેડૂતે આત્મહત્યા કરી લીધી હતી. ખેડૂતના આ અંતિમ પગલાથી સમગ્ર પંથકમાં ગમગીની અને ચિંતાનું મોજું ફરી વળ્યું હતું.

ગીર સોમનાથ જિલ્લાના ઉના પંથકમાં કમોસમી વરસાદને કારણે પાક નિષ્ફળ જતાં એક ખેડૂતે આત્મહત્યા કરી. રેવદ ગામના ૪૯ વર્ષીય ખેડૂતે પોતાની વાડીના કૂવામાં ઝંપલાવી જીવન ટૂંકાવ્યું હતું. કૂવામાં તરીને બહાર ન નીકળી શકાય એટલા માટે પોતાના શરીરે વીજપોલનો ૩ ફૂટનો ટુકડો બાંધી દીધો હતો.

# મીટરગેજ ટ્રેનના ટાઈમમાં ફેરફાર કરી દેલવાડા જુનાગઢ ડાયરેક્ટ ટ્રેન રદ કરાતા રેલ રોકો આંદોલનની ચીમકી

## ઊના પંથકમાં બ્રોડગેજ શરૂ કરવાની વાત એક બાજુ રહી પણ એક માત્ર મીટર ગેજ દેલવાડા જુનાગઢ હેરિટેજ ટ્રેન બંધ કરી જનતા સાથે હળાહળતો અન્યાય




ઊનાઃ ઉના તાલુકા ના દેલવાડા થી ઈસ્વીસન૧૯૩૪/૩૫ માં રાજાશાહી વખત થી ચાલતી મીટર ગેજ ટ્રેન ના ટાઈમ માં અણઘડત ફેરફાર કરી જૂનાગઢ ની ડાયરેક્ટ ટ્રેન રદ કરવાનો તેમજ દેલવાડા વેરાવળ ટ્રેન નો સમય સવારે ૮ કલાક ના બદલે બપોરે ૧ વાગ્યા નું કરવાનું પરિપત્ર તા.૧૪ જાન્યુઆરી ના રોજ રજૂ થતાં દેલવાડા રેલવે સ્ટેશન ખાતે વિરોધ નોંધવામાં આવ્યો

ઉપર જણાવ્યા મુજબ ની બે મુખ્ય ટ્રેનો જેમાંથી પ્રથમ દેલવાડા વેરાવળ ટ્રેન નં.૫૨૯૫૦ નો ટાઈમ સવાર ના ૮ કલાક ના બદલે બપોરે ૧ વાગ્યા નું કરવામાં આવેલ છે. તેમજ બીજી ટ્રેન દેલવાડા જૂનાગઢ ટ્રેન નં.૫૨૯૫૧ જે વર્ષો થી ડાયરેક્ટ જુનાગઢ સુધી ચાલતી હતી તે ટ્રેન ને દેલવાડા થી રદ કરી તાલાલા વેરાવળ જુનાગઢ ક્રોસિંગ આપી ને અણઘડત નિર્ણય કરેલ છે જેથી ઊના તાલુકા દેલવાડા સહિત આસપાસ ના ૨૫ થી વધુ ગામો ના યાત્રિકો અને જિલ્લા મથક વેરાવળ ખાતે સવારે સરકારી કામો માટે જતા લોકો અને આવા મોંઘવારી ના દિવસો માં બસ મારફતે વેરાવળ જવું હોય તો રૂપિયા ૧૩૫ થી ૧૬૦ ખર્ચી ને હોસ્પિટલમાં જતા ગરીબ મધ્યમ વર્ગ ના દર્દીઓ ને ખુબજ અગવડતા અને મુશ્કેલીઓ ઊભી થશે તેમજ ઉના ગીર ગઢડા ખાતે અભ્યાસ અર્થે જતા વિધાર્થીઓ કે જે સવાર ની ટ્રેન માં જઈ ત્યાંથી રિટર્ન સાંજ ની ટ્રેન માં પરત ફરતા હતા તેઓને પણ અભ્યાસ કરવા જવા માટે જવું ખુબજ હેરાનગતિ થશે તેવું સાફ દેખાઈ રહ્યું છે જેથી દેલવાડા ની વિવિધ સંસ્થા જેમ કે ચેમ્બર ઓફ કોમર્સ ના પ્રમુખ ની સાથે વેપારી મંડળ, દેલવાડા મુસ્લિમ સમાજ ના પ્રમુખ - ઉપ પ્રમુખ ની સાથે આગેવાનો, ઉના તાલુકા પંચાયત ના સદસ્ય દેવશીભાઈ મકવાણા, પૂર્વ પ્રદેશ યુવા મંત્રી વિજયભાઈ બાંભણિયા તેમજ દેલવાડા ગ્રામ પંચાયતે રેલવે મંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવ ને સૂચિત દેલવાડા રેલવે સ્ટેશન માસ્તર ને લેખિત આવેદન પત્ર આપી વિરોધ નોંધાયેલ જેમાં જણાવ્યા મુજબ જો આ બંને ટ્રેનો ને રાબેતામુજબ ચલાવવામાં નહી આવે તો તા.૧૯ ને સોમવાર ના રોજ નવા પરિપત્ર મુજબ પ્રથમ રવાના થતી દેલવાડા વેરાવળ ટ્રેન ને દેલવાડા સહિત આસપાસ ના યાત્રીઓ રેલ રોકો આંદોલન કરશે તેવી ગંભીર ચીમકી ઉચ્ચારવામાં આવેલ છે. તેમજ આગમી દિવસો માં જૂનાગઢ મહા શિવરાત્રિ નો મેળો આવતો હોય ઊના ગીર ગઢડા તાલુકાના લોકો ને જૂનાગઢ જવા ટ્રેન નહીં મળે પહેલા ટ્રેન માં ઓછા કોચ હોવાથી લોકો ડબ્બા ઉપર ચડી જૂનાગઢ જતા હતા હવે તલાલા થી વેરાવળ જુનાગઢ ટ્રેન માં કેવી રીતે ચડી શકશે તો જૂનાગઢ ના સાંસદ અને ઊના, કોડીનાર, તલાલા ના ધારાસભ્ય પણ મહેનત કરી દેલવાડા જુનાગઢ સીધી ટ્રેન તેમજ દેલવાડા વેરાવળ ટ્રેન નો હાલ જે સમય છે તે રાખવા લોક માંગણી ઉઠી છે.

# વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં તેલબીજ ક્ષેત્રને નવી દિશા

## Agri Value: The Oilseed Opprotunity' સેમિનારમાં રૂ. ૧૯૪.૯૮ કરોડના એમઓયુ થયા



રાજકોટઃ મારવાડી યુનિવર્સિટી, રાજકોટ ખાતે તા. ૧૧/૦૧/૨૦૨૬થી તા. ૧૫/૦૧/૨૦૨૬ દરમિયાન આયોજિત વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ–સૌરાષ્ટ્ર કચ્છ અંતર્ગત તા. ૧૧/૦૧/૨૦૨૬ના રોજ "Agri Value: The Oilseed Opprotunity" વિષય પર મહત્વપૂર્ણ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મેસર્સ બોમ્બે સુપર હેબ્રિડ સીડસ લિમિટેડ દ્વારા રૂ. ૧૦૦ કરોડ, મેસર્સ એડવીક એગવેન્ચર પ્રા.લિ. દ્વારા રૂ. ૯૦ કરોડ તથા મેસર્સ ધરતી એગ્રી એક્સપોર્ટ દ્વારા રૂ. ૪.૯૮ કરોડના એમ કુલ રૂ. ૧૯૪.૯૮ કરોડના ૩ સમજૂતી કરારો કરાયા હતા.

સેમિનારમાં ઈન્ડિયન ઓઈલસીડ્સ એન્ડ પ્રોડ્યુસ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના ચેરમેન શ્રી ઋતુપર્ણા ડોલે, ICAR-IIGR ડિરેક્ટર ડો. સંદીપ બેરા, અન્વેશનના સ્થાપક અને સીઈઓ શ્રી કુલદીપ પરેવા, આર્જેન્ટીનાઈન એડિબલ ઓઈલ એસોસિએશન એન્ડ ગ્રેઈન એક્સપોર્ટર્સના શ્રી ગસ્તાવો ઈડીગોરસ દ્વારા દ્વારા ગુજરાતમાં તેલબીજ ક્ષેત્રના વિકાસ, મૂલ્યવર્ધન, નિકાસ ક્ષમતામાં વધારો તથા ખેડૂત આવક વધારવાની દિશામાં મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. આ સેમિનારમાં કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરીશ્રી આર.સી. મીણા, કોપરેટિવ સોસાયટીના રજિસ્ટ્રાર શ્રી એમ.પી. પંડયા, ખેતી નિયામક શ્રી આર.પી. રજપૂત, આત્મા પ્રોજેક્ટ ડાયરેકટર શ્રી એસ.કે. જોશી, અધિક ખેતી નિયામક એન.એમ. શુક્લા સહિત અન્ય અધિકારીશ્રીઓ, વિવિધ ઉદ્યોગોના પ્રતિનિધિઓ તથા પ્રગતિશીલ ખેડૂતોએ હાજરી આપી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

**સૌરાષ્ટ્ર આસપાસ**

## ગીર અભયારણ્ય : ગૌરવ, જવાબદારી અને ભવિષ્ય

ગીર અભયારણ્ય માત્ર ગુજરાતનું નહીં, પરંતુ સમગ્ર ભારતનું ગૌરવ છે. એશિયન સિંહનું વિશ્વમાં એકમાત્ર સ્વાભાવિક નિવાસસ્થાન હોવાને કારણે ગીરનું મહત્વ વૈશ્વિક સ્તરે સ્વીકારાયેલું છે. જુનાગઢ અને અમરેલી જિલ્લામાં વિસ્તરેલું આ જંગલ ૧૮૮૨.૬ ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલું છે અને જૈવભૌગોલિક ઝોન-૪ (અર્ધ શુષ્ક)માં સ્થિત હોવા છતાં અહીંની પર્યાવરણપ્રણાલી અદભુત રીતે સ્વનિર્ભર અને સ્થાયી છે. આ જંગલ કુદરત, જીવસૃષ્ટિ અને માનવ વચ્ચેના સંવેદનશીલ સંતુલનનું ઉત્તમ ઉદાહરણ રજૂ કરે છે.ગીરનો ઇતિહાસ સંઘર્ષ અને સંરક્ષણની કથા છે. એક સમય એવો હતો જ્યારે બિનનિયંત્રિત શિકાર અને માનવ દખલના કારણે એશિયન સિંહો અસ્તિત્વના કિનારે પહોંચી ગયા હતા. તે સમયે ગુજરાતમા ભાજપના શાસન આવ્યા બાદ ગીરના જંગલનો વિકાસ થયો છે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ બાબતમાં રસ લઈને ગીરના જંગલને વિકસિત કરવામાં અને સિંહના સંવર્ધનમાં ખાસ રસ લઇ રહ્યા છે. તે આનંદની વાત છે. હવે ગુજરાતમાં વાઘનું પણ આગમન થઈ ચૂક્યું છે તો તેના માટે એક અલગ બફર ઝોન બનાવવો જરૂરી છે કારણ કે સિંહ અને વાઘ વચ્ચે ફાઈટ થઈ શકે છે!!

રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલા દ્રઢ નિર્ણયોના પરિણામે આજે ગીર ફરી એકવાર જીવંત અને સમૃદ્ધ બની રહ્યું છે. ૨૫૮.૭ ચોરસ કિ.મી. વિસ્તારને રાષ્ટ્રીય ઉદ્યાન અને ૧૧૫૩.૪ ચોરસ કિ.મી. વિસ્તારને અભયારણ્ય તરીકે જાહેર કરીને સિંહ સહિત અન્ય વન્યજીવોને સુરક્ષિત નિવાસ આપવામાં આવ્યો છે. સાથે સાથે બફર ઝોનની રચનાથી માનવ અને જંગલ વચ્ચેનો તણાવ ઓછો કરવાનો પ્રયત્ન થયો છે.ગીરનું મહત્વ માત્ર સિંહ પૂરતું સીમિત નથી. અહીં ચીત્તા, હાયના, શિયાળ, નિલગાય, ચિંકારા, સાંબર, વિવિધ જાતના સાપ, પક્ષીઓ અને અસંખ્ય વનસ્પતિઓનું સમૃદ્ધ જગત વસે છે. અર્ધ શુષ્ક પ્રદેશ હોવા છતાં ગીરની વનસ્પતિ જીવંત છે અને વરસાદી ઋતુમાં આ જંગલ નવી ઊર્જાથી ધબકે છે. આ જંગલ પ્રાકૃતિક સંસાધનોની સ્વયંસંચાલિત વ્યવસ્થાનું ઉત્તમ ઉદાહરણ છે, જ્યાં પ્રકૃતિ પોતે જ સંતુલન સાધે છે.ગીર સાથે માનવજીવનનો સંબંધ પણ ખૂબ જ નાજુક છે.



# માબાપ થવું આકરું છે. -૭

## ભાવનગર ૩૦૦

- બળદેવસિંહ ગોહિલ

- બાળકો મહેમાનોની દુર્ગંધ માબાપોને સમજાવી શકતાં હોય તો માબાપોની આંખ તુરંત ઉઘડત.
- બાળકો ખાતર સૌએ ઘણું છોડવાનું છે; પોતાની યોગ્યતા વધારવાની છે.
- મિત્રોની આવડત, બુદ્ધિ, કલાપ્રીયાતા ને સંસ્કારીતાનો લાભ બાળકોને જરૂર અપાવીએ.

નાનાં બાળકો સામે 'મહેમાન' નવો માણસ છે. મહેમાન બાળકોનું ધ્યાન તુરત જ ખેંચે છે, બાળકોની કુતુહલવૃત્તિ જગાડે છે અને બાળકોને તે અભ્યાસરૂપ થઈ પડે છે. પરિણામે મહેમાન બાળકને જાગૃત કરી જાય છે, સારીમાઠી બાબતોની છાપો પાડી જાય છે, બાળકોના કુમળાં જીવનમાં તાત્કાલિક અને કેટલીએક વાર કાયમી નુકસાનનાં બીજો રોપી જાય છે.

બાળકો તેને માબાપનો જાણીતો, મિત્ર, સગો કે સ્નેહી સમજીને તેની પાસે જાય છે, વાતો કરે છે, પોતાની, ઘરની, બાબાપાની વાતો કહે છે; વાતો સાંભળે છે. બાળકો મહેમાનોના ઈષ્ટ છે કે અનિષ્ટ; વર્તનના જાણતા નથી. જે વાત કહે છે તે સારી ગણાય કે નઠારી; તેઓનું વર્તે છે તે સારું ગાણાય કે નઠારું; કારણ કે બાળકો મહેમાનોને અત્યંત વિશ્વાસથી પોતાના ગણે છે. ઉપરાંત 'મહેમાન' એક નવી જ વ્યક્તિ હોવાથી તેનું બધું નવું જ લાગે છે, અને તે નવીનતાને કારણે બાળકો તે જોવા-જાણવા લલચાય છે. બાળકોને ખ્યાલ નથી હોતો કે બધી નવીનતા સારી નથી હોતી; ઘણી વાર તો તે ભયંકર હોય છે.

મહેમાનો બાળકોને પરાણે પાસે બોલાવે છે; હાથ પકડી ગલીપચી કરે છે, ખોળામાં બેસાડે છે, કુદાવે છે, નચાવે છે. આ બધું તેમના અધિકારોની બહાર જ છે એ વાત જુદી છે; બાળકો એમ માને છે કે જ્યારે બાબાપાના આં મહેમાનો છે, મોટા માણસ છે, બાબાપા તેમને માન આપે છે, તો તેઓ જે કરતા હશે તે સારું જ કરતા હશે. તેઓ જે કરે તે ન ગમે તો કોઈને કહેવાય નહિ કે બોલાય નહિ.

બાળકોને ઘણાં મહેમાનો ત્રાસરૂપ, કઢંગા લાગે છે. સંસ્કારીં બાળકો તેમનાથી દૂર જ રહે છે. છતાં મહેમાનો તેમને પાસે લે છે, રમાડે છે, ત્યારે તેઓ મૂંગા રહે છે કે કોઈ વાર રડી પડે છે. આવે વખતે માબાપો ઉલટા બાળકોને કહે છેઃ 'જો, એમ ન થાય. વાત કરો, એમ ન રડાય.'

બાળકો મહેમાનોની દુર્ગંધ માબાપોને સમજાવી શકતાં હોત તો માબાપોની આંખ તુરંત ઉઘડત. અને બાળકોને તેઓ બચાવી લેત. બાળકોને મહેમાનોની વાસ તીવ્રપણે આવે છે. તેઓ સારા નરસા મહેમાનોને ઓળખી કાઢે છે અને તે પ્રમાણે પરિચય લેવા રાજી કરાજી હોય છે. છતાં જયારે એકવાર તેઓ મહેમાનોની બદીનાં ભોગ થઈ પડે છે, ત્યારે મહેમાનોને પસંદ કરે છે. ઘણાં મહેમાનો પાસેથી બાળકો ન સમજે તેવો ચારિત્ર્યની હીનતાનો, ભયંકરતાનો પરિચય મેળવે છે, અને પોતે ન સમજે તેમ તેનો એક પ્રકારનો આનંદ મેળવે છે. બધા મહેમાનોનો આ પ્રકારના હોતા નથી પણ કેટલા એક મહેમાનો આવા શક્તિવાન હોય છે.

મહેમાનોના વર્ગો પાડીએ તો મિત્રો, સગાઓ, ફાલતુ અવતાજતા આડતીયાઓ, વટેમાર્ગુઓ વગેરે. મિત્રો એટલે વધારે નજીકના, હક્ક ધરાવનારાઓ, માનનીય માણસો. તેઓ બીડી પીતાં પીતાં બાળકોને રમાડે, ગંધાતા મોઢે બાળકને બચી લે, વાંસા થાબડે તો બાળકોએ તે માન્ય રાખવું! તેઓ પગ કે હાથ વચ્ચે દાબીને ભીંસે તો બાળકોએ તે ગમાડવું!

સગાંસંબંધીઓ, મહેમાનોની લાગણીનો બહુ લાભ બાળકોને આપવાની જરૂર નથી. એમ માબાપે વિચારી લેવું. તેઓ આદર્શ રૂપ છે એવું બાળકો ન સમજે તેવું જોવું. આપણે આવા મહેમાનોની ટેવો, વિચારો વગેરે વિષે ઘરમાં છૂટથી બાળકો સમક્ષ વાતો કરીએ જ. સગાંસંબંધીઓ આપણાં માન, મમતા ને આપણી મહેમાનગતિનાં અધિકારી છે; તેઓનો બાળકો સાથે વાતો કરવાનો ચાલુ થયેલો હક્ક અતિથિસત્કારની યાદીમાંથી કાઢી નાખવો જોઈએ.

આપણે ત્યાં આવતા-જતા આડતીયાઓ વગેરે માણસો અગર વટેમાર્ગુઓ માટે આપણા બાળકોને એમ જ કહી રાખવું ઘટે, કે આપણે તેમની સાથે કામ ન પડાય, તેમની પાસે જવાની અને બેસવાની જરૂર નથી. બાળકોને એવી રીતે રાખવાં કે તેમનો પરિચય થવાનો અવકાશ ન રહે. ધીમે ધીમે બાળકોમાં મહેમાન મહેમાન વચ્ચેનો તફાવત સમજવાની સૂક્ષ્મ ભેદવાળી સંસ્કારિતા કેળવણી. બાળકો સાથે વારંવાર વાતો કરવાથી અને તેમનું વર્તન દોરવાથી બાળકોમાં આ સમજણ પેદા થશે, બાળકો અભિમાની ન થાય, સૂગવાળાં ન થાય, અતિથિ પ્રત્યે તિરસ્કાર વાળાં ન થાય, તેવી રીતે તેમને ખ્યાલ આવવા દેવો કે અમુક માણસો સાથે એકદમ હળાય-મળાય, બેસાય-ઉઠાય નહિ. બાળકોના મનમાં ઉતારવાની રીત દરેક વિચારી અને સંસ્કારી માતાપિતા પોતાની મેળે જ શોધી શકે છે.

આડતીયાઓ અને વટેમાર્ગુ જેવા મહેમાનો આપણા તરફ સ્નેહ કે ઉપકારની લાગણી બતાવવા બાળકોને રમાડે છે, ભેટ આપે, ફરવા લઈ જવા કહે. આ બાબતમાં આપણું વલણ બહુ સ્પષ્ટ અને કડક જ રહેવું જોઈએ. આપણે જ મહેમાનોને સ્પષ્ટ ના કહી દેવી જોઈએ. બાળકોના વલણને તેવે વખતે માન આપવાની જરૂર નથી, કેમ કે તે વલણ કૃત્રિમ છે. બાળકોને જોઈએ તે આપણે લઇ દઈએ, તેમને ફરવા લઈ જઈએ; પણ મહેમાનોને તેમ કરવા ન દઈએ; બાળક ઘણીવાર આને લીધે લોભી અને લાલચું બને છે. માબાપો પાસેથી ન મળતું બીજેથી મેળવવા પ્રયત્ન કરે છે, અને એમ હલકું બને છે.

બાળકો અતડાં દેખાય; આપણે જરા ગુમાની દેખાઈએ તેની પણ ચિંતા નહિ. હા, બાળકોને મહેમાનોની નાની એવી સેવામાં પ્રસંગોપાત્ત ગોઠવી શકીએ. જેમ કે પાણી મગાવીએ, પીરસવા રાખીએ, મહેમાનોને તેડવા જતાં કોઈ વાર સાથે લઇ જઈએ. આ રીતે અતિથિભાવના, જરૂર તેમની પાસે મૂકીએ. પણ મહેમાનોના ભોગ તો બાળકોને ન જ થવા દઈએ.

આપણે એકબીજાને ઘેર મહેમાનો તરીકે જઈએ છીએ. એક બીજાના બાળકો તરફના આપણા હક્કો અને મર્યાદાઓ સમજી લઈએ તો આપણે બાળકોને બચાવી શકીએ. મિત્રો કે સગાંનાં બાળકો પ્રત્યે આપણને મમતા હોય અને હોવી જોઈએ; તે પોષવી પણ જોઈએ. મિત્રોનાં બાળકો ધીમે ધીમે આપણાં મિત્રો થાય. એ મિત્ર, સગપણ પરંપરા ઊતરે તે રૂડું છે, અને તે માટે જ આપણાં બાળકોની મૈત્રી બહુ સંભાળથી, આદરથી, યોગ્યતાપૂર્વક સાધીએ. આપણાથી મિત્રોનાં બાળકો દૂર રહેતો આપણે ખોટું ન લગાડીએ. મિત્રના બાળકો કે ખાનદાન કુટુંબના આપણા શેઠનાં બાળકો આપણી સાથે રમે, હળેમળે તો આપણને ગમે છે; તેમાં થોડીએક મોટાઈ પણ માનીએ છીએ. તે બધું બાળકોના હિત ખાતર છોડી દઈએ. આજે બાળકો ખાતર સૌએ ઘણું છોડવાનું છે; બાળકો ખાતર પોતાની યોગ્યતા વધારવાની છે, તેમજ આ બાબતામાં પણ આવશ્યક કરીએ.

આપણે માબાપો પણ મિત્રોનો સદુપયોગ કરીએ. મિત્રોની આવડત, બુદ્ધિ, કલાપ્રીયાતા ને સંસ્કારીતાનો લાભ બાળકોને જરૂર અપાવીએ. એટલા માટે યોગ્યતાવાળા મિત્રોને વધારે નજીકનું સ્થાન આપી તેમની વાર્તા, નાટકો, વાતચીત, ખેલ, ગમ્મતો વગેરે સાંભળવા-જોવાનું જરૂર ગોઠવીએ. બાળકો માણસોનાં કેટલેક અંશે ભૂખ્યા છે; તેઓ બહિરજગતના મહેમાનો દ્વારા અભ્યાસ કરી શકે છે, પણ તે ભૂખ ટળે તે આપણે કાળજીપૂર્વક ગોઠવવું. છતાં મહેમાનો વચ્ચે આપણાં બાળકોને કેવળ મૂકી દેવા અને ભરોસે ચલવી લેવું એ બહુ ઠીક નથી. સારી વસ્તુઓની શોધ માટેની ચીવટ અને અવિશ્વાસ એ બેમાં તફાવત છે. આપણા મહેમાનો આપણા માથા પર છે; પણ આપણી ચીવટ તેથી કમ કરવાની જરૂર નથી.

# કેવું જશે આપનું આવતું અઠવાડિયું



**મેષ - (અ, લ, ઈ) :-** આ અઠવાડિયે તમારું સ્વાસ્થ્ય તમારા હાથમાં રહેશે. તેથી તમારી માનસિક સ્થિતિમાં સુધારો લાવવા, આ સમય દરમિયાન ધ્યાન અને યોગનો નિયમિત અભ્યાસ કરો અને વાસી ખોરાક ટાળો. આ સમયે તમારા માટે શારીરિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનું વધુ સારું રહ્યું છે. આ અઠવાડિયાની શરૂઆતમાં, તમારા જીવનની તમામ પ્રકારની આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ જશે અને તેમાં સુધારણાને લીધે, અઠવાડિયાના મધ્યમાં તમને ઘણી મહત્વપૂર્ણ વસ્તુઓ ખરીદવી સરળ રહેશે. જેની સાથે તમે તમારી કમ્ફર્ટમાં વધારો કરતા જોવા મળશે. આ અઠવાડિયે તમને ઘરના નાના સભ્યો સાથેના સંબંધોને સુધારવામાં મદદ કરશે. જેના કારણે તમે તમારા ખાનદાની બતાવતા, તમારા પરિવારને સાથે રાખવાનો પ્રયત્ન કરશો. આ માટે, તમે ક્યાંક યાત્રા પર અથવા પિકનિક પર બધા પરિવારની મુલાકાત લેવાની યોજના પણ બનાવી શકો છો.આ અઠવાડિયે મહત્તમ ગ્રહોની દૃષ્ટિ તમારા ભાગ્યને ટેકો આપવા માટે કામ કરશે. જેના કારણે તમને તમારી કારકિર્દીમાં સફળતા મળશે, કેટલાક અભૂતપૂર્વ પડકારો અને અવરોધોનો સામનો કરવો અને પ્રગતિ પ્રાપ્ત કરવી. ઘણા વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ અને આળસ આ અઠવાડિયે તેમના પતનનું મુખ્ય કારણ હોઈ શકે છે. એટલા માટે તમારે આ લક્ષણોથી દૂર રહેવાની જરૂર છે, નહીં તો તમે ઇચ્છો તો પણ તમારા લક્ષ્યની રેસમાંથી પોતાને બાકાત રાખશો.

**વૃષભ - (બ, વ, ઉ)**આ સમયગાળા દરમિયાન, તમે તમારી જીવનશૈલીમાં સુધારો કરવા માટે સતત ફેરફારો કરશો. આ માટે તમે યોગા કરવાનું અને રોજિંદા ધોરણે નિયમિત કસરત કરવાનું નક્કી કરી શકો છો, આરોગ્યની સારી જીંદગી માટે, જ્યારે તમારી જાતને તમારા આરામ ક્ષેત્રમાંથી દૂર કરો. જો કે, આ સમયે તમારે તમારા પર ખૂબ કામ લેવાનું ટાળવું જોઈએ. ભૂતકાળમાં તમારા દ્વારા કરાયેલા તમામ પ્રકારની સંપતિ સંબંધિત વ્યવહાર આ અઠવાડિયામાં પૂર્ણ થવાની સંભાવના છે. જેનો તમને ફાયદો થશે, સાથે જ તમે તેનાથી તમારું ભવિષ્ય સુરક્ષિત કરવામાં પણ તમે મોટા પ્રમાણમાં સફળ થશો. આ અઠવાડિયે, તમારે કુટુંબના સભ્યો પર શંકાસ્પદ બનવું અને તેમના ઉદ્દેશ્ય વિશે ઉતાવળથી નિર્ણય લેવાનું ટાળવું પડશે. શક્ય છે કે તેઓ કોઈક પ્રકારનાં દબાણ હેઠળ હોય અને તેમને તમારી સહાનુભૂતિ અને વિશ્વાસની જરૂર હોય.આ અઠવાડિયે, વરિષ્ઠ અધિકારીઓ અને તમારા સાહેબ કાર્યસ્થળ પર ગુસ્સે મૂડમાં રહેશે. જેના કારણે તે તમારા દરેક કામમાં કોઈ ઊણપ શોધતો જોવા મળશે. આ તમારું મનોબળ પણ તોડી શકે છે, સાથે જ ડર કે તમે અન્ય સાથીદારોમાં ક્યારેક સુસ્તી અનુભવી શકો છો. આ રાશિના વિદ્યાર્થીઓ આરામથી પૂરા થવા માટે આ સપ્તાહનો તમામ સમય તેમના અભ્યાસ સિવાય કાડી શકે છે. જો કે તમે તેના નકારાત્મક પરિણામોને સમજો ત્યાં સુધીમાં તે ખૂબ મોડું થઈ જશે.શનિ ગ્રહ તમારી ચંદ્ર રાશિના અગિયારમા ભાવમાં બિરાજમાન હશે અને એના પરિણામસ્વરૂપ,તમારી ચંદ્ર રાશિના ચોથા ભાવમાં કેતુ ગ્રહ હાજર હશે.

**મિથુન - (ક, છ, ઘ) :-** આ અઠવાડિયે તમે તમારી સ્વાસ્થ્ય કુંડળીમાં ઘણા, મહત્વપૂર્ણ અને સકારાત્મક ફેરફારો જોઈ શકો છો. કારણ કે આ સમયે થોડા પ્રયત્નોથી તમે તમારા સ્વાસ્થ્યમાં સુધારો કરી શકો છો અને તમારું માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય સુધરશે. આ અઠવાડિયે ડ્રાઇવિંગ કરતી વખતે વાહન ચલાવતા વાહનોએ વધુ કાળજી લેવાની જરૂર રહેશે. કારણ કે શક્ય છે કે તમે ટ્રાફિકના નિયમો જેમ કે ફોન ટોક, ઝડપી ગતિ વગેરેનું ઉલ્લંઘન કરશો, જેના માટે તમારે ભારે દંડ ભરવો પડશે. આ સિવાય નાણાંની ખોટની સાથે તમારે તમારો સમય બગાડવો પડી શકે છે. આ અઠવાડિયે, પરિવારના સભ્યો સાથે બહાર જમવા અથવા મૂવી જોવાથી તમને આરામ મળશે અને તમને ખુશ રાખશે. ઉપરાંત, આ અઠવાડિયું તમને જોઈતા લોકો સાથે ભેટો વહેવારવા માટે વિશેષ સારું બનશે. તમે આ અઠવાડિયામાં સંપૂર્ણ ખાલી અને એકલા અનુભવો છો. આ અઠવાડિયે આ ક્ષેત્રમાં તમે જોશો કે તમારી બધી સિદ્ધિઓ બીજા સાથીદાર દ્વારા કરવામાં આવી રહી છે. તેથી તમે કરેલા કાર્યનું શ્રેય બીજા કોઈને લેવા દો નહીં.

**કર્ક - (ડ, હ) :-** આ અઠવાડિયે તમારે સારા સ્વાસ્થ્ય પ્રત્યે વધુ જાગૃત રહેવાની જરૂર રહેશે. આ માટે, તળેલું ખોરાક બહાર ખાવાને બદલે ફક્ત ઘરેલું ખોરાક જ વાપરો. ઉપરાંત, સવારે અને સાંજે ઘરેથી દૂર ચાલો, પગથી ચાલો અને તાજી હવાનો આનંદ માણો. કારણ કે ફક્ત આ કરવાથી, તમે તમારી જાતને સ્વસ્થ રાખવામાં સફળ થશો. આ અઠવાડિયે ડ્રાઇવિંગ કરતી વખતે વાહન ચલાવતા વાહનોએ વધુ કાળજી લેવાની જરૂર રહેશે. કારણ કે શક્ય છે કે તમે ટ્રાફિકના નિયમો જેમ કે ફોન ટોક, ઝડપી ગતિ વગેરેનું ઉલ્લંઘન કરશો, જેના માટે તમારે ભારે દંડ ભરવો પડશે. આ સિવાય નાણાંની ખોટની સાથે તમારે તમારો સમય બગાડવો પડી શકે છે. તમને આ અઠવાડિયે સમાજમાં સન્માન મળશે, જો કે આ સમયમાં તમારા ભાઈ-બહેનોનું સ્વાસ્થ્ય નબળું રહેશે. જેના પર તમારે તમારા કેટલાક પૈસા ખર્ચ કરવા પડશે. પરંતુ આ સમય દરમિયાન, તમે તમારા પરિવારની બધી જવાબદારીઓનું ધ્યાન રાખશો, તમને ઘરમાં માન આપશે. આ વેપારીઓ તેમના વ્યવસાય સાથે સંબંધિત કંઈપણ શેર કરવાનું ટાળશે. કારણ કે તમારે તે સમજવું પડશે, તમારી યોજના દરેક સાથે શેર કરવી, પણ તમને ઘણીવાર મુશ્કેલીમાં મૂકી શકે છે.

**સિંહ - (મ, ટ) :-** આ અઠવાડિયે, તમારે તમારા શરીરને આરામ કરવો પડશે. કારણ કે તમે તાજેતરના સમયમાં ભારે માનસિક દબાણમાં આવી ગયા છો, આ સ્થિતિમાં આરામ કરવો તમારા માનસિક જીવન માટે યોગ્ય રહેશે. તેથી તમારા માટે નવી પ્રવૃત્તિઓ અને મનોરંજન, આરામ કરો. આ અઠવાડિયે, તમે ઘણી બિનજરૂરી વસ્તુઓ ખરીદીને ઘણા વધુ ઉડાઉ ખર્ચ કરી શકો છો. આવી સ્થિતિમાં, તમારે કંઈપણ ખરીદતા પહેલા તમારી પાસે તે વસ્તુઓનો ઉપયોગ કરવાની જરૂર પડશે. જો તમે તમારા મોટા ભાઈ-બહેનો પાસેથી કોઈપણ પ્રકારની આર્થિક સહાય માંગી હોત, તો તમને તેમાં પ્રતિકૂળ પરિણામો મળશે. શક્ય છે કે તમારી બહેનપણીઓ તમારી નબળી આર્થિક સ્થિતિને ટાંકીને તમને કોઈપણ પ્રકારની સહાય આપવાનો ઇનકાર કરે.આ અઠવાડિયે, ક્ષેત્રમાં તમારા પાછલા કેટલાક કામોને લીધે, તમારે તમારા ઉપરી અધિકારીઓ અને બોસનો સામનો કરવો પડી શકે છે. કારણ કે એવી સંભાવના છે કે તમે તે કામમાં કંઇક ખોટું કરી રહ્યા છો, જેના કારણે તમારે તેમની ટીકાઓનો સામનો કરવો પડશે.

**કન્યા - (પ, ઠ, ણ) :-** પોતાને ફીટ રાખવા માટે, તમારે આ અઠવાડિયામાં ખૂબ જ સંઘર્ષ કરવો પડશે નહીં. કારણ કે આ સમય દરમિયાન તમને ભાગ્ય મળશે. જેના કારણે તમે સ્વસ્થ રહેવા માટે સમર્થ હશો, ભલે તમે તમારું સ્વાસ્થ્ય સારું રાખવા માટે ઓછા પ્રયત્નો કરો. આ અઠવાડિયે કોઈપણ અનિચ્છનીય મહેમાનને ઘરે પછાડવું તમને પરેશાન કરશે. કારણ કે તેમની સુખાકારીથી તમને ઘણા પૈસા ખર્ચ થઈ શકે છે, જેના કારણે તમારે બેથી ચાર આર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડશે. તમે આ અઠવાડિયે તમારી જાત સાથે ગુસ્સે થશો, કેમ કે તમને લાગશે કે તમારા પરિવારની દખલને કારણે તમે તમારી શરતો પર તમારું જીવન પસાર કરી શકતા નથી. આવી સ્થિતિમાં ઘરના સભ્યો પ્રત્યેનો તમારો સ્વભાવ પણ થોડો અસંસ્કારી લાગશે.તમારા કર્ક્ષેયત્રમાં આ અઠવાડિયે અન્ય લોકો સાથે મતભેદ થશે, જે વધુ ધીરે ધીરે વધી શકે છે. આ તમારી છબી અને સ્થિતિમાં બગાડનું કારણ બનશે, જેની તમારી કારકિર્દી પર સીધી નકારાત્મક અસર પડશે. તમે આ અઠવાડિયે જે પણ સખત મહેનત કરો છો તેના મુજબ સારા અને સફળ ફળ મળવાની સંભાવના જોશો. તેથી શરૂઆતથી જ સખત મહેનત માટે તૈયાર રહો અને તમારા પ્રયત્નોને વેગ આપતા વખતે તમારું ધ્યાન તમારા શિક્ષણ તરફ કેન્દ્રિત રાખો.

**તુલા - (ર, ત) :-** આ અઠવાડિયે સગર્ભા સ્ત્રીઓ, ખાસ કરીને, તેમના સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખવાની જરૂર રહેશે. અન્યથા, કોઈપણ પ્રકારના ચેપને લીધે, તમારે ખાસ મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આ અઠવાડિયે કોઈપણ અનિચ્છનીય મહેમાનને ઘરે પછાડવું તમને પરેશાન કરશે. કારણ કે તેમની સુખાકારીથી તમને ઘણા પૈસા ખર્ચ થઈ શકે છે, જેના કારણે તમારે બેથી ચાર આર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડશે. આ અઠવાડિયે, તમારે કુટુંબના સભ્યો પર શંકાસ્પદ બનવું અને તેમના ઉદ્દેશ્ય વિશે ઉતાવળથી નિર્ણય લેવાનું ટાળવું પડશે. શક્ય છે કે તેઓ કોઈક પ્રકારનાં દબાણ હેઠળ હોય અને તેમને તમારી સહાનુભૂતિ અને વિશ્વાસની જરૂર હોય. આ અઠવાડિયે ઘણા લોકોને ધંધા અને શૈક્ષણિક લાભની અપેક્ષા છે. કારણ કે તકો છે કે તમે ઘણી સારી તકોનો લાભ લઈ શકો, તમારા શિક્ષણ અને અનુભવોનું સારું પ્રદર્શન આપી. તેથી, પોતાને ઓછું વિચારવાની ભૂલ ન કરો. આ સમયે, તે વિદ્યાર્થીઓ, જે જીવનમાં તેમના લક્ષ્યો વિશે સંપૂર્ણ વિશ્વાસ ધરાવે છે, તેઓએ તેમની સખત મહેનત પર વધુ ધ્યાન આપવાની જરૂર રહેશે. કારણ કે આ સમય દરમ્યાન તમારે સૌથી વધુ સંઘર્ષ કરવો પડશે, તમારા અહંકાર ઉપર પ્રભુત્વ મેળવવા નહીં.

**વૃશ્ચિક - (ન, ય) :-** આ અઠવાડિયું ફક્ત તમારી તબિયત સુધારશે જ નહીં, પણ તમારા જીવનમાં તમને કોઈ સારા સમાચાર મળશે. આવી સ્થિતિમાં, તમારી ખુશીને તમારી પાસે રાખવાને બદલે, અન્ય લોકો સાથે શેર કરો. કારણ કે તે તમારા સ્વાસ્થ્ય પર પણ સારી અસર બતાવશે, તમે તે ખુશીને બમણી પણ કરી શકશો. નાણાકીય જીવનમાં આ અઠવાડિયે, તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિઓમાં જોશો. આ તમને એક સારા સ્તરે ફક્ત આર્થિક લાભ આપશે નહીં, પરંતુ તમારી આર્થિક સ્થિતિ પણ પહેલા કરતા ઘણી મજબૂત જણાશે. તેના નવા પ્રોજેક્ટ્સ માટે, તેના માતાપિતાને વિશ્વાસમાં લેવાનો આ યોગ્ય સમય છે. આ માટે, તમારે શરૂઆતમાં તમારા માતાપિતાને તેમની યોજના અને તેના પરના તેમના વિચારો વિશે બધું જણાવવાની જરૂર રહેશે.આ અઠવાડિયે ક્ષેત્રના સંજોગો સંપૂર્ણ રીતે તમારી તરફેણમાં રહેશે. જેના કારણે તમે કાર્યસ્થળ પરના દરેક અધૂરા કાર્યને પૂર્ણ કરીને તમારા ઉપરી અધિકારીઓ અને તમારા બોસને ખુશ કરી શકશો. આ સાથે, તમે ભવિષ્યમાં પ્રગતિની સંભાવના પણ જોશો.

**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** આ અઠવાડિયે નિયમિત કસરત તમને ફીટ રાખવામાં મહત્વની ભૂમિકા નિભાવશે. આ સમય દરમિયાન, તમારા સ્વાસ્થ્યમાં ઘણા સારા ફેરફારો જોવા મળે છે. જેમને મેદસ્વીપણાની સમસ્યા હોય તેમના માટે સમય ખાસ સારો રહેશે. કારણ કે તે લોકો તેમની કેટલીક સમસ્યાઓ કાયમ માટે છુટકારો મેળવવામાં સક્ષમ હશે. જો પૈસાનો મોટો હિસ્સો વળતર અને લોન, વગેરેના રૂપમાં લાંબા સમયથી અટવાયું છે, તો આ અઠવાડિયામાં તમને તે પૈસા મળશે. કારણ કે, આ સમયે, ઘણા શુભ ગ્રહોની સ્થિતિ અને દૃષ્ટિ તમારી રાશિના જાતકના ઘણા મૂળ વતનીને ફાયદાકારક નાણાં દર્શાવે છે. આ અઠવાડિયામાં તમારે પરિવારમાં કોઈ પણ પ્રકારની ચર્ચામાં પડવાનું ટાળવું પડશે. કારણ કે આવું ન કરવાથી તમારી સામે અન્ય લોકો સામે ભ્રષ્ટ થઈ શકે છે. તેથી, જો કોઈની સાથે કોઈ સમસ્યા હોય, તો તેને શાંતિપૂર્ણ રીતે સંવાદ દ્વારા સમાધાન કરવાનો પ્રયાસ કરો.આ અઠવાડિયામાં તમને ઓફિસમાં કામ કરવાનું મન નહીં થાય. કારણ કે તમારી કારકિર્દી વિશે તમારી પાસે થોડી દ્વિધા હશે, જે તમને ધ્યાન કેન્દ્રિત કરવાની મંજૂરી આપશે નહીં. તેથી તમારા મનને કેન્દ્રિત રાખવા માટે, તમે યોગ અને ધ્યાનનો આશરો લઈ શકો છો. આ સમયે, તે વિદ્યાર્થીઓ, જે જીવનમાં તેમના લક્ષ્યો વિશે સંપૂર્ણ વિશ્વાસ ધરાવે છે, તેઓએ તેમની સખત મહેનત પર વધુ ધ્યાન આપવાની જરૂર રહેશે.

**મકર - (ખ, જ) :-** જો કોઈ કાયદાની અદાલતમાં કેસ સ્થગિત કરવામાં આવે છે, તો તમે તેના પરિણામ વિશે વિચાર કરીને પોતાને ગભરાવી શકો છો. જેના કારણે પરિવારનું વાતાવરણ પણ અશાંત દેખાશે. જો તમે સરકારી ક્ષેત્રે કામ કરી રહ્યા છો, તો પછી આ અઠવાડિયા તમારા માટે મહત્વપૂર્ણ અને સારા બનશે. કારણ કે આ સમયગાળા દરમિયાન તમને સરકાર તરફથી ફાયદા અને ઇનામ મળવાની સંભાવના રહેશે, જે તમને સારા સ્તરે નફો આપશે. આ સમયે તમે તમારા મિત્રો અને પરિવાર સાથે મનોરંજનનો સમય પસાર કરશો. આ સાથે, તમારું સંપૂર્ણ ઊર્જા અને જબરદસ્ત ઉત્સાહ તમારા કૌટુંબિક જીવનમાં ઘણાં સકારાત્મક પરિણામો લાવશે અને તમને ઘરેલું તણાવથી દૂર રાખવામાં સહાયક સાબિત થશે.આ અઠવાડિયે મેદાન પર, તમારો કોઈ વિરોધી અથવા વિરોધી તમારી વિરુદ્ધ કાવતરું રચી શકે છે. તેથી, તમારે શરૂઆતથી જ જાગૃત રહેવું, દરેક પરિસ્થિતિમાં તમારી આંખો અને કાન ખોલીને કામ કરવાની જરૂર છે. તમારી રાશિના જાતકોના લોકોએ આ અઠવાડિયે શિક્ષણના ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરવા માટે તેમના લક્ષ્યો માટે પ્રતિબદ્ધ થવાની જરૂર રહેશે. નહિંતર, તમારી બધી અગાઉની મહેનત ડ્રેઇન કરી શકે છે. તેથી, તમારા લક્ષ્યો વિશે વિચારતા, આ સમયે કોઈપણ પગલું ભરો.કારણકે તમારી ચંદ્ર રાશિના ત્રીજા ભાવમાં શનિ મહારાજ બેઠેલો હશે.

**કુંભ- (ગ, શ, ષ, સ) :-**પોતાને ફીટ રાખવા માટે, તમારે આ અઠવાડિયામાં ખૂબ જ સંઘર્ષ કરવો પડશે નહીં. કારણ કે આ સમય દરમિયાન તમને ભાગ્ય મળશે. જેના કારણે તમે સ્વસ્થ રહેવા માટે સમર્થ હશો, ભલે તમે તમારું સ્વાસ્થ્ય સારું રાખવા માટે ઓછા પ્રયત્નો કરો. તે લોકો જેઓ તેમના ઘરથી દૂર કામ કરી રહ્યા છે અથવા અભ્યાસ કરી રહ્યા છે, તેઓને આ અઠવાડિયામાં કોઈ કારણસર તેમના નાણાં ખર્ચવા પડી શકે છે. કારણ કે સંભવ છે કે તમે અચાનક કોઈક પ્રકારની પાર્ટી કરવાની અથવા તમારા મિત્રોના ઇશારે મુલાકાત લેવાની યોજના બનાવી છે. જો કોર્ટ-કચહરીમાં કોઈ જૂનો કેસ ચાલતો હોય, તો પછી આ અઠવાડિયામાં, તમને તમારી મહેનતનું યોગ્ય પરિણામ મળી રહ્યું છે, તે કેસનો નિર્ણય તમારા પક્ષમાં આવે તેવી સંભાવના છે. આ સ્થિતિમાં, નોન-સ્ટોપનો પ્રયાસ ચાલુ રાખો અને યોગ્ય સમયગાળાની રાહ જુઓ. જો તમે આ અઠવાડિયે કોઈ મિત્રની દરખાસ્ત કરવાનું વિચારી રહ્યાં છો, તો તે કરવાનું તમારા માટે નુકસાનકારક રહેશે. કારણ કે આ તમારા બંનેના સંબંધોને જ બગાડે છે, પરંતુ તમે એક સારા મિત્રને પણ ગુમાવી શકો છો. આ અઠવાડિયે એવું લાગે છે કે તમે થોડા સમય માટે ખૂબ જ એકલા છો. આ સમય દરમિયાન તમારા સહકાર્યકરો / સાથીઓ સહાયક હાથ લંબાવી શકે છે. પરંતુ તેમની પાસેથી વધુ અપેક્ષા રાખશો નહીં, કારણ કે તેઓ તમને ખૂબ મદદ કરી શકશે નહીં.

**મીન-(દ, ચ, ઝ, થ) :-** આ અઠવાડિયે સંભવ છે કે સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓના કારણે તમને થોડી સમસ્યાઓ થઇ શકે છે. આવી સ્થિતિમાં હંમેશાં દરેક રોગની સારવાર ઘરે ટાળો અને ભૂલથી પણ ઘરેલું ઉપાય અપનાવીને સમય બગાડો નહીં. નહિંતર, યોગ્ય સારવાર કરવામાં વિલંબને કારણે, તમારી સમસ્યા વધી શકે છે. એવી આશંકાઓ છે કે તમે આ અઠવાડિયામાં થોડી જંગમ અને સ્થાવર મિલકતની ચોરી કરી હોઇ શકે છે, અથવા કોઈ તમારો વિશ્વાસ તોડીને તેને પડાવી શકે છે, ત્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી પોતાને શરૂઆતથી સાવધ રાખો, કોઈના પર આંધળો વિશ્વાસ કરવાનું ટાળો. આ અઠવાડિયુ તમને પારિવારિક જીવનમાં દરેક પ્રકારના ઉતાર ચડાથી છુટકારો અપાવવાનું કામ કરશે. તે જ સમયે, કુટુંબની સહાયથી, કેટલાક લોકોને ભાડેથી મકાન આપવાને બદલે પોતાનું મકાન લેવામાં સફળતા મળશે. આ અઠવાડિયામાં અન્ય લોકોને ક્ષેત્ર પર આવા કાર્ય કરવા દબાણ ન કરો, જે તમે તમારા પોતાના પર કરવાનું પસંદ નહીં કરો. કારણ કે આ સમયે તમારો સ્વાર્થ તમારા સ્વભાવમાં વધશે. જેના કારણે તમે તમારી શક્તિનો ખોટો ઉપયોગ કરીને તમારી નીચે કામ કરતા કર્મચારીઓને કોઈપણ નકામું કામ આપી શકો છો. આ સપ્તાહ તમારી રાશિના તે વિદ્યાર્થીઓ માટે કે જેઓ આઇટી, ફેશન, મેડિકલ, કાયદો અને ઇન્ટિરિયર ડિઝાઇનિંગનો અભ્યાસ કરે છે તેમના માટે સુવર્ણ બનશે.

# અભિનેત્રી પ્રિયંકા ચોપડાએ ચાંચીયામાં રોલમાં જીવ રેડયો

## પ્રિયંકા આ ફિલ્મમાં એક પૂર્વ સમુદ્રી લૂંટારૂનો રોલ કરી રહી છે, જેને ટ્રેલરમાં 'બ્લડી મેરી' તરીકે ઓળખાવવામાં આવી છે

મુંબઈ,
પ્રિયંકા ચોપડા અને કાર્લ અર્બન અભિનિત ફિલ્મ 'દ બ્લફ' નું અધિકૃત ટ્રેલર રિલીઝ થઈ ગયુ છે. પ્રાઈમ વિડિયોએ પોતાના યુટ્યુબ ચેનલ પર બે મિનિટથી વધુ લાંબો આ ટ્રેલર શેર કર્યો છે, જેમાં પ્રિયંકાનો અત્યાર સુધીનો સૌથી ખતરનાક અને શક્તિશાળી અવતાર જોવા મળી રહ્યો છે. જેમાં પ્રિયંકાનો અત્યાર સુધીનો સૌથી ખતરનાક અને શક્તિશાળી અવતાર જોવા મળી રહ્યો છે.ટ્રેલરમાં પ્રિયંકા પોતાની દીકરીને બચાવવા માટે કોઈ પણ હદ સુધી જઈ શકે એવી માતાની ભૂમિકામાં જોવા મળે છે. કાર્લ અર્બનની આગેવાનીમાં કેટલાક લોકો તેનો પીછો કરતા દેખાય છે. આ દરમિયાન પ્રિયંકા નિઃશસ્ત્ર હાથો, ચાકૂ, પથ્થરો અને તલવારથી દુશ્મનો સામે લડતી નજરે પડે છે. ટ્રેલરમાં ભયાનક અથડામણો અને અનેક ડ્રામેટિક દૃશ્યો દર્શાવવામાં આવ્યા છે.પ્રિયંકા આ ફિલ્મમાં એક પૂર્વ સમુદ્રી લૂંટારૂનો રોલ કરી રહી છે, જેને ટ્રેલરમાં 'બ્લડી મેરી' તરીકે ઓળખાવવામાં આવી છે.પ્રિયંકા આ ફિલ્મમાં એક પૂર્વ સમુદ્રી લૂંટારૂનો રોલ કરી રહી છે, જેને ટ્રેલરમાં 'બ્લડી મેરી' તરીકે ઓળખાવવામાં આવી છે. તેનો ભૂતકાળ ફરી સામે આવે છે અને તે એવી લડાઈઓ લડવા મજબૂર બને છે, જેને તે લાંબા સમયથી પાછળ છોડવા માંગતી હતી. પ્રિયંકાનો આ જોશીલો અને નિર્દય અવતાર દર્શકોને ઝંકૃત કરી દે છે.પ્રિયંકા અને કાર્લ અર્બન ઉપરાંત ફિલ્મમાં ટેમુએરા મોરિસન પણ મહત્વની ભૂમિકામાં છે. અમેઝોન એમજીએમ સ્ટુડિયોઝ દ્વારા નિર્મિત અને ફ્રેન્ક ઈ. ફ્લાવર્સ દિગ્દર્શિત ફિલ્મ 'દ બ્લફ' ૨૫ ફેબ્રુઆરીએ પ્રાઈમ વિડિયો પર રિલીઝ થવાની છે.




# દિશા પટાણી અને પંજાબી સિંગર તલવિન્દર ડેટ કરી રહ્યાં હોવાની ચર્ચા

## તલવિંદર હંમેશાં ફેસ પેઈન્ટ સાથે જ દેખા દેવા માટે જાણીતો છે, તેનો પેઈન્ટ વિનાનો નોર્મલ ફેસ ભાગ્યે જ કોઈએ જોયો છે

મુંબઈ,
દિશા પટાણી હવે પંજાબી સિંગર તલવિંદર સાથે ડેટિંગ કરી રહી હોવાની ચર્ચા છે. તાજેતરમાં ક્રિતી સેનનની બહેન નુપૂરનાં લગ્ન ઉદયપુરમાં યોજાયાં હતાં. તે દરમિયાન દિશા અને તલવિંદર હાથમાં હાથ પરોવીને સાથે ફરતાં દેખાયાં હતાં. બંને વચ્ચેની નિકટતા જોતાં તેઓ ડેટિંગ કરી રહ્યાં હોવાનું અનુમાન ચાહકો વ્યક્ત કરી રહ્યા છે. તલવિંદર હંમેશાં ફેસ પેઈન્ટ સાથે જ દેખા દેવા માટે જાણીતો છે. તેનો પેઈન્ટ વિનાનો નોર્મલ ફેસ ભાગ્યે જ કોઈએ જોયો છે. તેનાં અનેક આલ્બમ રીલિઝ થઈ ચૂક્યાં છે અને નવી પેઢીના પંજાબી ગાયકોમાં તે ઝડપથી લોકપ્રિય બન્યો છે. ઉલ્લેખનીય છે કે દિશા પટાણી અને ટાઈગર શ્રોફ વચ્ચે વર્ષો સુધી ડેટિંગ ચાલ્યું હતું. જોકે, દિશા લગ્ન માટે ઉતાવળ કરતી હતી અને ટાઈગર તે માટે તૈયાર ન હતો તેથી બંને વચ્ચે બ્રેક અપ થઈ ગયું હતું.





# ડીપ્રેશનના સમયમાં મને ગર્લફ્રેન્ડ લેખાએ સાચવ્યો: ઈમરાન ખાન

મુંબઈ,
સુપરસ્ટાર આમિર ખાનના ભત્રીજા અને અભિનેતા, ઈમરાન ખાન, હાલમાં તેમની આગામી ફિલ્મ, હેપ્પી પટેલ માટે સમાચારમાં છે. વર્ષોથી ડિપ્રેશનથી પીડાતા ઈમરાન, તાજેતરમાં એક મીડિયા ઈન્ટરવ્યુ દરમિયાન તેમની ગર્લફ્રેન્ડ, લેખા વોશિંગ્ટન વિશે ખુલ્લેઆમ વાત કરી. ઈમરાન ખાને વર્ણન કર્યું છે કે કેવી રીતે લેખાના બિનશરતી પ્રેમે તેમના જીવનના મુશ્કેલ સમયમાં તેમને સાથ આપ્યો. તેમની પુત્રી ઈમરાએ પણ આમાં તેમનો સાથ આપ્યો.ઈમરાન ખાન માને છે કે લેખાના સાચા પ્રેમને કારણે જ તેઓ ડિપ્રેશનને દૂર કરી શક્યા. લગભગ ૧૧ વર્ષના લાંબા ગાળા પછી, ઈમરાન ખાન હેપ્પી પટેલ સાથે મોટા પડદા પર પાછા ફરી રહ્યા છે. તેઓ છેલ્લે કંગના રનૌત સાથે ફિલ્મ કટ્ટી બટ્ટીમાં જોવા મળ્યા હતા. તાજેતરમાં, હેપ્પી પટેલના પ્રમોશન દરમિયાન, ઈમરાન ખાને ઈન્ટરવ્યુમાં તેમણે તેમની ગર્લફ્રેન્ડ લેખા વોશિંગ્ટન વિશે ખુલ્લેઆમ વાત કરી હતી. તેમણે કહ્યું:"મારા જીવનમાં તે સમયે લેખા અને મારી પુત્રીનો પ્રેમ મેળવવો મારા માટે બેવડી શક્તિ હતી.

# અલ્લુ અર્જુને 'પુષ્પા ૨'નો ડાયલોગ જાપાનીઝ ભાષામાં રજૂ કર્યો ટોક્યોમાં ફિલ્મના પ્રીમિયરમાં તેની સાથે રશ્મિકા મંડન્ના જોવા મળ્યા



મુંબઈ,
અલ્લુ અર્જુન હાલમાં જાપાનના ટોક્યોમાં છે, જ્યાં તેની સુપરહિટ ફિલ્મ 'પુષ્પા ૨: ધ રૂલ'નું પ્રીમિયર થયું હતું. પ્રીમિયર દરમિયાન, અલ્લુ અર્જુને જાપાનીઝ ભાષામાં ફિલ્મના સંવાદ બોલીને જાપાનના લોકોનું દિલ જીતી લીધું. અલ્લુ અર્જુનનો આ વીડિયો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.અર્જુન આ અઠવાડિયાની શરૂઆતમાં ટોક્યોમાં ફિલ્મના પ્રમોશન માટે પહોંચ્યો હતો, જે જાપાનમાં "પુષ્પા કુનરીન" તરીકે રિલીઝ થઈ રહી છે. અલ્લુ અર્જુન ઉપરાંત, ફિલ્મની મુખ્ય અભિનેત્રી, રશ્મિકા મંદન્ના પણ જાપાનમાં આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. વીડિયોમાં ખીચોખીચ ભરેલું થિયેટર દેખાય છે. પ્રીમિયર દરમિયાન, અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદન્ના સ્ટેજ પર હાજર છે. દરમિયાન, અલ્લુ અર્જુન જાપાનીઝ ભાષામાં ફિલ્મનો સંવાદ બોલે છે, જે ત્યાં હાજર ચાહકોને ઉત્સાહિત કરે છે. તેઓ તાળીઓ પાડે છે અને સીટી વગાડે છે.રશ્મિકા મંદન્ના અને અલ્લુ અર્જુનના વધુ ફોટા પણ ઈવેન્ટમાંથી સામે આવ્યા છે. ફોટામાં, અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદન્ના સ્ટેજ પર ઉભા જોવા મળે છે, ખૂબ ખુશ દેખાઈ રહ્યા છે. વધુમાં, એક ફોટામાં, બંને કલાકારો ફિલ્મનું સિગ્નેચર સ્ટેપ કરતા જોવા મળે છે. બીજા એકમાં, તેઓ બેઠા બેઠા વાતો કરતા જોવા મળે છે.આ ફિલ્મ જાપાનમાં આશરે ૨૫૦ થિયેટરોમાં રિલીઝ થવાની છે, જે જાપાનમાં ભારતીય ફિલ્મ માટે એક નોંધપાત્ર સિદ્ધિ છે.

# કેમેરા સામે આજે પણ હું એ જ ગભરાયેલી છોકરી છું : રાની

## ૧૯૯૦ના પાછળના વર્ષોને તેણે જાદુઈ સમય ગણાવ્યો, જ્યારે ૨૦૦૦ના દાયકાની શરૂઆતમાં 'સાથિયા'થી તેની કારકિર્દીમાં વળાંક લાવ્યો

મુંબઈ,
૧૯૯૭માં 'રાજા કી આયેગી બારાત'થી સિનેમાની દુનિયામાં પગલું મૂકનાર રાની મુખર્જીએ હવે પોતાની કારકિર્દીનાં ૩૦ વર્ષ પૂર્ણ કર્યા છે. આ અવસરે યશ રાજ ફિલ્મ્સે ઈન્સ્ટાગ્રામ પર રાની દ્વારા લખાયેલ ભાવુક પોસ્ટ શેર કરી, જેમાં તેણે પોતાની યાત્રાની શરૂઆતથી લઈ આજ સુધીના અનુભવ શેર કર્યા છે. તેણે આ પોસ્ટમાં પોતાની નાની શરૂઆત, કામ અને પ્રેમ માટે દર્શકોનો આભાર અને આજે પણ તે કઈ રીતે કેમેરા સામે નર્વસ થઈ જાય છે. તે વિશે વાત કરી છે. રાનીએ લખ્યું કે ઈન્ડસ્ટ્રીમાં ૩૦ વર્ષ વીત્યા એ તેને માનવામાં નથી આવતું, છતાં તેને આજે પણ વધુ કામ માટેની ભુખ અનુભવાય છે.રાનીએ લખ્યું, "ત્રીસ વર્ષ પહેલા હું કોઈ મોટું પ્લાનિંગ લઈને સેટ પર આવી નહોતી. મેં અભિનેત્રી બનવાનું સપનું જોયું નહોતું — સિનેમાએ મને શોધી લીધી. આજે પણ મારી અંદર એ જ ગભરાયેલી યુવતી જીવે છે, જે પહેલી વખત કેમેરા સામે ઊભી રહી હતી અને આશા રાખતી હતી કે ડાયલોગ ભૂલી ન જાઉં અને હું આ જગ્યા માટે જ બની છું."તેણે ઉમેર્યું કે તે ફિલ્મોમાં ઉત્સુકતા, ડર અને કહાણી પ્રત્યેના ઊંડા પ્રેમ સાથે આવી હતી. 'રાજા કી આયેગી બારાત'માં સ્ત્રીના ગૌરવ માટે લડતી યુવતીની ભૂમિકા ભજવવાથી તેને શીખ મળી કે સિનેમા ગ્લેમર કરતાં પહેલાં એક જવાબદારી છે.૧૯૯૦ના પાછળના વર્ષોને તેણે જાદુઈ સમય ગણાવ્યો, જ્યારે ૨૦૦૦ના દાયકાની શરૂઆતમાં 'સાથિયા'થી તેની કારકિર્દીમાં વળાંક લાવ્યો. 'હમ તુમ' જેવી ફિલ્મોએ તેને સમજાવ્યું કે સ્ત્રી પાત્રો મજાક મસ્તીભર્યા, તીખા અને સંવેદનશીલ — બધું એક સાથે હોઈ શકે છે. 'બ્લેક' વિશે રાનીએ કહ્યું કે સંજય લીલા ભણસાલી અને અમિતાભ બચ્ચન સાથે કામ કરવાથી તે પોતાની અંદર અજાણી ક્ષમતાઓ શોધી શકી. તેણે લખ્યું, "આજેય બ્લેક મારા જીવનનો સૌથી ભાવનાત્મક અનુભવ છે." તેણે 'બંટી ઔર બબલી', 'નો વન કિલ્ડ જેસિકા' જેવી ફિલ્મોનાં પાત્રોનો ઉલ્લેખ કરતાં કહ્યું કે દુનિયાને પડકારતી સ્ત્રીઓ તરફ તે હંમેશા આકર્ષાય છે અને 'મર્દાની' ફ્રેન્ચાઈઝી તેના દિલની ખૂબ નજીક છે. લગ્ન અને માતૃત્વ વિશે વાત કરતાં રાનીએ લખ્યું કે આ અનુભવોએ તેની ગતિને અસર નથી કરી, પરંતુ વધુ ફોકસ બનાવી છે. 'મિસિસ ચટર્જી વર્સેસ નોર્વે' માટે મળેલા નેશનલ એવોર્ડ અંગે તેણે કહ્યું કે માતા બન્યા પછી આ ભૂમિકા ભજવવી તેમના માટે જીવન બદલનારો અનુભવ રહ્યો.



# ૮ વર્ષ મેં ડિપ્રેશનમાં વિતાવ્યા રશ્મિ દેસાઈએ કર્યો ખુલાસો



મુંબઈ,
રશ્મિ દેસાઈ ટીવીની સૌથી લોકપ્રિય અભિનેત્રીઓમાંની એક છે. તેણીએ ઘણા હિટ ટીવી શોમાં કામ કર્યું છે અને ઘર-ઘરમાં જાણીતી બની ગઈ છે. તાજેતરના એક ઈન્ટરવ્યુ દરમિયાન, અભિનેત્રીએ પોતાના જીવનના સૌથી પડકારજનક તબક્કા વિશે ખુલાસો કર્યો અને ખુલાસો કર્યો કે તે લગભગ આઠ વર્ષ સુધી ડિપ્રેશન સામે ઝઝૂમતી રહી."ઉત્તરન" અને "દિલ સે દિલ તક" જેવી સિરિયલોમાં પોતાના શક્તિશાળી અભિનયથી દર્શકોના દિલ જીતી લેનારી આ અભિનેત્રીએ સમજાવ્યું કે તેના ભાવનાત્મક ભારણથી તેના માનસિક સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડી હતી, પરંતુ ધીમે ધીમે કામ દ્વારા સંતુલન અને ઉપચાર મળ્યો. તાજેતરના ઈન્ટરવ્યુમાં, રશ્મિએ ખુલાસો કર્યો, "એક સમય હતો જ્યારે હું આઠ વર્ષ સુધી ડિપ્રેશનમાં હતી. મને સ્વસ્થ થવામાં ઘણો સમય લાગ્યો. હું ઘણો બોજ વહન કરી રહી હતી. મને ડિકમ્પ્રેસ થવામાં અને નવી શરૂઆત કરવામાં ઘણા વર્ષો લાગ્યા, અને હવે હું પાછી ટ્રેક પર આવી ગઈ છું. મારું માનવું છે કે તમારે ઉચ્ચ અને નીચું જાતે જ નક્કી કરવું પડશે. તમારી યાત્રા કે તમારા કામનો નિર્ણય કોઈ બીજું નથી લેતું. કામ મને શાંતિ આપે છે. અને તે મારી છટકી જવાની દુનિયા પણ હતી, જે મને ખૂબ મોડેથી સમજાયું. હવે હું બંને બાજુ ખૂબ સારી રીતે કામ કરી રહી છું. અને હું એક સુંદર સંતુલન સ્થાપિત કરી શકું છું.અભિનેત્રીએ વધુમાં કહ્યું કે તેને ઘણા સમય પછી સમજાયું કે કામ તેની સલામત જગ્યા બની ગયું છે, જ્યાં તે પોતાની લાગણીઓ વ્યક્ત કરી શકે છે અને વ્યક્તિગત ઉથલપાથલ વચ્ચે સ્થિરતા મેળવી શકે છે. રશ્મિએ ઘણા રિયાલિટી શોમાં પણ ભાગ લીધો છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ | ઓ | તુ | ર | અ | વા | ફ | બૂ | હા | ગ | ઊ | ર |
| પ્ર | બા | દ | બા | કી | પ્રા | મા | ણિ | ક | સ | બા | મ |
| ઓ | સા | અ | ગી | બં | ગ | ભા | ર | ર | ળ | હિ | ણ |
| ક | ભ | દ | ડી | બં | ભ | રો | તી | સ | મા | સ | ક |
| ર | મ | પ્રા | હિ | ણા | ક | દ | બ | ગ | હિ | ન | બ |
| બિ | રો | ર | મો | ચી | રો | સા | ભો | ત | ળ | રા | બ |
| પ્ર | મા | દ | બં | કા | આ | ણ | લી | ર | બ | સા | બા |
| ઐ | વા | કા | ક્રો | ત | બા | ક | બૂ | ર | લ | ભો | લ |
| ક | અ | લી | ક | ઐ | બૂ | તુ | એ | બ | સ | ત | સ |
| ફ | અં | સ | સા | ભા | ઉ | બૂ | મા | શિ | કા | ન | ભો |
| કા | ર | જ્ઞા | વા | ધ | મા | ઐ | ર | દ | ઈ | ર | ણે |
| ક | સા | જ | અ | ળ | સા | ર | વા | ગી | કા | લ | લ |

શબ્દ શોધો: પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા

# રાજકોટમાં પુજીત રૂપાણી ટ્રસ્ટ દ્વારા પતંગ- ચીકી તથા અડદિયાનું વિતરણ




રાજકોટ, રાજકોટ શહેરની ઝૂંપડપટીઓ તથા પછાત વિસ્તારોમાં વસતા બાળકો માટે તથા સ્ટ્રીટ ચિલ્ડ્રન બાળકો માટે સેવાકીય પ્રવૃતિઓ ચલાવતી સંસ્થાર પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટના ઉપક્રમે ઉતરાયણના તહેવારને અનુલક્ષીને સ્થળ ઉપર જઇ બાળકોને ચીકી, પતંગો તથા અડદિયાનું વિતરણ કરાયું હતું. આ તકે ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રીમતી અંજલીબેન રૂપાણીએ તમામ લાભાર્થી બાળકો તથા ટ્રસ્ટના કાર્યકર્તાઓ અને કર્મચારી ભાઈઓ-બહેનોને મકરસંક્રાતિ નિમિતે શુભેચ્છાઓ પાઠવી હતી.

સતકાર્યમાં જોડાવા માટે જ્ઞાનપ્રબોધિની વિદ્યાર્થીઓને ટ્રસ્ટના ભવન ખાતે ટ્રસ્ટી મહેશભાઇ ભટ્ટ, હસુભાઇ ગણાત્રા, જ્ઞાનપ્રબોધીની પ્રોજેકટની પૂર્વ વિદ્યાર્થીની ડો.પાયલ ખખ્ખરના હસ્તે તથા ઈન્દ્રનગર ખાતે કાર્યકર્તાઓ કે.બી.ગજેરા રૈયાધાર ખાતે કેતનભાઇ મેસવાણી, જીજ્ઞેશભાઇ રત્નોતર, લોહાનગર ખાતે મુકેશભાઇ મહેતા, મહેશભાઇ પરમાર, દિલીપભાઇ મીરાણી, રમેશભાઇ જોટાંગીયા, પ્રફુલભાઇ મુગલપરા, માંડાડુંગર તથા યુવરાજગનર ખાતે કિશોરભાઇ ગમારા, હરેશભાઇ ચાંચીયા, પ્રવિણભાઇ ખોખર, મયુરનગર ખાતે કિશોરભાઇ ગાંગાણી, રવજીભાઇ દવેરાના તથ કર્મચારીઓના હસ્તે પતંગ તથ ચિકીનું વિતરણ કરાયું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં ટ્રસ્ટી શ્રીમતી અંજલીબેન રૂપાણીના માર્ગદર્શન હેઠળ વહીવટી અધિકારી ભાવેનભાઇ ભટ્ટ, કો-ઓર્ડીનેટર સાગર પાટિલ તથા કર્મચારીઓ શીતલબા ઝાલા, પ્રીતિબેન મહેતા, ધાનીબેન મકવાણા, આરતીબેન લલકીયા, દિશાબેન સાગઠીયા, વર્ષાબેન મકવાણા, પ્રવીણભાઇ વેકરીયા, અનિલભાઇ ચાવડા, અંજનાબેન રત્નોતર, પુજાબેન પરમાર, અંજનાબેન સારેસા, સકીનાબેન અજમેરી, નયનાબેન ડાભી વગેરેએ જહેમત ઉઠાવી હતી

# રાજકોટ જિલ્લા કોંગ્રેસ સમિતિના ૩૩ સભ્યોનું જિલ્લાનું સંગઠન માળખું જાહેર

## ૧૦-૧૦ ઉપપ્રમુખ, મહામંત્રી, ૫ મંત્રી, ૪ સંગઠન મંત્રી, ૩ કારોબારી સભ્યની વરણી



રાજકોટ, એ.આઇ.સી.સી. દ્વારા ''સંગઠન સુજન અભિયાન'' માટે ગુજરાતને પાયલોટ પ્રોજેક્ટ તરીકે પસંદ કરવામાં આવ્યું છે ત્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમીતભાઇ ચાવડાની મંજુરીથી રાજકોટ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ હિતેષ વોરા દ્વારા ૩૩ સભ્યોનું જિલ્લાનું સંગઠન માળખું જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ૧૦ ઉપપ્રમુખ, ૧૦ મહામંત્રી, ૫ મંત્રી, ૪ સંગઠન મંત્રી, ૩ કારોબારી સભ્ય અને ૧ કાર્યાલય મંત્રીના નામ જાહેર કરવામાં આવ્યા છે.

રાજકોટ જિલ્લા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ તરીકે યતીશ દેસાઇ, જયન્દ્રસિંહ ચૌહાણ, કૃષ્ણકાન્તભાઇ ચોટાઇ, પીનલબેન સાવલિયા, મુકેશભાઇ કાણોતરા, વિપુલભાઇ બાવળિયા, મૈયાત્રા જયેશભાઇ, મનહરસિંહ જાડેજા, શીવાભાઇ બચુભાઇ સીપરીયા, ઘનશ્યામસિંહ ઝાલાની નિયુક્તિ કરાઇ છે.

જયારે મહામંત્રી તરીકે ધર્મેન્દ્રસિંહ વાઘેલા, કાનજીભાઇ રાદડિયા, લલીતભાઇ પટોળીયા, જયસુખભાઇ પારઘી, રણજીતભાઇ ગોહિલ, ગોવિંદભાઇ પરમાર, અરવિંદભાઇ રાજપરા, જસવંતસિંહ હડીયલ, વિપુલભાઇ વોરા, જયશ્રીબેન બગડાની નિયુક્તિ કરાઇ છે. તેમજ મંત્રી તરીકે ઝપડિયા વિપુલભાઇ, ભુપતભાઇ કનેરિયા, જયદીપભાઇ વસોયા, સુરેશભાઇ છાયાણી, મેઘજીભાઇ ચાવડાની નિયુક્તિલ કરાઇ છે. સંગઠન મંત્રી તરીકે ગોપાલભાઇ સલાટ, મનોજભાઇ વાઘેલા, મનસુખભાઇ કટીર, પ્રવીણભાઇ ચૌહાણ જયારે કારોબારી સભ્ય તરીકે રફીકમીયા મજીદમિયા, જયંતીભાઇ ગોહીલ, નયનભાઇ જીવાણીની જયારે કાર્યાલય મંત્રી અને મીડિયા ઇન્ચાર્જ તરીકે ગોપાલભાઇ મોરવાડિયાની નિમણુક કરાઇ છે.

# રવિવારે રાજકોટ વાલ્મિકી સમાજ ડિજિટલ સર્વે ૨૦૨૬ વેબ પોર્ટલનું લોન્ચીંગ

રાજકોટ,રાજકોટ વાલ્મિકી સમાજ દ્વારા આગામી તા. ૧૮ના રવિવારે રાજકોટ વાલ્મિંકી સમાજ ડિજિટલ સર્વે ૨૦૨૬ વેબ પોર્ટલનું લોન્ચીંગ કસ્તુરબા રોડ પર આર. વલ્ડ સિનેમા પાસે ૧૮મીના રવિવારે સાંજે ૫ વાગ્યાથી આયોજીત આ કાર્યક્રમનું ઉદઘાટન ડો. પ્રદ્યુમનવાજા (મંત્રી, સામાજીક ન્યાય અને અધિકારીના પ્રાથમિક-માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ-ઉચ્ચ્ અને તાંત્રિક શિક્ષણ)ના હસ્તે થશે.

આ પ્રસંગે પૂ. ચિમનાજીબાપુ, પૂ. વિજયબાપુ, પૂ. ગોપાલ બાપુ, પૂ. રામદાસ બાપુ, પૂ. મણીદીપદાસજી અને પૂ. અનિલબાપુ આશીર્વચન આપશે. સાંસદ પરષોતમભાઇ રૂપાલા, રામભાઇ મોકરીયા, મેયર નયનાબેન પેઢડીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહેશે. આ ડિજિટલ એપમાં સ્વયંસેવકો ઘરે જઇ વાલ્મિકી સમાજમાં ડોકટર, એન્જીનીયર, શિક્ષકો, વકીલો, કલાર્ક, ગેજયુએટ, બી.એડ, પી.ટી.સી, ધો. ૧ થી લઈને-કોલેજ સુધીનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, પટ્ટાવાળા, બિઝનેશમેન, પ્રાઇવેટ નોકરી કરતા બેરોજગારો સહિતની માહિતી એપમાં આપવામાં આવશે.

કાર્યક્રમને સફળ બનાવવા વાલ્મિકી સમાજના આગેવાનો સવશ્રી મુકેશભાઇ પરમાર, અજયભાઇ વાઘેલા, યતિનભાઇ વાઘેલા, કિરીટભાઇ વાઘેલા, દિનેશભાઇ ગોહેલ, ગૌતમભાઇ ચૌહાણ, ગીરધરભાઇ વાઘેલા, ભરતભાઇ વાઘેલા, રાજેશભાઇ સોલંકી રામભાઇ પરમાર દિલીપભાઇ વાઘેલા, મયુર નારોલા, મુકેશભાઇ ચૌહાણ, કપીલ વાઘેલા અને રતીલાલ વાળોદરા જહેમત ઉઠાવી રહ્યા છે.

# રવિવારે રાજકોટ જિલ્લા આહીર કર્મચારી મંડળની ૩૦મી વાર્ષિક સભા યોજાશે

## તેજસ્વી બાળકોને શિલ્ડ્, પ્રમાણપત્ર : નિમણુંક અને બઢતી પામેલા અધિકારીઓનું સન્માન

રાજકોટ, રાજકોટ જિલ્લા આહીર કર્મચારી મંડળ દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ ની હિસાબી વર્ષની સાધારણ સભા તા. ૧૮ ને રવિવારે બપોરે ૪:૩૦ કલાકે ક્રિષ્ના પાર્ટી પ્લોટ, વગડ ચોકડી, મવડી, પાળ રોડ, રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે.

આ સાધારણ સભામાં કર્મચારીઓના તેજસ્વી બાળકોનું સન્માન, ગત વર્ષમાં નિવૃત થયેલા કર્મચારીઓનું સન્માન સાથે આહિર સમાજના વર્ગ ૧ અને ૨ તરીકે નિમણુંક અને બઢતી પામેલા અધિકારીઓનો સન્માન સમારોહ યોજવામાં આવશે. સાથે આ વર્ષના નવનિયુકત તમામ કર્મચારીઓને આવકારવામાં આવશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કર્મચારી મંડળના પ્રમુખ ભાનુભાઇ મિયાત્રા, મંત્રી કિરીટભાઇ મૈયડ, મહેશભાઇ ચાવડા, રમેશભાઇ બોરીચા, પુંજાભાઇ વરૂ, રાજેશભાઇ ડાંગર, પ્રો. કે. આર. રામ, અજીતભાઇ લોખીલ, કાનાભાઇ રામ, પ્રણવભાઇ પંચોલી, ભરતભાઇ કાનગડ મંડળના પૂર્વ પ્રમુખ પ્રો. રમેશભાઇ ડાંગર, મનસુખભાઇ બાળા, કમલેશભાઇ બાબરીયા, નિર્મળભાઇ મેતા જહેમત ઉઠાવી રહ્યા છે.

# રવિવારે રાજકોટમાં વોરા (લેઉવા પટેલ) પરિવાર દ્વારા સ્નેહમિલન - વડીલ વંદના કાર્યક્રમ

રાજકોટ,રાજકોટમાં તા.૧૮/૧/૨૦૨૬ ના રવિવારના રોજ સેલીબ્રેશન ટ્રી પાર્ટી-લોન્સ, કોઠારીયા મેઇન રોડ ખાતે રવિવારના રોજ વોરા પરિવાર (લેઉવા પટેલ) નું પ્રથમ સ્નેહમિલન રાખેલ છે.

સ્નેહમિલનમાં વોરા પરિવાર (લેઉવા પટેલ)નું પારિવારીક સ્નેહમિલન, વડિલવંદના અને વ્યકિત-વિશેષ, પ્રતિભા-સન્માન એમ ત્રિવેણી કાર્યક્રમ રાખેલ છે આ સ્નેહમિલનનો હેતુ પરિવારમાં એકતા અને મીઠાસ વધારવા નો છે. વડીલ-વંદનામાં વડીલોનું સાલ ઓઢાડી વંદન કરવામાં આવશે તેમજ વ્યકિત વિશેષ, પ્રતિભા-સન્માનમાં શિલ્ડ આપી પરિવાર દ્વારા સન્માનીત કરવામાં આવશે.

આ સ્નેહમિલનમાં રાજકોટ શહેર તથા જીલ્લાના પરિવારના સંગઠનની માહિતી આપવામાં આવશે તેમજ પારીવારીક ડીરેકટરી બનાવવાની જાહેરાત પણ કરવામાં આવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા સમસ્ત વોરા પરિવાર (લેઉવા પટેલ) જહેમત ઉઠાવી રહેલ છે. જેથી સમસ્ત વોરા પરિવાર (લેઉવા પટેલ)ને પરિવાર સાથે હાજર રહેવા ખાસ અનુરોધ છે.

# ભરવાડ સમાજના ભગત પરિવાર દ્વારા રકતદાન કેમ્પ યોજાયો: ૯૮ લોકોએ રક્તદાન કર્યું



રાજકોટ શહેરના ઉપલા કાંઠા વિસ્તારના ભરવાડ સમાજ અગ્રણી સ્વ. મેઘજીભાઈ કાબાભાઈ માટીયા (ભગત) તા.૭ જાન્યુઆરીને બુધવારના રોજ સ્વર્ગવાસી થયા છે. સ્વ.મેઘા ભગતના બેસણા નિમિતે આર્યનગર કોમ્યુનિટી હોલ ખાતે બેસણા સાથે રક્તદાન શિબિરનું આયોજન કરી એક પ્રેરણારૂપી કાર્ય કરવામાં આવ્યું હતું.

રક્તદાન શિબિરમાં ૯૮ લોકોએ રક્તદાન કરી સેવા અગ્નનમાં સાથ સહકાર આપેલ હતો. સ્વ.મેઘા ભગતની અણધારી વિદાયથી સ્વ. વિનુભાઈ મેઘજીભાઈ માટીયા, હમીરભાઈ મેઘજીભાઈ માટીયા, બાબુભાઈ મેઘજીભાઈ માટીયા બી.જે.પી. (બક્ષીપંચ મોરચાના ઉપપ્રમુખ), જગદીશભાઈ મેઘજીભાઈ માટીયા, દિનેશભાઈ મેઘજીભાઈ માટીયા, કમલેશભાઈ મેઘજીભાઈ માટીયા, પીન્ટુભાઈ માટીયા તથા માટીયા પરિવારમાં દુઃખની લાગણી પ્રસરી ગઈ છે.

# રાજકોટના વોર્ડ નં. ૧ માં જુદી જુદી સોસાયટીમાં ડામર કાર્પેટ કામનો પ્રારંભ



રાજકોટ, રાજકોટ મહાનગર પાલિકા દ્વારા આજ તા. ૧૬, વોર્ડ નં. ૧ માં ધરમનગર મેઈન રોડ પર, ઋષિ વાટિકા સોસાયટીમાં ધારાસભ્યશ્રી ડો. દર્શિતાબેન શાહની ગ્રાન્ટ્માંથી, ધર્મરાજ નગર સોસાયટીમાં ધારાસભ્યશ્રી ડો. દર્શિતાબેન શાહની ગ્રાંટમાંથી ડામર કાર્પેટ, આમ કુલ મળી અંદાજિત રૂ.૮૨ લાખના ખર્ચે ડામર કાર્પેટ કરવાના કામનું ખાતમુહૂર્ત ધારાસભ્ય ડો દર્શિતા શાહ તથા મેયર શ્રીમાતી નયનાબેન પેઢડીયાના હસ્તેવ કરવામાં આવ્યું

આ ખાતમૂહૂર્ત કાયક્રમમાં મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય ડો. દર્શિતા શાહ, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઇ રાડીયા, કોર્પોરેટર હિરેનભાઇ ખીમાણીયા, ડો. અલ્પેશભાઇ મોરજરીયા, દુર્ગાબા જાડેજા, વોર્ડ પ્રમુખ જયરાજસિંહ જાડેજા, વોર્ડ મહામંત્રી નાગજીભાઇ વરૂ, રાણાભાઇ ગોજીયા, બક્ષીપંચ મોરચા પ્રમુખ લલિતભાઇ વડોલીયા તેમજ વોર્ડના બધા સંગઠન સભ્યો તથા વિસ્તારના આગેવાનો ઉપસ્થિત રહેલ.

# રાજકોટના વોર્ડ નં. ૨ માં ફળેશ્વર મહાદેવ મંદિર મેઈન રોડનું ડામર રી-કાર્પેટ કામનું ખાતમુહુર્ત



રાજકોટ, રાજકોટ શહેરના વોર્ડ નં.૨માં બજરંગ વાડી વિસ્તારમાં આવેલ ફળેશ્વર મહાદેવના મંદિર વાળા મેઈન રોડનુ ડામર રી-કાર્પેટ કામનું ખાતમુહુર્ત ૬૯-વિધાનસભા ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા તેમજ વોર્ડ નં.૨ના કોર્પોરેટર મીનાબા જાડેજાના હસ્તે કરવામાં આવ્યું.આ પ્રસંગે વોર્ડ નં.૨ના પ્રભારી કુલદીપસિંહ જાડેજા, પ્રમુખ ભાવેશભાઈ ટોયટા, મહામંત્રી ધૈર્યભાઈ પારેખ, મહામંત્રી હર્ષવર્ધનભાઈ કહોર, અજયસિંહ જાડેજા, રાજેન્દ્રસિંહ ગોહિલ, સંજયભાઈ મિયાત્રા, અશ્વિનભાઈ અઢીયા, જે.ડી. ઉપાધ્યાસય, ઘનશ્યામસિંહ રાઠોડ, નિલેશભાઈ તરેયા, યોગરાજસિંહ જાડેજા, જયસુખભાઈ પરમાર, જેન્તીભાઈ બુધેલિયા, ભરતભાઈ વીરડા, જેન્તીભાઈ અજમેરિયા, મહેશભાઈ પટેલ, બાદુરદાન ગઢવી, જીગાભાઈ, રાજનભાઈ સિંધવ, રાજુભાઈ વાડોલીયા, ભરતભાઈ લાઠિયા તેમજ બહોળી સંખ્યામાં વિસ્તારવાસીઓ ઉપસ્થિત રહેલ.

# રાજકોટમાં વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદમાં નયારા એનેર્જીના સ્ટોલ પર વડાપ્રધાનનું ઉષ્માભર્યું સ્વાગત




નયારા એનર્જીને રાજકોટમાં વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદનો ભાગ બનવાનો ગર્વ છે. ગુજરાતની સાંસ્કૃતિક ઝાંખી કરાવતા નયારા એનેર્જીના સ્ટોલ પર ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીથી નયારા એનેર્જી શોભાયમાન થયું છે. નયારા એનર્જીના એક્ઝિક્યુટિવ ચેરમેન શ્રી પ્રસાદ પાનિકર દ્વારા તેઓનું સ્ટોલ પર ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ગુજરાતની ગતિશીલ વિકાસગાથાના ભાગ રૂપે, નયારા એનર્જી પ્રાદેશિક વિકાસ અને ભારતની પ્રગતિમાં યોગદાન આપવા માટે પ્રતિબદ્ધ છે.

# હેરીટેઝ મણીયાર હોલ હવે ઓડિટોરિયમ બન્યો

## રાજકોટ મનપા દ્વારા રીનોવેશન બાદ ભાડામાં તોતિંગ વધારો, અગાઉના ૨૫૦૦ સામે હવે શિફ્ટ મુજબ ૬થી ૧૨ હજાર વસૂલાશે




રાજકોટ સૌરાષ્ટ્ર રાજયના સમયે જયાં વિધાનસભા બેસતી હતી એવા રાજકોટની શાન સમા અરવિંદભાઇ મણીયાર હોલનું ૩.૪૯ કરોડના ખર્ચે કોર્પોરેશન દ્વારા રિનોવેશન કરવામાં આવ્યું છે. અગાઉ નોન એ.સી. હોલમાં સેન્ટ્રલી એ.સી.ની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. આ હોલનું નિર્માણ અંગ્રેજો દ્વારા કરવામાં આવ્યું હોવાના કારણે તેનો સમાવેશ હેરિટેઝ બિલ્ડીંગ તરીકે કરવામાં આવ્યો છે. અરવિંદભાઇ મણીયાર હોલના રિનોવેશનમાં બહારનું હયાત સ્ટ્રક્ચરમાં કોઇપણ પ્રકારનો ફેરફાર કરવામાં આવ્યો નથી. જ્યારે અંદર મોટાપાયે ફેરફાર કરી દેવામાં આવ્યો છે. જોકે રીનોવેશન બાદ અગાઉના રૂ. ૨૫૦૦ સામે હવે શિફ્ટ મુજબ રૂ. ૬થી ૧૨ હજાર વસુલાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજકોટના જ્યુબિલી ખાતે આવેલા હેરિટેઝ અરવિંદ મણિયાર હોલની કાયાપલટ કર્યા બાદ ઓડિટોરિયમમાં બદલવામાં આવ્યો છે. આ ઐતિહાસિક બિલ્ડીંગ હોય બહારથી કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. પરંતુ તેની અંદર સેન્ટ્રલ એસી, આરામદાયક બેઠક વ્યવસ્થા અને સાઉન્ડ પ્રુફ બનાવવા સહિત મહત્વના ફેરફારો કરવામાં આવ્યા છે. જોકે, કાયાપલટ કર્યા બાદ હવે તેનાં ભાડામાં પણ તોતિંગ વધારો કરવામાં આવ્યો છે. જેમાં અગાઉના રૂ. ૨૫૦૦ ભાડા સામે હવે અલગ અલગ શિફ્ટ મુજબ રૂ. ૬થી ૧૨ હજાર વસૂલવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

# રાજકોટની શ્યામાપ્રસાદ આર્ટ ગેલેરીમાં આજથી બે દિવસ બોનસાઇ પ્રદર્શન




રાજકોટ, સૌરાષ્ટ્ર બોનસાઇ કલબ દ્વારા છેલ્લા ૩ વર્ષથી બોનસાઇ વૃક્ષ પ્રદર્શન ગોઠવવામાં આવી રહ્યા છે. લોકોને બોનસાઇ વિષે માર્ગદર્શન મળી રહે તે હેતુથી તા. ૧૭ અને ૧૮ શનિ-રવિ બે દિવસીય બોનસાઇ વૃક્ષ પ્રદર્શન અહીંના ડો. શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરી, રેસકોર્સ ખાતે યોજવામાં આવ્યુવછે. સવારે ૧૦ થી રાત્રીના ૮ સુધી આ બોનસાઇ પ્રદર્શન નિહાળી શકાશે.

સવારે ૧૦ વાગ્યે બોનસાઇન આર્ટના ગુજરાત શ્રેષ્ઠી પ્રેરણાસ્ત્રોત મહાગુરૂ એવા ઝીણાભાઇ પટેલ વલસાડના હસ્તે આ બોનસાઇ પ્રદર્શન ખુલ્લુ મુકાયું હતું . બોનસાન પ્રેમીઓએ લાભ લેવા અને વધુ માહિતી માટે મો.૯૯૭૯૩ ૪૨૯૮૬ ઉપર સંપર્ક કરવા ચેતનભાઇ સિંધવ અને મુઝમીલખાન પઠાણની યાદીમાં જણાવાયુ છે.

# મેહુલ ચોક્સીનો પુત્ર પણ મની લોન્ડરિંગમાં સામેલ હતો :૮ વર્ષ પછી ઈડીનો દાવો

## ઈડીએ દિલ્હી સ્થિત એપેલેટ ટ્રિબ્યુનલ સમક્ષ પોતાની લેખિત રજૂઆતોમાં દાવો કર્યો

નવીદિલ્હી,

ભાગેડુ હીરા વેપારી મેહુલ ચોક્સી સામે આઠ વર્ષની તપાસ પછી, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ પહેલી વાર ઔપચારિક રીતે દાવો કર્યો છે કે તેનો પુત્ર, રોહન ચોક્સી પણ મની લોન્ડરિંગ નેટવર્કમાં સક્રિય ભૂમિકા ભજવી રહ્યો હતો. ઈઢ એ દિલ્હી સ્થિત એપેલેટ ટ્રિબ્યુનલ સમક્ષ પોતાની લેખિત રજૂઆતોમાં આ દાવો કર્યો હતો.

આ કેસમાં આશ્ચર્યજનક વાત એ છે કે છેલ્લા આઠ વર્ષમાં, રોહન ચોક્સીનું નામ કોઈ એફઆઈઆરમાં નથી, કે સીબીઆઈ કે ઈડી દ્વારા દાખલ કરાયેલા કોઈપણ પીએમએલએ કેસમાં તેને આરોપી તરીકે નામ આપવામાં આવ્યું નથી. આમ છતાં, ઈડીનું તાજેતરનું નિવેદન કેસમાં નવો વળાંક લાવે છે.

ઈડીએ ટ્રિબ્યુનલને જણાવ્યું હતું કે મેહુલ ચોક્સી ઘણી કંપનીઓના ડિરેક્ટર પણ હતા જે ફક્ત કાગળ પર અસ્તિત્વમાં હતી. આ કંપનીઓનો ઉપયોગ નકલી વ્યવહારો બતાવવા માટે કરવામાં આવતો હતો, પરંતુ કોઈ વાસ્તવિક વ્યવહારો નહોતા. એજન્સીનો દાવો છે કે આ શેલ કંપનીઓનો ઉપયોગ ગુનામાંથી મળેલી રકમને ધોળા કરવા અને ધોળા કરવા માટે કરવામાં આવતો હતો.

આ કેસની તપાસમાં બહાર આવ્યું છે કે રોહન ચોક્સી લસ્ટર ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપનીમાં ૯૯.૯૯% શેરહોલ્ડર છે, જેમાં મેહુલ ચોક્સી ડિરેક્ટર છે. ઈડીના જણાવ્યા અનુસાર, આ કંપની દ્વારા વિદેશમાં મની લોન્ડરિંગ કરવામાં આવ્યું હતું. એજન્સીએ જણાવ્યું હતું કે એશિયન ડાયમંડ એન્ડ જ્વેલરી એફએડઇ માંથી સિંગાપોર સ્થિત મર્લિન લક્ઝરી ગ્રુપ પ્રાઈવેટ લિમિટેડને યુએસ૧૨૭,૫૦૦ (આશરે ૮૧.૬ લાખ) ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

ઈડીનો દાવો છે કે આ રકમ સીધી ગુનાની આવક હતી. મર્લિન લક્ઝરી ગ્રુપ પણ મેહુલ ચોક્સીના નિયંત્રણ હેઠળ હતું અને લસ્ટર ઈન્ડસ્ટ્રીઝ દ્વારા સંચાલિત હતું. ઈઢના જણાવ્યા અનુસાર, રોહન આ માળખામાં મોટો હિસ્સો ધરાવે છે, તેથી તે તેની સંપત્તિ જપ્ત થવાથી બચી શકતો નથી.

ઈડીએ જણાવ્યું હતું કે રેકોર્ડ, વ્યવહારો અને તપાસ પરના દસ્તાવેજો સ્પષ્ટપણે દર્શાવે છે કે રોહન ચોક્સી તેના પિતા મેહુલ ચોક્સી સાથે મની લોન્ડરિંગમાં સક્રિય રીતે સામેલ હતો. જોકે, ઈડીએ રોહન ચોક્સી સાથે જોડાયેલી મિલકતો જપ્ત કરવાના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો છે. આઠ વર્ષ પછી, પ્રશ્નો ઉભા થયા છેઃ તેમનું નામ કેમ લેવામાં આવ્યું નથી?

રોહન ચોક્સી વિરુદ્ધ કોઈ એફઆઈઆર દાખલ કરવામાં આવી નથી, કે તેમનું નામ કોઈ ચાર્જશીટમાં નથી. તેઓ કોઈપણ પીએમએલએ કેસમાં આરોપી પણ નથી. આવી સ્થિતિમાં, ઈડીના આ નવા દાવાએ એક મહત્વપૂર્ણ પ્રશ્ન ઉઠાવ્યો છેઃ શું એજન્સી હવે ચોક્સી પરિવારના અન્ય સભ્યો સુધી તેની તપાસનો વ્યાપ વિસ્તારવાની તૈયારી કરી રહી છે? એ જોવું મહત્વપૂર્ણ રહેશે કે આગામી દિવસોમાં ઈઢ આ દિશામાં આગળ વધે છે કે નહીં.

# બાંગ્લાદેશમાં ઈસ્લામિક ઉગ્રવાદીઓએ વધું એક હિન્દુના ઘરને આગ લગાવી

## બાંગ્લાદેશમાં ઈસ્લામિક કટ્ટરપંથીઓના કૃત્યોનો એક વિડિઓ પણ સામે આવ્યો

ઢાકા,

બાંાદેશમાં હિન્દુઓ સામે હિંસા ઓછી થવાના કોઈ સંકેત દેખાતા નથી. હિન્દુઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે, તેમની હત્યા કરવામાં આવી રહી છે અને તેમના ઘરોને બાળી નાખવામાં આવી રહ્યા છે, છતાં છેલ્લી સરકારના વડા મોહમ્મદ યુનુસ હજુ પણ બેધ્યાન છે. બાંગ્લાદેશમાં ફરી એકવાર હિન્દુઓ પર હુમલો કરવામાં આવ્યો છે. આ ઘટના સિલહટ જિલ્લાના ગોવઈઘાટના નંદીરગાંવ યુનિયનના બાહોર ગામમાં બની હતી. ઈસ્લામિક કટ્ટરપંથીઓએ અહીં એક હિન્દુ પરિવારના ઘર પર હુમલો કર્યો હતો. કટ્ટરપંથીઓએ બિરેન્દ્ર કુમાર ડેના ઘરને આગ લગાવી દીધી હતી.

બાંગ્લાદેશમાં ઈસ્લામિક કટ્ટરપંથીઓની કૃત્યોનો એક વિડિઓ પણ સામે આવ્યો છે. વિડિઓમાં આખા ઘરમાં ઝડપથી આગ ફેલાતી દેખાઈ રહી છે. પરિવારના સભ્યો પોતાનો જીવ બચાવવા માટે ભાગી જવાનો પ્રયાસ કરી રહ્યા છે. આગથી ઘર સંપૂર્ણપણે નાશ પામ્યું હતું.

હ્યુમન રાઈટ્સ કોંગ્રેસ ફોર બાંગ્લાદેશ માઈનોરિટીઝએ બાંગ્લાદેશમાં લઘુમતી સમુદાયો સામે વધતી હિંસા પર સતત નજર રાખી છે. સંગઠને છેલ્લા સાત મહિનામાં ૧૦૦ થી વધુ મૃત્યુનું દસ્તાવેજીકરણ કર્યું છે. એચઆરસીબીએમ આરોપ લગાવે છે કે આ હિંસા એકલ-દોકલ કે અલગ-અલગ ઘટનાઓ નથી, પરંતુ લઘુમતીઓને વ્યવસ્થિત રીતે નિશાન બનાવવાની રાષ્ટ્રવ્યાપી પેટર્ન છે.

# ભાજપે કાકા-ભત્રીજાના ગઠબંધનને પરાજય આપ્યો, અજિત પવારના બંને ગઢમાં કમળ ખીલ્યું

## નવાબ મલિકના નેતૃત્વ હેઠળના એનસીપીને ૩૦ ના લક્ષ્યાંક સામે માત્ર થોડી જ બેઠકો મળી

મુંબઈ,


મુંબઈથી પશ્ચિમ મહારાષ્ટ્ર સુધી મહારાષ્ટ્રમાં ભાજપની લહેર ઉભરી આવી છે. રાજ્યમાં ભાજપની આગેવાની હેઠળની મહાયુતિ સરકારનો ભાગ રહેલા નાયબ મુખ્યમંત્રી અજિત પવારને આ ચૂંટણીઓમાં મોટો ફટકો પડ્યો છે. જ્યારે અજિત પવારની પાર્ટીએ મહાયુતિ છોડી દીધી અને મુંબઈમાં એકલા ચૂંટણી લડી, ત્યારે તેણે તેના કાકા (શરદ પવાર) ના નેતૃત્વ હેઠળના એનસીપી સાથે હાથ મિલાવ્યા અને પુણે અને પિંપરી ચિંચવડના તેના ગઢમાં વાપસી કરી. આનાથી સુપ્રિયા સુલે અને અજિત પવાર એક મંચ પર ભેગા થયા. શરદ પવાર જૂથના ધારાસભ્ય રોહિત પવારે પણ પુણે અને પિંપરી ચિંચવડમાં વ્યાપક પ્રચાર કર્યો, પરંતુ ભાજપ બંને જગ્યાએ સત્તા મેળવવામાં સફળ રહ્યો. પુણેમાં, ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો, જ્યારે એનસીપીનું પ્રદર્શન નબળું રહ્યું.

અજિત પવારે ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશન ચૂંટણીઓમાં એશિયાના સૌથી ધનિક ગણાતા પિંપરી ચિંચવડ મ્યુનિસિપલ કોર્પોરેશન પર સૌથી વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. ચૂંટણી પ્રચાર દરમિયાન, તેમણે ભાજપ પર ભ્રષ્ટાચારનો આરોપ પણ લગાવ્યો હતો, પરંતુ અજિત પવારનો પક્ષ પિંપરી ચિંચવડમાં ૪૦ થી ઓછી બેઠકો પર સમેટાઈ ગયો હતો. દાદા ભાજપનો મજબૂત ઘેરો તોડી શક્યા ન હતા. પુણે અને પિંપરી ચિંચવડમાં મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના સેનાપતિ તરીકે કાર્યરત કેન્દ્રીય રાજ્ય મંત્રી મુરલીધર મોહોલે કમાન સંભાળી હતી. મોહોલે સાથે અજિત પવારનો સંઘર્ષ સામે આવ્યો હતો. પુણેમાં અજિત પવારનો કારમો પરાજય ચિંતાજનક છે કારણ કે તેઓ રાજ્યના પ્રભારી મંત્રી છે.એનસીપીના બે જૂથો વચ્ચેના જોડાણ બાદ, બંને પક્ષો ભવિષ્યમાં એક થશે કે કેમ તે અંગે ચર્ચાઓ શરૂ થઈ હતી. જોકે, પરિણામોએ માત્ર અજિત પવારને જ નહીં પરંતુ શરદ પવારને પણ મોટો ફટકો માર્યો છે.

અજીત પવારે મુંબઈ બીએમસી ચૂંટણીની કમાન પાર્ટીના વરિષ્ઠ નેતા નવાબ મલિકને સોંપી. આના કારણે તેમના ભાજપ સાથે તણાવ વધ્યો, પરંતુ એકલા ચૂંટણી લડવાનો નિર્ણય મોંઘો સાબિત થયો. મુંબઈમાં કિંગમેકર હોવાનો દાવો કરનારા નવાબ મલિકના નેતૃત્વ હેઠળના એનસીપીને ૩૦ ના લક્ષ્યાંક સામે માત્ર થોડી જ બેઠકો મળી. નવાબ મલિકના ભાઈ પણ ચૂંટણી હારી ગયા.

# ડઝનબંધ દેશો તેમની સાર્વભૌમત્વ, અરાજકતા અને કાયદાના ઉલ્લંઘનનો સામનો કરી રહ્યા છે : પુતિન

## પુતિને વેનેઝુએલા અને ઈરાન સામે અમેરિકાના અતિરેક પર પ્રહાર કર્યા



મોસ્કો,

રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ગ્રાન્ડ ક્રેમલિન પેલેસના સેન્ટ એલેક્ઝાન્ડર હોલમાં નવા વિદેશી રાજદૂતો માટે ઓળખપત્રો પ્રાપ્ત કરવા માટેના સમારોહમાં એક મજબૂત સંદેશ આપ્યો. તેમણે કહ્યું કે વૈશ્વિક પરિસ્થિતિ ઝડપથી બગડી રહી છે અને વિશ્વ ખૂબ જ ખતરનાક વળાંક પર પહોંચી ગયું છે. વેનેઝુએલા સામે અમેરિકાની કાર્યવાહી અને ટ્રમ્પ દ્વારા ઈરાનને સતત ધમકીઓ આપ્યા બાદ પુતિનનો આ સંદેશ આવ્યો છે. જોકે તેમણે અમેરિકા કે ટ્રમ્પનું નામ લીધું ન હતું, પરંતુ તેમણે ગર્ભિત રીતે બંને પર નિશાન સાધ્યું હતું.

પુતિને કહ્યું કે ઘણા દેશોની સાર્વભૌમત્વ પર સતત અતિક્રમણ થઈ રહ્યું છે. આ નિવેદન વેનેઝુએલા સામે અમેરિકાની તાજેતરની જબરદસ્ત કાર્યવાહી અને ઈરાનમાં ગેરકાયદેસર દખલગીરીનો ઉલ્લેખ કરે છે. પુતિને આરોપ લગાવ્યો કે ડઝનબંધ દેશો તેમની સાર્વભૌમત્વ, અરાજકતા અને કાયદાનું ઉલ્લંઘનનો સામનો કરી રહ્યા છે. પોતાના ભાષણમાં, પુતિને કહ્યું, "આંતરરાષ્ટ્રીય મંચ પર પરિસ્થિતિ ઝડપથી બગડી રહી છે. આ અંગે કોઈ ચર્ચા થઈ શકે નહીં. લાંબા સમયથી ચાલતા સંઘર્ષો તીવ્ર બની રહ્યા છે, અને નવા ગંભીર સંઘર્ષ ક્ષેત્રો ઉભરી રહ્યા છે." તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ઘણા દેશો તેમની સાર્વભૌમત્વ પર અતિક્રમણનો સામનો કરી રહ્યા છે, જે વૈશ્વિક સ્તરે સહકાર કરવાની ક્ષમતાને અસર કરી રહ્યા છે.

પુતિને આંતરરાષ્ટ્રીય સહયોગ વધારવાની હિમાયત કરતા કહ્યું કે શાંતિ માટે પ્રયાસો, જવાબદારી અને સભાન પસંદગીઓ જરૂરી છે. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે રશિયા યુક્રેન યુદ્ધમાં પોતાની સ્થિતિ મજબૂત કરવાનો દાવો કરી રહ્યું છે. પુતિને યુક્રેનમાં રશિયાના ધ્યેયોનો પુનરોચ્ચાર કર્યો અને કહ્યું કે તેઓ આગળ વધતા રહેશે.

# અમેરિકાના ઓરેગોન કિનારે ૬.૨ ની તીવ્રતાનો ભૂકંપ



ઓરેગોન,

જર્મન રિસર્ચ સેન્ટર ફોર જીઓસાયન્સિસ (GFZ) ના ડેટા અનુસાર, રાતના સમયે યુનાઈટેડ સ્ટેટ્સમાં ઓરેગોનના દરિયાકાંઠે ૬.૨ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો.

GFZ અનુસાર, ભૂકંપ ૧૦ કિમી (૬.૨૧ માઈલ) ની ઊંડાઈએ આવ્યો હતો. સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, તાત્કાલિક નુકસાન કે જાનહાનિના કોઈ અહેવાલ નથી, પરંતુ અધિકારીઓ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. નેશનલ સુનામી ચેતવણી કેન્દ્ર, જે નેશનલ ઓશનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન (NOAA) નો ભાગ છે, દ્વારા સુનામીની કોઈ ચેતવણી જારી કરવામાં આવી નથી.

ઓરેગોન-કેલિફોર્નિયા સરહદ નજીકનો ઓફશોર વિસ્તાર ભૂકંપની રીતે સક્રિય પ્રદેશનો એક ભાગ છે જ્યાં કાસ્કેડિયા સબડક્શન ઝોન સાથે ટેક્ટોનિક પ્લેટો વચ્ચેની ક્રિયાપ્રતિક્રિયાને કારણે નિયમિતપણે ભૂકંપ આવે છે.

# ઈરાન-અમેરિકા તણાવમાં વધારા વચ્ચે ભારતે ઈઝરાયલમાં નાગરિકોને ચેતવણી આપી



નવી દિલ્હી,

ભારતે ઈઝરાયલમાં રહેતા તેના નાગરિકો માટે એક સલાહકાર જારી કર્યો છે, જેમાં તેમને સતર્ક રહેવા અને મધ્ય પૂર્વમાં વધતા તણાવ વચ્ચે સલામતી માર્ગદર્શિકાનું કડક પાલન કરવા જણાવ્યું છે.

સલાહકારમાં ભારતીય નાગરિકોને ઈઝરાયલની બિન-જરૂરી મુસાફરી ટાળવા પણ વિનંતી કરવામાં આવી છે. "પ્રદેશમાં પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, હાલમાં ઈઝરાયલમાં રહેતા તમામ ભારતીય નાગરિકોને સતર્ક રહેવા અને ઈઝરાયલી અધિકારીઓ અને હોમ ફ્રન્ટ કમાન્ડ દ્વારા જારી કરાયેલ સલામતી માર્ગદર્શિકા અને પ્રોટોકોલનું કડક પાલન કરવાની સલાહ આપવામાં આવે છે," વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું.

ભારતીય નાગરિકોને ઈઝરાયલની બધી બિન-જરૂરી મુસાફરી ટાળવાની પણ સલાહ આપવામાં આવી છે. કટોકટીની સ્થિતિમાં, તેમને +૯૭૨ ૫૪ ૭૫૨૦૭૧૧ અને +૯૭૨ ૫૪ ૩૨૭૮૩૯૨ પર ભારતીય દૂતાવાસની ૨૪૮૭ હેલ્પલાઈનનો સંપર્ક કરવા કહેવામાં આવ્યું છે.

આ સલાહકાર ઈરાનમાં વ્યાપક વિરોધ પ્રદર્શનો વચ્ચે આવ્યો છે, જેમાં યુનાઈટેડ સ્ટેટ્સ દખલગીરી અથવા લશ્કરી કાર્યવાહીને નકારી રહ્યું નથી. ઈરાને ચેતવણી આપી છે કે અમેરિકન હુમલાની સ્થિતિમાં આ પ્રદેશમાં રહેલા યુએસ લશ્કરી થાણાઓ કાયદેસર લક્ષ્ય બનશે. વધતા તણાવની આ પૃષ્ઠભૂમિ સામે, તેહરાનના મુખ્ય પ્રાદેશિક હરીફ તેલ અવીવમાં પણ ચિંતાઓ ઉભી થઈ છે.

ઈઝરાયલે સુરક્ષા વધારી દીધી છે

સ્થાનિક મીડિયા અહેવાલોમાં જણાવાયું છે કે દક્ષિણ અને મધ્ય ઈઝરાયલના ઘણા વિસ્તારોમાં સાવચેતીના પગલા તરીકે જાહેર આશ્રયસ્થાનો ખોલવાનો આદેશ આપવામાં આવ્યો છે.

# યુનાઈટેડ સ્ટેટ્સે ઘણા ઈરાની સુરક્ષા અધિકારીઓ પર નવા પ્રતિબંધો લાદ્યા

## રાષ્ટ્રવ્યાપી વિરોધ અને અશાંતિ વચ્ચે અમેરિકાએ ઈરાન વિરુદ્ધ એક મોટું પગલું ભર્યું

વોશિગ્ટન,

ઈરાનમાં રાષ્ટ્રવ્યાપી વિરોધ અને અશાંતિ વચ્ચે, યુનાઈટેડ સ્ટેટ્સે ઘણા ઈરાની સુરક્ષા અધિકારીઓ પર નવા પ્રતિબંધો લાદ્યા છે. આમાં સુપ્રીમ કાઉન્સિલ ફોર નેશનલ સિક્યુરિટીના સચિવ અલી લારીજાનીનો પણ સમાવેશ થાય છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટ અને ટ્રેઝરી ડિપાર્ટમેન્ટે ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ જારી કરાયેલા નિવેદનોમાં આ જાહેરાત કરી હતી. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે ઈરાનના બહાદુર નાગરિકો તેમના મૂળભૂત અધિકારો માટે લડી રહ્યા છે, પરંતુ શાસને હિંસા અને ક્રૂર દમનથી પ્રતિક્રિયા આપી છે. યુએસએ કુખ્યાત ફારદીસ જેલનું નામ પણ આપ્યું હતું, જ્યાં મહિલાઓ સાથે ક્રૂર, અમાનવીય અને અપમાનજનક વર્તનના અહેવાલો આવ્યા છે.

ટ્રેઝરી ડિપાર્ટમેન્ટે અલી લારીજાની સહિત અનેક ઈરાની સુરક્ષા અધિકારીઓ પર પ્રતિબંધો લાદ્યા છે. લારીજાની પર સુપ્રીમ લીડર ખામેનીના આદેશ પર વિરોધ પ્રદર્શન દરમિયાન શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓ સામે બળનો ઉપયોગ કરવાની હિમાયત કરવાનો આરોપ છે. ઈરાનના શેડો બેંકિંગ નેટવર્ક સાથે જોડાયેલા ૧૮ વ્યક્તિઓ અને સંસ્થાઓ પર પણ પ્રતિબંધો લાદવામાં આવ્યા છે. આ નેટવર્ક ઈરાની પેટ્રોલિયમ અને પેટ્રોકેમિકલ વેચાણમાંથી મળેલા નાણાંને લોન્ડરિંગમાં સામેલ હોવાનું કહેવાય છે.

# વૈશ્વિક ઊર્જા સંક્રમણને સંબોધવા માટે વ્યૂહાત્મક પરિષદ, થીમ્સઃ ભારત ઊર્જા સપ્તાહ

**વિશ્વના સૌથી મોટા વૈશ્વિક ઊર્જા પરિષદોમાંના એકમાં નેતૃત્વ ચર્ચાઓને માર્ગદર્શન આપવા માટે દસ વ્યૂહાત્મક થીમ્સ અને ઉચ્ચ-સ્તરીય સંવાદ ફોર્મેટ**

નવી દિલ્હી,

વર્ષનો પ્રથમ મુખ્ય વૈશ્વિક ઊર્જા સંમેલન, ઈન્ડિયા એનર્જી વીક (IEW) 2026, તેની ચોથી આવૃત્તિ માટે ૨૭-૩૦ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન ગોવામાં પરત ફરી રહ્યો છે, જે તેની પ્રથમ ત્રણ અત્યંત સફળ આવૃત્તિઓ દ્વારા સ્થાપિત મજબૂત ગતિ અને આંતરરાષ્ટ્રીય દરજ્જાના આધારે છે.

IEW 2026ના કેન્દ્રમાં વ્યૂહાત્મક પરિષદ છે, જે દસ કાળજીપૂર્વક વ્યાખ્યાયિત વ્યૂહાત્મક થીમ્સની આસપાસ રચાયેલ છે જે વૈશ્વિક ઊર્જા ઈકોસિસ્ટમને આકાર આપતા જટિલ પડકારોનો સામનો કરવા માટે એક વ્યાપક માળખું પૂરું પાડે છે.

વૈશ્વિક પ્રાથમિકતાઓ અને ભારતની ઉભરતી નેતૃત્વ ભૂમિકા બંનેને પ્રતિબિંબિત કરીને, આ થીમ્સ નીતિ નિર્માતાઓ, ઉદ્યોગ નેતાઓ અને નવીનતાઓને ઊર્જા ઉત્ક્રાંતિના આગલા તબક્કામાં નેવિગેટ કરતી વખતે માર્ગદર્શન આપવા માટે રચાયેલ છે.

IEW 2026 વ્યૂહાત્મક પરિષદના મુખ્ય થીમ્સમાં ઊર્જા સહયોગ એક છે." ઈઉ ૨૦૨૬ નીતિ, નાણાં, ટેકનોલોજી અને વેપારમાં આંતરરાષ્ટ્રીય સહયોગના મહત્વને ઓળખે છે જેથી વૈવિધ્યસભર પુરવઠા શૃંખલાઓ સુરક્ષિત કરી શકાય અને સમાવિષ્ટ, સસ્તું ઊર્જા ઍક્સેસ સક્ષમ કરી શકાય.

IEW 2026 માટે નવી, ઊર્જા આવૃત્તિ થીમ બહુવિધ, પૂરક ઊર્જા માર્ગોની જરૂરિયાતને પ્રકાશિત કરશે જે સંતુલિત અને સ્થિતિસ્થાપક ભાવિ ઉર્જા મિશ્રણનું નિર્માણ કરતી વખતે ઊર્જા વાસ્તવિકતાને પ્રોત્સાહન આપે છે. આ વર્ષે રજૂ કરાયેલ ઊર્જા સમાનતા થીમ, વૈશ્વિક ઉર્જા ઍક્સેસ પડકારને સંબોધે છે, જે લોકો-કેન્દ્રિત સંક્રમણ મોડેલો પર ધ્યાન કેન્દ્રિત કરે છે જે અસમાનતા ઘટાડતી વખતે આરોગ્ય, શિક્ષણ અને આર્થિક તકોમાં સુધારો કરે છે.

આ પરિષદમાં ઊર્જા ડિજિટલ ફ્રન્ટીયર્સ થીમની પણ તપાસ કરવામાં આવે છે, જેમાં ઊર્જા પ્રણાલીઓ અને ડિજિટલ નવીનતાનો સંગમ કેવી રીતે કામગીરીને ફરીથી આકાર આપી રહ્યો છે, પુરવઠા-માંગ વ્યવસ્થાપનમાં વધારો કરી રહ્યો છે અને નવીનીકરણીય અને વૈકલ્પિક ઈંધણના એકીકરણને વેગ આપી રહ્યો છે તેનું અન્વેષણ કરવામાં આવશે.

એનર્જી રેઝિલિયન્સ થીમ ભવિષ્ય માટે તૈયાર ઊર્જા પ્રણાલીઓના નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે જે વિક્ષેપોની અપેક્ષા રાખી શકે છે, ટકી શકે છે અને તેમાંથી પુનઃપ્રાપ્ત થઈ શકે છે, જ્યારે એનર્જી ટ્રાન્ઝિશન થીમ એક સક્ષમ ગ્રીન ઈકોનોમી અને લો-કાર્બન સમાજ સ્થાપિત કરવા માટે જરૂરી નીતિ, નાણાકીય અને તકનીકી સાધનોને સંબોધિત કરે છે.

એનર્જી ઈનોવેશન થીમ સાથે નવીનતા એક કેન્દ્રિય આધારસ્તંભ રહે છે, જે આગામી પેઢીની સ્વચ્છ ટેકનોલોજી અને ડિજિટલ કાર્યક્ષમતા પ્રગતિઓના વિકાસ અને જમાવટની શોધ કરે છે. ૨૦૨૬ માટે બીજો એક નવો ઉમેરો, એનર્જી ઈન્વેસ્ટમેન્ટ થીમ, ઊર્જા સંક્રમણને ભંડોળ પૂરું પાડવા, માળખાગત સુવિધાઓનું આધુનિકીકરણ કરવા અને આબોહવા ટેકનોલોજી રોકાણ અંતરને દૂર કરવા માટે વૈશ્વિક મૂડી એકત્ર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

સિસ્ટમો ફક્ત તેમને ચલાવનારા લોકો જેટલી જ મજબૂત છે તે ઓળખીને, એનર્જી વર્કફોર્સ થીમ ભવિષ્યની ઊર્જા પ્રણાલીઓ માટે પ્રતિભા વિકાસ, કૌશલ્ય પરિવર્તન અને નેતૃત્વ તૈયારીના મહત્વને પ્રકાશિત કરશે. અંતે, એનર્જી લીડરશિપ થીમ વૈશ્વિક ઊર્જા રાજદ્વારીમાં ભારતની વધતી જતી ભૂમિકા અને ગ્લોબલ સાઉથ માટે મુખ્ય સંક્રમણ ભાગીદાર તરીકે તેના ઉદભવને પ્રકાશિત કરશે.

આ થીમ્સને અર્થપૂર્ણ વાતચીતમાં પરિવર્તિત કરવા માટે, વ્યૂહાત્મક પરિષદ કાળજીપૂર્વક પસંદ કરેલા જોડાણ ફોર્મેટ દ્વારા હાથ ધરવામાં આવશે. મંત્રી સ્તરીય સત્ર વૈશ્વિક ઊર્જા બજાર, ઊર્જા સુરક્ષા, નેટ-શૂન્ય લક્ષ્યો અને બદલાતા આંતરરાષ્ટ્રીય ઊર્જા પરિદૃશ્ય પર ચર્ચા કરવા માટે ઊર્જા મંત્રીઓ અને વરિષ્ઠ નીતિ નિર્માતાઓને એકસાથે લાવશે. નેતૃત્વ પેનલ વૈશ્વિક ઉદ્યોગ નેતાઓ અને નિષ્ણાતોને એકસાથે લાવવા માટે રચાયેલ છે જેથી ઝડપથી વધતી ઊર્જા માંગને પહોંચી વળતી વખતે ન્યાયી અને વ્યવસ્થિત ઊર્જા સંક્રમણના માર્ગોની તપાસ કરી શકાય.

નેતૃત્વ સ્પોટલાઈટ સત્ર ભારતની ઊર્જા નેતૃત્વ યાત્રા પર ધ્યાન કેન્દ્રિત કરશે, જેમાં માળખાગત વિકાસ, જળવાયુ ટેકનોલોજી ઈકોસિસ્ટમ અને બજાર-સ્તરની તકો પ્રકાશિત કરવામાં આવશે. ઊર્જા વાટાઘાટો વરિષ્ઠ વૈશ્વિક ઊર્જા નેતાઓ અને અનુભવી મધ્યસ્થીઓ વચ્ચે કેન્દ્રિત, એક-એક વાતચીત પ્રદાન કરશે, જે વ્યૂહાત્મક પ્રાથમિકતાઓ અને નિર્ણય લેવાની સમજ પૂરી પાડશે.

# આબુ ખાતે ગિરીશ ભીમાણીએ કરેલ કૃત્યના સી.સી. ટી.વી. ફૂટેજ મીડિયા સમક્ષ રજુ કરવામાં આવ્યાં

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી: સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ અને ત્યાર બાદ અમરેલી વિદ્યાસભાના કોલેજ વિભાગનાં કેમ્પસ ડાયરેક્ટ તરીકે જોડાયેલા ગિરીશ ભીમાણીના કાળા કરતૂતો અમરેલી એ.બી.વી.પી. દ્વારા જાહેર કરવામાં આવતાં સમગ્ર શૈક્ષિક જગતને કલંકિત કરનારા આ ઈસમ સામે અમરેલી સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં રોષ વ્યાપી જવાં પામેલ છે. ત્યારે આજે અમરેલી ખાતે વિદ્યાસભા સંકુલમાં આવેલ બી.સી.એ. કોલેજ ખાતે અમરેલી એ.બી.વી.પી. દ્વારા "ગિરીશ ભીમાણી હાય હાય, ગિરીશ ભીમાણી મુર્દાબાદ" નારા લગાવી આંદોલન શરૂ કરી દેવામાં આવેલ છે. ત્યારે આજે સવારે અમરેલી એ.બી.વી.પી. દ્વારા એક પ્રેસ કોન્ફરસ પણ કરી હતી. જેમાં આબુ ખાતે ગિરીશ ભીમાણીએ





કરેલ કૃત્યના સી.સી.ટી.વી. ફૂટેજ મીડિયા સમક્ષ રજુ કરવામાં આવ્યાં હતાં.

અમરેલી એ.બી.વી.પી.ના નીતિન નકુમે જણાવ્યું હતું કે, આ પ્રવાસના આયોજન પહેલાં જ ગિરીશ ભીમાણીની મેલી મુરાદ હતી. સાંજે પ્રવાસ અમરેલીથી રવાના થાય તેવું આયોજન કરવામાં આવેલ હતું. પરંતુ આ શખ્સ દ્વારા પ્રવાસ રાત્રે ઉપડે તે માટે થઈને દબાણ કરવામાં આવેલ હતું.

ત્યાર બાદ આ ગિરીશ ભીમાણી આ કોલેજનાં પ્રવાસ પાછળ પાછળ આબુ પહોંચી જઈ અને આ પ્રવાસમાં ગયેલી વિદ્યાર્થીનીઓ એક ઠંડા પીણાની દુકાને તથા આઈસ્ક્રીમ પાર્લરમાં ગઈ હતી. ત્યારે આ શખ્સ દ્વારા જાહેરમાં વિદ્યાર્થીનીઓની છેડતી કરી હતી. ત્યારે અમરેલી એ.બી.વી.પી. દ્વારા આ ઘટનાંના સી.સી.ટી.વી. ફૂટેજ પણ મેળવી લઈ મીડિયા સમક્ષ જાહેર કર્યાં હતાં.

આ ઘટનાં બાદ આ પ્રવાસ અમરેલી પહોંચતાં અમરેલી એ.બી.વી.પી.ના કાર્યકરો દ્વારા આ ઘટના અંગે વિદ્યાસભા દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવવા માંગણી કરતાં આ વિદ્યાસભાના એક ટ્રસ્ટી દ્વારા મામલાને રફેદફે કરવાં માત્ર ગિરીશ ભીમાણીને સેવા મુક્ત કરી દેવામાં આવ્યાં હતાં.

બાદમાં એ.બી.વી.પી.ના કાર્યકરો વિદ્યાર્થીનીઓ સાથે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં આધાર પુરાવા સાથે ફરિયાદ કરવાં માટે થઈ પોલીસ સ્ટેશન ખાતે પહોંચ્યાં હતાં. પણ ત્યાં પણ આ બનવાની ફરિયાદ કે ગિરીશ ભીમાણી વિરૂધ્ધ અરજી લેવાની ફરજ પરના પોલીસ કર્મીએ ના પાડી દેવામાં આવી હતી. તેવો પણ આક્ષેપ કરાયો છે.

ત્યારે આજે અમરેલી એ.બી.વી.પી. દ્વારા એવી માંગ કરવામાં આવેલ છે, આ બનાવમાં શરૂઆતથીજ આ ગિરીશ ભીમાણીના મામલાને રફેદફે કરવાં માટે ભુંડી ભૂમિકા ભજવનાર તથા આ ફરિયાદ અથવા તો અરજી નહીં લેનાર જવાબદાર પોલીસ કર્મી સામે પોલીસ અધિક્ષકના વડપણ હેઠળ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરી અને તપાસ હાથ ધરવા અને આ બનાવમાં આરોપીને છાવરવાનો પ્રયાસ કરનાર સામે પગલાં ભરવા પણ અંતમાં અમરેલી એ.બી.વી.પી.ના કાર્યકરોએ માંગણી કરેલ છે.

# ગીર જંગલની વચ્ચે પ્રાંચી રોડ સ્ટેશને વિદ્યાર્થીઓ દ્વારા ટ્રેન રોકો આંદોલન

તાલાલા ગીર: તાલાલા પંથકની જીવાદોરી સમાન ચાર ટ્રેનો બંધ કરવાનાં નિર્ણયના વિરોધમાં ગીરના જંગલની વચ્ચે આવેલ પ્રાંચી રોડ (જંકશન) રેલ્વે સ્ટેશન ઉપર વિદ્યાર્થીઓએ દેલવાડાથી તાલાલા આવતી પેસેન્જર ટ્રેનને અડધો કલાક સુધી રોકી રેલવે બાબુઓના મનસ્વી નિર્ણય સામે રોષ પ્રગટ કર્યો હતો.જૂનાગઢ-દેલવાડા ટ્રેન બંધ થવાથી ગ્રામીણ વિસ્તારમાંથી અભ્યાસ માટે અપડાઉન કરતા ૫૦ થી વધુ વિદ્યાર્થીઓ તથા આરોગ્ય સેવા અને સરકારી કામકાજ માટે જતી તાલાલા સહિત ત્રણ તાલુકાની મુસાફર જનતાની પરિવહન સેવા ઝુંટવાઈ જશે. આ ટ્રેન બંધ કરવાનો રેલ્વે બાબુઓ દ્વારા લેવાયેલ નિર્ણય સરમુખત્યાર અને પ્રજા વિરોધી છે. તાલાલા પંથકની જીવાદોરી સમાન ચાર ટ્રેનો બંધ કરવાનાં નિર્ણયના વિરોધમાં ગીરના જંગલની વચ્ચે આવેલ પ્રાંચી રોડ (જંકશન) રેલ્વે સ્ટેશન ઉપર વિદ્યાર્થીઓએ દેલવાડાથી તાલાલા આવતી પેસેન્જર ટ્રેનને અડધો કલાક સુધી રોકી રેલવે બાબુઓના મનસ્વી



નિર્ણય સામે રોષ પ્રગટ કર્યો હતો. આ અંગે પ્રાંચી રોડ રેલવે સ્ટેશન અધિકારી આવેદનપત્ર પાઠવી ટ્રેનો બંધ કરવાનો નિર્ણય રદ કરી બધી જ ટ્રેનો વર્તમાન સમય પત્રક પ્રમાણે ચલાવવા આવેદનપત્રમાં માંગણી કરવામાં આવી છે. જાવંત્રી ગીર ગામના સરપંચ બ્લોચે જણાવ્યું હતું કે આ નિર્ણયનાં વિરોધમાં કાલે શનિવારે પણ પ્રાંચી રોડ રેલ્વે સ્ટેશન ઉપરથી પસાર થતી ટ્રેનોને રોકવામાં આવશે.

જૂનાગઢ-દેલવાડા-જૂનાગઢ તથા જૂનાગઢ-વેરાવળ-જૂનાગઢ મીટરગેજ ચાર પેસેન્જર ટ્રેનો તા. ૧૯મીથી બંધ કરવાના નિર્ણય તાલાલા પંથકના ૪૫ ગામની પ્રજા માટે ભારે અન્યાયકારક છે. આ વિસ્તારની છેવાડાની ગરીબ અને પછાત પ્રજા માટે આ ટ્રેનો સસ્તી પરિવહન સેવા આપતી હોય ટ્રેનો બંધ થવાથી નાના પરિવારો દયાજનક સ્થિતિમાં મુકાઈ જશે. રેલ્વે વિભાગે કરેલ આ નિર્ણયની તુરંત પુન: વિચારણા કરવા તાલાલા રેલવે સલાહકાર સમિતિના સભ્ય ચારીયાએ સોરઠના સાંસદ સમક્ષ રજૂઆત કરાઈ છે.

# અમરેલીની અગણિત સમસ્યા: વિકાસની પતંગ હવામાં, વિવિધ પરેશાની જમીન ઉપર

## શહેરમાં ઠેકઠેકાણે ગંદકી, બંધ સ્ટ્રીટલાઈટ, વિકરાળ ટ્રાફિક સમસ્યા અને ઠેકઠેકાણે કેબિનો અને રેંકડિઓનું દબાણ

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી: એક તરફ મકરસંક્રાંતિ પર્વે સત્તા પક્ષનાં આગેવાનોએ આકાશમાં પતંગ ચગાવતી વેળા એવું જણાવ?યું કે,વિકાસનો પતંગ આસમાન બાજુ જઈ રહ્યો છે અને આગામી તમામ ચૂંટણીમાં સત્તા પક્ષનો પતંગ જ ઊંચે જવાનો છે. તેવા જ સમયે વિનાશની પરેશાની જમીન ઉપર ઉભી થયેલી જોવા મળી રહી છે.

અમરેલી એ જિલ્લાનું મુખ્ય મથક છે. શહેરની જન સંખ્યાનો આંક દોઢ લાખને વટાવી ચુકયો છે. શહેરીજનોએ દર વર્ષે





પાલિકાથી લઈને પાર્લામેન્ટની તિજોરીમાં પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે કરવેરા રૂપે કરોડો રૂપિયા જમા કરાવે અને બદલામાં શહેરીજનોને સ્વચ્છતા, ઉજાસ, ખુલ્લા માર્ગો, ઢોરમુકત અવરજવર સહિતની સુરક્ષા મળવી જોઈએ અને તેની જવાબદારી સુધરાઈ સભ્યથી લઈને સંસદસભ્યની હોય છે.

પરંતુ, અમરેલીમાં ઠેકઠેકાણે ગંદકી, બિસ્માર માર્ગો, ખુલ્લી ગટરો, ફૂટપાથ અને જાહેર માર્ગો ઉપર કેબિનો, રેંકડીઓનું દબાણ, આડેધડ વાહનોનું પાર્કિંગ અને સૌથી મોટી સમસ?યા રખડતા પશુઓની છે. શહેરનાં અનેક રહેણાંક વિસ?તાર ઢોરવાડામાં છે કે ઢોરવાડા રહેણાંક વિસ્તારમાં છે તે સમજી શકાતુ નથી. શહેરનાં ક્રીમ વિસ્તાર પૈકીનાં શિવપાર્ક અને યુમના પાર્ક વિસ્તારમાં રખડતા ઢોર, ગંદકી અને સ્ટ્રીટલાઈટનો અભાવ જેવી ત્રિવેણી સમસ્યાનો સંગમ જોવા મળી રહ્યો છે. અવારનવાર પાલિકાનાં શાસકોને રજૂઆત કરવા છતાં પણ કોઈ જ પરિણામ મળતું ન હોય સત્તાપક્ષનાં ટોચનાં આગેવાનોએ સમસ્યાનું નિરાકરણ કરવું જોઈએ તેવું લાગી રહ્યું છે.

# લીલીયામાં પત્રકારોને વેચાણીયા અને નેતાઓને નમાલા કહેતા બોર્ડને લઈ પત્રકારોએ પોલીસને આવેદનપત્ર પાઠવ્યું

## લીલીયા પોલીસ સ્ટેશનના પી.આઈ.ને મળી કડકમાં કડક કાર્યવાહી કરવા રજૂઆત

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી: લીલીયા શહેરની મેઈન બજારમાં જાહેર બોર્ડ પર કોઈ અજાણ્યા ઈસમ દ્વારા પત્રકારો અને નેતાઓ વિશે અશોભનીય ભાષામાં પત્રકારોને બદનામ કરવાના હેતુસર જાણી જોઈને અપમાનજનક લખાણ કરેલ બોર્ડ જાહેર જગ્યા પર મૂકવામાં આવેલ હોય જે બોર્ડની પોસ્ટ સોશ્યલ મીડિયાના માધ્યમથી વાયરલ થતા લીલીયાના પત્રકારોમાં ખૂબ નિરાશા સાથે પત્રકારોમાં વ્યાપક રોષ જોવા મળેલ હતો.

ત્યારે આવા જાહેર સ્થળ પર લખવામાં આવેલ આ બોર્ડના લખાણમાં નમાલા કાર્યકર્તાઓ તથા વેચાણીયા પત્રકારો જેવી અશોભનિય અને



અપમાનજનક ભાષાનો ઉપયોગ કરવામાં આવતા પત્રકાર સમુદાયની લાગણીને ગંભીર ઠેસ પહોંચી છે. લીલીયાના પત્રકારો હંમેશા લીલીયાની જનતાનો અવાજ બની અને સરકાર સુધી અખબારી અહેવાલો લખી રજૂઆત કરતા હોય છે. ત્યારે વેચાણીયા પત્રકારો તરીકે બોર્ડ લખનાર ઈસમો સામે કાયદેસર અને કડક માં કડક પગલાં ભરવા જોઈ તેવી માંગ સાથે લીલીયા પોલીસ સ્ટેશનના પી.આઈ એમ.ડી સાળુંકેને મળી આવેદનપત્ર આપવામાં આવેલ હતું. આવા ઈસમો સામે ધોરણસર કાર્યવાહી કરવાની પણ આવેદનપત્રમાં માંગ કરવામાં આવેલ છે.

લીલીયાના પત્રકારો લોકોની વેદનાને કાયમી વાંચા આપવા માટે પોતાના ધંધા રોજગાર છોડી અને લોક સમસ્યા સરકાર સુધી અથવા જે તે વિભાગ સુધી પહોંચે તેવા પ્રયત્નો કરતા હોય. ત્યારે પત્રકારોનું મનોબળ ભાંગવા જેવી વાતો જાહેર બોર્ડ પર લખાતા લીલીયાના પત્રકારોનું મોરલ ડાઉન કરનાર કોઈપણ વ્યક્તિ હોય તેમની સામે કડક કાર્યવાહી થવી જોઈએ તેવી તમામ પત્રકારરોએ પોલીસ પાસે અપેક્ષા રાખેલ છે. આ તકે લીલીયાના સ્થાનિક પત્રકાર મનોજભાઈ જોષી, હાર્દિક દવે, મહેશભાઈ દવે, દીપક ભટ્ટ, અનિલ વાળા, એસ.કે.સૈયદ, ભરતભાઈ વિંઝુડા, અજય વિરાણી, ઈમરાન પઠાણ સહિતના સ્થાનિક પત્રકારો ઉપસ્થિત રહેલ હતાં.

# રાજુલામાં વિદ્યાર્થિની સાથે છરીની અણીએ વારંવાર દુષ્કર્મ આચર્યુ



અમરેલી:રાજુલામાં ૨૫ વર્ષિય વિદ્યાર્થીની સાથે એક શખ્સે છરીની અણીએ વારંવાર દુષ્કર્મ આચર્યુ હતું. તેમજ બિભત્સ ફોટા પણ વાયરલ કર્યા હતા. આ ઉપરાંત ૮૦ હજાર પડાવી લીધા બાદ પણ વધુ ૨૦ લાખની માંગણી કરી હતી. આ અંગ રાજુલા પોલીસ મથકમાં ગુનો નોંધાતા ચકચાર મસી હતી.

રાજુલાની ૨૫ વર્ષિય વિદ્યાર્થીનીએ અહીંના રાકેશ લાખાભાઈ કાતરીયા સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે રાકેશે વિદ્યાર્થીનીને સોશ્યલ મીડિયામાં ફોલો કરી તેની માહિતી મેળવી લીધી હતી. તેમજ વિદ્યાર્થીની રાજકોટ ખાતે અભ્યાસ કરી ૨૦૨૧માં રાજુલા પરત આવી હતી.તે દરમિયાન રાકેશે વિદ્યાર્થીનીને ઘરે લઈ જઈ તેને છરી બતાવી દુષ્કર્મ આચર્યુ હતું. તેમજ મુંઢ માર માર્યો હતો. આ ઉપરાંત રાજકોટમાં કોલેજ કાળ દરમિયાન પણ વિદ્યાર્થીનેને એક હોટલમાં લઈ જઈ દુષ્કર્મ આચર્યુ હતું.આ ઉપરાંત બિભત્સ ફોટા વાયરલ કરવાની ધમકી આપી વારંવાર દુષ્કર્મ આચર્યુ હતું. તેમજ બિભત્સ ફોટા વાયરલ કરવાની ધમકી આપી રૂપિયા ૮૦,૦૦૦ મેળવી લીધા હતા. ત્યારબાદ પણ વધુ ૨૦ લાખની માંગણી કરી હતી. તેમજ સોશ્યલ મીડિયામાં વિદ્યાર્થીનીના બિભત્સ ફોટા વાયરલ કર્યા હતા.આ અંગે રાકેશ કાતરીયા સામે ગુનો નોંધાતા રાજુલા પોલીસ સ્ટેશનના પીઆઈ વી.એમ.કોલાદરા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# મા-બાપથી વિખુટા પડેલા બાળકનું માતા પિતા સાથે મિલન કરાવતી લીલીયા પોલીસ

અમરેલી: અમરેલી જિલ્લાના લીલીયા વિસ્તારમાં એક સાત વર્ષનું બાળક પોતાના માતા પિતા સાથે લીલીયા ગામે આવેલ હતું. જે કોઈ કારણોસર આ બાળક પોતાના માતા પિતાથી લીલીયામાં વિખૂટું પડી ગયેલ હતું.

આ વિખુટા પડેલાં બાળક અંગે લીલીયા પોલીસને જાણકારી મળતાં સ્થાનિક પોલીસે બાળકને શોધી કાઢેલ ત્યારે કોઈ કારણોસર આ બાળકના માથાના ભાગે ઈજા થયેલ હોવાથી પ્રથમ સ્થાનિક લીલીયા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એમ.ડી.સાલૂંકેની સુચનાથી સર્વલેન્સ ટીમના ઈન્ચાર્જ ભુજબલદાન ગઢવી તથા હોમગાર્ડ



સુરેશ કુકવાએ આ બાળકને સારવાર માટે હોસ્પિટલ ખાતે લઈ જઈ સારવાર કરાવી હતી.

બાદમાં આ બાળક પાસેથી તેમનાં માતા પીતાંનું નામ અને સરનામું જાણેલ હતું. અને બાદમાં લીલીયા નજીક આવેલ ગોઢાવદર ગામે બાળકના પિતા વિનુભાઈ વશરામભાઈ ભુવાના ખેતર રહેતા હોય ત્યાં પોલીસે રૂબરૂ બાળકને ગોઢાવદર ગામની સીમમાં જઈ તેમનાં પીતાં સાથે સુખદ મિલન કરાવતા થોડીવાર માટે વાતાવરણ ભાવુક બની ગયેલ હતું. અને બાળકના માતા પિતા દ્વારા લીલીયા પોલીસનો આભાર પણ માનવામાં આવેલ હતો.

## ખાણ ખનીજ વિભાગ દ્વારા કાર્યવાહી

# ગોખરવાળા નજીક શેત્રુંજી નદીમાંથી ૩ લોડર, ૨ ડમ્પરમાં રેતી ચોરી ઝડપાઈ

અમરેલી: અમરેલીના ગોખરવાળા નજીક શેત્રુંજી નદીના પુલ પાસે નદીના પટ્ટમાં રેતી ચોરી કરતા તત્વો સામે ખાણ ખનીજ વિભાગે કાર્યવાહી હાથ ધરી હતી. અહીં ખાણ ખનીજ વિભાગની ટીમે ૩ લોડર અને ૨ ડમ્પર મળી કુલ ૪૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.અમરેલીમાં રોયલટી ઈન્સ્પેકટર કે.એમ. સોલંકીએ જણાવ્યું હતું કે જિલ્લા કલેકટર અને ભૂસ્તરશાસ્ત્રીની સૂચનાથી ખાણ ખનીજ વિભાગની ટીમે રાત્રીના સમયે ગોખરવાળા નજીક શેત્રુંજી નદીના પટ્ટમાં રેઈડ કરી હતી.અહીં ગેરકાયદેસર રીતે રેતી ચોરી કરનાર સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અહીથી ખાણ ખનીજ વિભાગની ટીમે ૩ લોડર અને ૨ ડમ્પરમાં રેતી ચોરી ઝડપી લીધી હતી.ખાણ ખનીજ વિભાગની ટીમે લોડર અને ડમ્પર મળી ૪૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. તેમજ આગળની દંડાત્મક કાર્યવાહી શરૂ કરી હતી. અમરેલી જિલ્લામાં અત્યાર સુધીમાં ખાણ ખનીજ વિભાગે ૪૫૪ કેસમાં ૩.૪૨ કરોડનો દંડ ફટકારવામાં આવ્યો છે.

# માર્કેટયાર્ડ સાવરકુંડલામાં નવા ધાણાની આવક

## મુહુર્તના રૂા. ૨૦૨૬ મણના ભાવે ધાણા ખરીદાયા

અમરેલી: સાવરકુંડલા માર્કેટયાર્ડમાં સિઝનના નવા ધાણા ધજડી ગામના ખેડુત ગોરધનભાઈ ધનજીભાઈ દેવાણીએ મહેતા ભરતકુમાર દલીચંદના કમીશનમાં વેચવા માટે આવેલ હતાં. સિઝનના નવા ધાણાની આવકના આજે શ્રીગણેશ થયેલ હોય, જેનું ચેરમેન દિપકભાઈ માલાણીના વરદ હસ્તે વિઘીસર પુજન કરી શ્રીફળ વધેરીને ખેડુતો તથા વેપારીઓનું મો મીઠુ કરાવીને



હરરાજીની શુભ શરૂઆત કરવામાં આવી હતી. અને ખરીદનાર વેપારીઓ તેમજ યાર્ડના સ્ટાફગણ અને ડીરેકટરઓની ઉપસ્થિતીમાં ખરીદનાર વેપારીઓમાં મુહુર્તના ધાણા ખરીદવા માટે બોલીઓ બોલવામાં આવતા વેપારી પેઢી રુદ્ર એન્ટરપ્રાઈજ દ્વારા રૂા.૨૦૨૬ ની ઊચી બોલી બોલીને ધાણા ખરીદ કરેલ હતી. જેથી મુહુર્તના સારા ભાવ બોલાતા ખેડુતોમાં પણ ખુશીનો માહોલ છવાયો હતો.

# જાફરાબાદના બાબરકોટમાં પૈસાની લેતી દેતી મુદ્દે બે પક્ષ વચ્ચે મારામારી

અમરેલી:જાફરાબાદના બાબરકોટમાં પૈસાની લેતી દેતી મુદ્દે બે પક્ષ વચ્ચે મારામારી થઈ હતી. જેના કારણે બંને પક્ષે સામસામે ૧૩ લોકો સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

જાફરાબાદના બાબરકોટમાં રહેતા કમુબેન કનુ મકવાણા (ઉ.વ.૪૦)એ કિશોર હરિભાઈ સાંખટ, દિપક પુનાભાઈ મકવાણા, સંતોષ બાબુભાઈ સાંખટ અને બાબુ પુનાભાઈ સાંખટ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ૧૪ જાન્યુઆરીના રોજ ચારેય શખ્સોએ તેના ઘરે પ્રવેશ પતંગ ચગાવવા આવ્યા હતા.

તેને પતંગ ચગાવવાની ના પાડતા કિશોર અને દિપક ઉશ્કેરાયા હતા અને અપશબ્દો બોલી ઘરેથી નિકળી ગયા હતા.ત્યારબાદ બંને ફરી ઘર પાસે



આવી તેના દિકરા ગોપાલ, દિકરી સુમીતાને ઢીકાપાટુનો માર માર્યો હતો. તેમજ સંતોષ સાંખટ અને બાબુ સાંખટે કમુબેન તથા જગાભાઈને ઢીકાપાટુનો માર મારી અને મારી નાખવાની ધમકી આપી હતી.જ્યારે સંતોષ બાબુભાઈ સાંખટ (ઉ.વ.૨૨)એ હરેશ ડાયાભાઈ મકવાણા, લાલા હમીરભાઈ મકવાણા, નવલ બુધાભાઈ મકવાણા, કાળુ નાજાભાઈ મકવાણા, નવલ ડાયાભાઈ મકવાણા તથા મીતીયાળાના ચાર શખ્સો સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેના મોટા બાપુના દિકરા કિશોર સાથે તમામને પૈસાની લેતી-દેતી બાબતે માથાકુટ થઈ હતી.

જેનું મનદુ:ખ રાખી હરેશ મકવાણા અને લાલા મકવાણાએ સંતોષ સાંખટ અને કમુબેનને માથામાં લાકડીના ઘા ઝીંકી દીધા હતા.તેમજ નવલ મકવાણા, કાળુ મકવાણા અને નવલ મકવાણાએ તેની સાથે ઝપાઝપી કરી મારી નાખવાની ધમકી આપી હતી. આ ઉપરાંત મિતીયાળાના ચાર શખ્સો ઘરે ધસી આવ્યા હતા અને તેના પરિવારના સભ્યોના ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપી હતી.બંને પક્ષે સામસામે જાફરાબાદ મરીન પોલીસમાં ફરિયાદ નોંધાતા હેડ કોન્સ્ટેબલ એ.આર.ઝાલા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# પ્રજા પરેશાન:સાવરકુંડલા પાલિકામાં અધિકારી બદલાયા અને નિયમો પણ બદલાયા!

સાવરકુંડલા: સાવરકુંડલા નગરપાલિકા અને મામલતદાર કચેરી વચ્ચે સામાન્ય જનતા, શહેરીજનો અને ખાસ કરીને પછાત વિસ્તારમાં રહેતા લોકો ફૂટબોલની જેમ ફંગોળાઈ રહ્યા છે. સાવરકુંડલા ભાજપ શાસિત નગરપાલિકા તંત્ર દ્વારા આવા પ્રશ્નનો વહેલી તકે નિકાલ લાવવામાં આવે તેવી સાવરકુંડલા નગરપાલિકાના ભાજપના સદસ્ય ધર્મેન્દ્રભાઈ મહેતાએ માંગ કરી છે.સાવરકુંડલા નગરપાલિકામાં નવા ચીફ ઓફિસરના આગમન સાથે જ નિયમોમાં ફેરફાર કરીને આવકના દાખલા આપવાનું બંધ કરી દેવામાં આવ્યું છે.અધિકારીઓના આ મનસ્વી નિર્ણયને કારણે શહેરની જનતા, વિધવા બહેનો અને જરૂરિયાતમંદ દર્દીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા છે.આ ગંભીર મુદ્દે નગરપાલિકાના સદસ્ય ધર્મેન્દ્ર મહેતાએ મેદાને આવી તંત્ર સામે ઉગ્ર રજૂઆત કરી છે.વધુમા નગરપાલિકા સદસ્ય ધર્મેન્દ્ર મહેતાએ જણાવ્યું હતું કે ચીફ ઓફિસર બદલાતા જ વર્ષોથી ચાલતી આવકના દાખલાની પ્રક્રિયા અચાનક બંધ કરી દેવી તે ગેરવાજબી છે.અરજદારો જ્યારે મામલતદાર કચેરીએ જાય છે ત્યારે ત્યાં નગરપાલિકાનો દાખલો પહેલાં માંગવામાં આવે છે.પાલિકા અને મામલતદાર કચેરી વચ્ચે સામાન્ય જનતા અને ખાસ કરીને પછાત વિસ્તારમાં રહેતા લોકો ફૂટબોલની જેમ ફંગોળાઈ રહ્યા છે.વિધવા બહેનોને સરકારી પેન્શન અને યોજનાઓના ફોર્મ ભરવા માટે આવકના દાખલા વગેર અરજી થઈ શકતી નથી. તથા દર્દીઓને ગંભીર બીમારીમાં આયુષ્માન કાર્ડ કે અન્ય સરકારી સહાય મેળવવા માટે આવકનો દાખલો પાયાની જરૂરિયાત છે.વિદ્યાર્થીઓ અને શ્રમિકોને પણ વિવિધ દાખલાઓ મેળવવામાં વિલંબ થતા અનેક સરકારી યોજનાઓના લાભથી તેઓ વંચિત રહી રહ્યા છે ત્યારે તંત્ર દ્વારા આ પ્રશ્નનો વહેલી તકે નિકાલ લાવવામાં આવે તેવી તેમણે માંગ છે.